અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ મે ૨૦૨૪, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ વદ ૭
વર્ષ : ૧૫
અંક : ૨૯૯
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાન મોદીએ નવીન પટનાયક પર કટાક્ષ

### ઓડિશાના મયુરભંજમાં એક જનસભાને સંબોધિત કરતા મોદીએ રાજ્યની BJD સરકાર અને મુખ્યમંત્રી નવીન પટનાયક પર જોરદાર પ્રહારો કર્યા હતા

# નવીન બાબુની તબિયત અચાનક કેવી રીતે બગડી ? કોઈ ષડયંત્રનો ભાગ તો નથી ને : પીએમ મોદી

**। (એજન્સી) મયુરભંજ, તા.૨૯ ।**

ઓડિશાના મયુરભંજમાં એક જનસભાને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યની ભ્રષ્ટ સરકાર અને મુખ્યમંત્રી નવીન પટનાયક પર જોરદાર પ્રહારો કર્યા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, 'આ ચૂંટણીમાં દેશની સાથે-સાથે ઓડિશાનું ભવિષ્ય પણ નક્કી થશે.' આ દરમિયાન પીએમ મોદીએ પણ જાહેરાત કરી હતી કે, 'ઓડિશામાં બીજેપીના CM બનવું નિશ્ચિત છે.' તેમણે રેલીમાં તારીખ પણ જણાવી કે, ઓડિશામાં બીજેપીના ઝસ ૧૦ જૂને શપથ લેવાના છે. આ દરમિયાન તેમણે મુખ્યમંત્રી નવીન પટનાયક પર પણ કટાક્ષ કર્યો કે, છેલ્લા એક વર્ષમાં તેમની તબિયત અચાનક કેવી રીતે બગડી? નવીન બાબુની તબિયત કોઈ ષડયંત્રનો ભાગ તો નથી ને? જો અમારી સરકાર બની તો ઓડિશાના સીએમની તબિયત કેમ બગડી રહી છે, તેના માટે અમે વિશેષ સમિતિ બનાવીને તેની તપાસ કરાવીશું. હકીકતમાં, એક દિવસ પહેલા જ નવીન પટનાયકનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તેનો એક હાથ ધ્રૂજતો જોવા મળ્યો હતો. આ વીડિયો બહાર આવ્યા બાદ તેના સ્વાસ્થ્યને લઈને અટકળો શરૂ થઈ ગઈ હતી.

ત્યારે ઓડિશાના મયુરભંજમાં એક રેલીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, અહીંના લોકોએ ૨૫ વર્ષ સુધી બીજુ જનતા દલ (BJD) પર વિશ્વાસ કર્યો, પરંતુ આ પાર્ટીની સરકારે લોકોના વિશ્વાસ સાથે દગો કર્યો. બીજેડી સરકારે આદિવાસીઓની જમીન હડપ કરી છે અને અહીંના કુદરતી સંસાધનોને લૂંટી લીધા છે. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ બીજેડી સરકાર પર આદિવાસીઓની જમીન હડપ કરવાનું ષડયંત્ર રચવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, બીજેડી સરકારે આદિવાસીઓની જમીન હડપ કરવા માટે કાયદો લાવ્યો પરંતુ જ્યારે ભાજપે દબાણ કર્યું તો તે કાયદો પાછો ખેંચવો પડ્યો. વડાપ્રધાને નિશાન સાધ્યું કે, જો તેમને ફરીથી સરકાર ચલાવવાની તક મળશે તો તેઓ ફરી એકવાર આદિવાસીઓની જમીન હડપ કરવાનું ષડયંત્ર રચશે. વડાપ્રધાન મોદી કહ્યું કે, જેણે પણ અહીંના સંસાધનોને લૂંટ્યા છે તેને પરત કરવા પડશે, લૂંટનો માલ ગમે ત્યાં છુપાવે છે, મોદી એક એક પૈસો કાઢી લેશે. લૂંટારાઓ જેલમાં જશે. જનતા સાથે દગો કરનારાઓ પ્રત્યે કોઈ સહાનુભૂતિ રાખવામાં આવશે નહીં. વડાપ્રધાને અહીં ફરી એકવાર રત્ન ભંડારની ચાવીઓનો મુદ્દો ઉઠાવ્યો અને પટનાયક સરકારને પણ ઘેરી લીધી હતી. તેમણે કહ્યું હતું કે, આખો દેશ જાણવા માંગે છે કે રત્ન ભંડારની ચાવીઓ ક્યાં ગઈ? તપાસ રિપોર્ટમાં કોનું નામ છે? આ સાથે તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, બીજેડી સરકાર જે પણ છુપાવી રહી છે, અમારી સરકાર તેને જાહેર કરશે.વડાપ્રધાન મોદીએ અહીં કહ્યું કે, કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે દેશમાં ક્યારેય મફત સારવાર અને અનાજ મળી શકશે. આ માત્ર ટ્રેલર છે, આવનારા પાંચ વર્ષમાં ઘણી વધુ સુવિધાઓ ઉપલબ્ધ થશે. જે વિકાસ દાયકાઓમાં દેખાતો ન હતો તે માત્ર એક દાયકામાં દેખાઈ ગયો છે. ૨૦૧૪માં આપણે વિશ્વની ૧૧મી સૌથી મોટી અર્થવ્યવસ્થા હતી. પરંતુ આજે તે ૫મી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. વડાપ્રધાન મોદીએ બુધવારે સવારે પશ્ચિમ બંગાળના મથુરાપુરમાં સ્ઝ પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ટીએમસી પશ્ચિમ બંગાળની ઓળખને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે. બંગાળના મઠો અને સંતોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ટીએમસી સમર્થકો ધાર્મિક સંસ્થાઓ અને આશ્રમો પર હુમલા કરી રહ્યા છે. ટીએમસી અને INDI ગઠબંધનથી બંગાળમાં વિકાસ અટકી ગયો છે.

## ન્યૂઝ બ્રિફ

### શ્રમિકોને બપોરે ૧૨ થી 3 સુધી રજા આપવાનો નિર્દેશ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર (LG) VK સક્સેનાએ દેશના મોટાભાગના મેદાની વિસ્તારોમાં આકરી ગરમી વચ્ચે મોટો નિર્ણય લીધો છે. એલજીએ નિર્દેશ આપ્યો છે કે આ કાળઝાળ ગરમીમાં શ્રમિકોને બપોરે ૧૨ વાગ્યાથી ૩ વાગ્યા સુધી કામમાં રાહત આપવામાં આવે. ઉપરાંત, શ્રમિકોને આપવામાં આવેલી આ રાહતના બદલામાં કોઈ તેમના પગારમાં કાપ કરી શકશે નહીં. દિલ્હીના એલજી વીકે સક્સેનાની સૂચના અનુસાર શ્રમિકોએ બપોરે ૧૨ થી ૩ વાગ્યા સુધી પગાર કપાત વગર રજા મળશે.

### ગૌતમ ગંભીર ક્રિકેટ ટીમના નવા મુખ્ય કોચ હોઈ શકે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

રાહુલ દ્રવિડનો ભારતીય ટીમના કોચ તરીકેનો કાર્યકાળ પૂર્ણ થઈ ગયો છે. તેથી હવે નવા કોચ કોણ બનશે તે અંગે અટકળોનો દોર ચાલુ થઈ ગયો છે . એવામાં ક્રિકેટ કંટ્રોલ બોર્ડ તરફથી અરજીઓ માંગવામાં આવી હતી. અરજીઓ જોયા બાદ ભારતીય ક્રિકેટ ટીમના નવા મુખ્ય કોચ કોણ હશે, તેના પર ટૂંક સમયમાં જાહેરાત થઈ જશે.

### બિહારમાં ગરમીનું તાપમાન ૪૦ ડિગ્રીને પાર

# બિહારમાં કાળઝાળ ગરમીને કારણે ૪૮ જેટલી વિદ્યાર્થીની બેભાન થઈ

**। (એજન્સી) પટણા, તા.૨૯ ।**

બિહારમાં ભીષણ ગરમીને પગલે શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ બેભાન થવાનો કિસ્સો સામે આવ્યો છે.જેમાં શેખપુરા અને બેગૂસરાયમાં ૪૮ વિદ્યાર્થીનીઓ બેહોશ થઈ ગઈ હતી. જે વિદ્યાર્થીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી હતી. વાત કરવામાં આવે તો રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને બિહાર પણ આકરી ગરમીની ઝપેટમાં છે. દેશભરમાં આકરી ગરમી યથાવત છે. મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાઈ રહ્યું છે. દિલ્હીમાં મહત્તમ તાપમાન ૫૦ ડિગ્રી (૪૯.૯ ડિગ્રી)

ની નજીક પહોંચી ગયું છે. તેણે છેલ્લા ૧૦૦ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ ઉપરાંત રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને બિહાર પણ આકરી ગરમીની ઝપેટમાં છે. ઘણા રાજ્યોની શાળાઓમાં ઉનાળાની રજાઓ છે પરંતુ બિહારમાં હજુ સ્કૂલોમાં અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. બુધવારના રોજ બિહારના બેગુસરાયની શાળાઓમાં કાળઝાળ ગરમીના કારણે વિદ્યાર્થિનીઓ બેહોશ થઈ રહી છે.

શેખપુરાની એક શાળામાં ગરમીના કારણે ૨૪ વિદ્યાર્થિનીઓ બેભાન થઈ ગઈ હતી. શેખપુરાની એક શાળામાં કાળઝાળ ગરમીના કારણે વિદ્યાર્થિનીઓની તબિયત એટલી લથડી હતી કે તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી. કાળઝાળ ગરમીને કારણે શેખપુરા જિલ્લાના અરિયરી બ્લોક હેઠળ મનકૌલ મધ્ય વિદ્યાલય સહિત ઘણી શાળાઓમાં વિદ્યાર્થીનીઓ બેહોશ થઈ ગઈ. ગરમીના કારણે કેટલીક વિદ્યાર્થિનીઓ પ્રાર્થના દરમિયાન અને કેટલીક વર્ગખંડમાં બેહોશ થઈ ગઈ હતી.

### ચાંદી એક લાખની સપાટી ક્રોસ કરે તેવી શક્યતા

# ચાંદી રેકોર્ડ તેજી સાથે આજે ભાવ ઓલટાઈમ હાઈ

**। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।**

સોના કરતાં ચાંદીમાં રેકોર્ડ તેજીનો દોર જારી રહ્યો છે. વૈશ્વિક બજારોની સથવારે આજે સ્થાનીય બજારમાં ચાંદી રૂ. ૯૪૦૦૦ પ્રતિ કિગ્રાની સર્વોચ્ચ ટોચે પહોંચી છે. અમદાવાદ હાજર બજારમાં સોનાની કિંમત આજે નજીવી રૂ. ૨૦૦ વધી રૂ. ૭૪૭૫૦ પ્રતિ ૧૦ ગ્રામ નોંધાઈ છે. જ્યારે ચાંદીમાં રૂ.૧૦૦૦નો ઉછાળો નોંધાઈ ભાવ કિગ્રાદીઠ રૂ. ૯૪૦૦૦ની ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે. અગાઉ ૨૨ મેના રોજ રૂ. ૯૩૦૦૦ની ટોચ નોંધાવી હતી. અમદાવાદ ચોક્સી મહાજનના હેમંત સથવારાના જણાવ્યા પ્રમાણે, સ્થાનિક બજારોમાં રોજ નવા રેકોર્ડ ભાવના કારણે ઘરાકી મંદ રહી છે. પરંતુ વૈશ્વિક સ્તરે સંસ્થાકીય રોકાણકારોની ખરીદીમાં વૃદ્ધિના કારણે સોના-ચાંદીના ભાવ સતત વધી રહ્યા છે. જો ફેડ દ્વારા વ્યાજદરોમાં ઘટાડો કરવાની શક્યતા પ્રબળ બને તો આગામી થોડા મહિનામાં ચાંદી રૂ. ૧ લાખ પ્રતિ કિગ્રાના રેકોર્ડ સ્તરે પહોંચશે.

સ્થાનીય બજારમાં સોના-ચાંદીના રેટ પર નજર કરીએ તો, ચાલુ કેલેન્ડર વર્ષમાં સોના કરતાં ચાંદીમાં આકર્ષક રિટર્ન જોવા મળ્યું છે. ચાલુ કેલેન્ડર વર્ષમાં ચાંદી રૂ. ૭૪૫૦૦ના લેવલથી રૂ. ૧૯૫૦૦ વધી રૂ. ૯૪૦૦૦ પ્રતિ કિગ્રા થઈ છે. જે ૨૬.૧૭ ટકા ઉછાળો દર્શાવે છે. જ્યારે સોનુ આજના ભાવ સામે અત્યારસુધી ૧૪.૪૭ ટકા (રૂ. ૯૪૫૦ પ્રતિ ૧૦ ગ્રામ) રિટર્ન આપી રહ્યું છે.

### ૨૦૨૦ના દિલ્હી રમખાણોના કેસમાં કરાઈ હતી ધરપકડ

# શરજીલ ઈમામના દિલ્હી હાઈકોર્ટે જામીન મંજૂર કર્યા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

દિલ્હી હાઈકોર્ટે બુધવારે JNU વિદ્વાન શરજીલ ઈમામને ૨૦૨૦ના કોમી રમખાણોના કેસમાં જામીન આપ્યા હતા જેમાં રાજદ્રોહ અને ગેરકાનૂની પ્રવૃત્તિઓના આરોપો સામેલ છે. જસ્ટિસ સુરેશ કુમાર કૈત અને મનોજ જૈનની ખંડપીઠે આ જામીન મંજૂર કર્યા હતા. દિલ્હી રમખાણો દરમિયાન દિલ્હીના જામિયા વિસ્તાર અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં કથિત રીતે ભડકાઉ ભાષણ આપવા બદલ શરજીલ ઈમામની રાજદ્રોહ અને ੌછઁછ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. શરજીલ ઈમામે ટ્રાયલ કોર્ટના આદેશ પર હુમલો કર્યો હતો અને તેને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો, તેમ છતાં તેણે દોષિત ઠેરવવાના કિસ્સામાં તેને આપવામાં આવી શકે તેવી મહત્તમ સજાના અડધાથી વધુ

સમય પસાર કર્યા છે. જસ્ટિસ સુરેશ કુમાર કૈત અને મનોજ જૈનની ખંડપીઠે શરજીલ ઈમામ અને દિલ્હી પોલીસના વકીલને સાંભળ્યા બાદ કહ્યું, "અપીલની મંજૂરી છે." પ્રોસિક્યુશન અનુસાર, શરજીલ ઈમામે ૧૩ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ જામિયા મિલિયા ઈસ્લામિયામાં અને ૧૬ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં કથિત રીતે ભાષણો આપ્યા હતા.

### આઈએમડીએ જાણકારી આપી

# ૨૪ કલાકમાં જ કેરળમાં મોનસુનની એન્ટ્રી થઈ શકે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

ભીષણ ગરમીનો સામનો કરી રહેલું અડધું હિન્દુસ્તાન હવે બસ ચોમાસાની રાહ જોઈ રહ્યું છે. હવામાન વિભાગે આ અંગે સારા સામાચાર આપ્યા છે. આજે એટલે કે ૨૯ મેથી ૩૦ મેની વચ્ચે મોનસુન ક્યારે પણ ભારતીય સીમામાં પ્રવેશી શકે છે. એટલે કે ૨૪ કલાકમાં જ કેરળમાં મોનસુનની એન્ટ્રી થઈ શકે છે. આઈએમડીના જણાવ્યા મુજબ, આગામી ૨૪ કલાક દરમિયાન કેરળમાં મોનસૂનના આગમન માટે પરિસ્થિતિઓ અનુકુળ થયેલી છે. કેરળમાં આ વખતે ચોમાસું સમય પહેલા દસ્તક આપી રહ્યું છે. રાજ્યમાં ચોમાસાની સામાન્ય તારીખ ૧ જૂન છે. જો કે, તે ૩-૪ દિવસ આગળ અથવા પાછળ હોવું સામાન્ય માનવામાં આવે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આ વખતે ચોમાસું ૩૦ મેના રોજ કેરળમાં આવી શકે છે. આ પછી રાજ્યમાં ભારે વરસાદ જોવા મળશે.

### કૉંગ્રેસનો ભાજપ સાંસદ પર ગંભીર આરોપ

# ભાજપના ઉમેદવાર મનોજ તિવારી પર બોગસ વોટિંગનો આરોપ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

દિલ્હીમાં મતદાનના ચાર દિવસ બાદ કોંગ્રેસ પાર્ટીએ ગંભીર આરોપ લગાવ્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને મધ્યપ્રદેશના પૂર્વ સીએમ દિગ્વિજય સિંહે નોર્થ ઈસ્ટ બેઠક પરથી ભાજપના ઉમેદવાર મનોજ તિવારી પર બોગસ વોટિંગનો આરોપ લગાવ્યો હતો. દિગ્વિજય સિંહે એક વીડિયો પણ શેર કર્યો છે જેમાં લોકો એક બૂથની બહાર હોબાળો મચાવતા દેખાય છે અને તેઓ આરોપ મૂકી રહ્યા છે કે મનોજ તિવારી બૂથની અંદર બોગસ વોટિંગ કરાવી રહ્યા હતા. વીડિયોમાં દેખાય છે કે ગેટ બંધ હતો ત્યારે મનોજ તિવારી અંદર જ હતા અને જેવા જ તે બહાર આવે છે ત્યારે લોકો નારેબાજી

કરવાની શરૂઆત કરી દે છે અને કહે છે કે આ રીતે ૪૦૦ પાર થશે...? દિગ્વિજય સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું કે આ વીડિયો નોર્થ ઈસ્ટ દિલ્હીનો છે જ્યાં મનોજ તિવારી પોલીસની સુરક્ષામાં તેમની ટીમ સાથે પોલિંગ બૂથમાં હતા. આ સમયે મતદાન ચાલુ હતું. એ ચોક્કસ છે કે બોગસ વોટિંગ થઈ રહ્યું છે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

## ન્યુઝ બોક્ષ

### UG ના પ્રવેશ માટે ૨ જૂન સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓના હિતોને ધ્યાનમાં રાખી, બી.એ., બી.કોમ., બી.એસસી., બી.બી.એ., બી.સી.એ. સહિતના પ્રોગ્રામ અને અન્ય પ્રોગ્રામમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો GCAS ગુજરાત કોમન એડમિશન સર્વિસિસપોર્ટલ મારફત પ્રવેશ અંગે રજિસ્ટ્રેશન પ્રક્રિયા ૫ હેલી એપ્રિલથી શરૂ કરેલ હતી. વેકેશન કે અન્ય કારણોસર ૨૮ મે ૨૦૨૪ને છેલ્લી તારીખ સુધીમાં ૪ લાખ ૩૯ હજાર ૮૬૫ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવેલ છે અને તે પૈકી ૨ લાખ ૬૩ હજાર ૧૧૫ વિદ્યાર્થીઓએ ફી ભરેલ છે અને હજુ પણ વિદ્યાર્થી રજિસ્ટ્રેશન/ફી ભરી શક્યા નથી. આ અંગે વિવિધ યુનિવર્સિટીઓ, કોલેજો અને વિદ્યાર્થીઓની રજૂઆત શિક્ષણ વિભાગને મળેલ હતી. આ બાબતે ગુજરાત રાજ્યના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમંત્રી સમક્ષ રજૂઆત કરતા વિદ્યાર્થીઓના વ્યાપક હિત અને શિક્ષણની અગત્યની બાબત ધ્યાને લઈ તેમની સૂચના અનુસાર હવે GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ) પોર્ટલ મારફતે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨ જૂન ૨૦૨૪ સુધી લંબાવવામાં આવે છે.

### ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર અને વાલિયા તાલુકાની સીમમાં દીપડાની લટારથી ગ્રામજનોમાં ફફડાટ

। (એજન્સી) ભરૂચ, તા.૨૯ ।

રાજ્યમાં ફરી એક વાર દીપડાના કારણે ખેડૂતોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો, ભરૂચ જિલ્લામાં આવેલ અંકલેશ્વર અને વાલિયા તાલુકાની સીમમાં દીપડા લટાર મારતા જોવા મળ્યો હતો જેના કારણે ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. બે અલગ – અલગ સ્થળે ખેતરોમાં નજરે પડેલા દીપડાના કારણે ખેડૂતો ખેતીના કામ માટે ખેતરમાં જતા ભય અનુભવી રહ્યા છે. મંગળવારે સાંજના સમયે ખેડૂતો ખેતરથી ગામ તરફ જઈ રહ્યા હતા ત્યારે વટારીયા ગામની સીમમાં શેરડીના ખેતરમાં એક કદાવર દીપડો જોવા મળ્યો હતો. નજીકમાં મુખ્ય માર્ગ હોવાથી વાહનોની અવર – જવર છતાં આ વન્ય પ્રાણીને કોઈ ફર્ક પડતો ન હતો. ગામની સીમમાં દીપડો કુતુહુલ સાથે ભયનો વિષય બન્યો હતો. દીપડો નજરે પાડવાનો બીજો બનાવ ભરણ ગામ નજીક બન્યો હતો. અહીં નહેરના ગેટની દીવાલ પર દીપડો નજરે પડ્યો હતો. રાતના સમયે ઘણીવાર સુધી દીપડો અહીં બેસી રહ્યો હતો જેના કારણે દ્વિચક્રી વાહન ચાલકોની અવર-જવર નહિવત જોવા મળી હતી.

### રાજ્યમાં ગેરકાયદે ચાલતા ગેમ ઝોનમાં ચેકિંગ

# શહેરના ગેરકાયદે ગેમ ઝોન સંચાલકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ

### અમદાવાદના સોલા પોલીસ સ્ટેશનમાં બે, આનંદનગર અને નિકોલના એક સંચાલકો સામે ગુનાઓ નોંધાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

PLAY BIG. WIN BIG.

રાજકોટ અગ્નિકાંડને પગલે સમગ્ર રાજ્યના તમામ પોલીસ કમિશનર તથા તમામ જિલ્લા પોલીસ વડાઓ સહિતના અધિકારીઓની ઊંઘ ઊડી ગઈ છે. સમગ્ર તંત્રને સરકાર દ્વારા રાજ્યમાં ગેરકાયદે ચાલતા ગેમ ઝોનમાં ચેકિંગ કરવાની સખત તાકીદ કરવામાં આવી છે અને તેને આધારે કડક કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા છે, તેના આદેશના પગલે અમદાવાદમાં પણ તંત્ર કામે લાગી ગયું હતું. દરમિયાનમાં શહેરના સોલા પોલીસ સ્ટેશનમાં બે અને આનંદનગર તથા નિકોલના એક એક સંચાલકો સામે ગેરકાયદે ગેમ ઝોન ચલાવવાના આરોપ સર ગુના નોંધવામાં આવ્યા છે. શહેરના ચાર ગેમ ઝોનના માલિક વિરુદ્ધ પોલીસે ગુનાઓ નોંધવાની તજવીજ હાથ ધરી છે. સોલા, આનંદનગર અને નિકોલ પોલીસે તેમની હદમાં ચાલતા ગેરકાયદે ગેમ ઝોનના માલિકો વિરુદ્ધ કોર્પોરેશનના અભિપ્રાય બાદ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. ગોતામાં આવેલા ફન ગ્રીટો, જોધપુર સીમા હોલ નજીક ફાયર એનઓસી તથા પોલીસ પરવાનગી વિના ચાલી રહેલા ગેમ ઝોનને સીલ મારવામાં આવ્યું છે. તેના સંચાલક વિજય પટેલ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. બીજીતરફ નિકોલના પ્લેટિનિયમ પ્લાઝામાં આવેલા ફન કેમ્પસ ગેમઝોનમાં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં પણ ફાયર એન.ઓ.સી તથા પોલીસ પરવાનગી ઉપરાંત હવા-ઉજાસ માટેની બારીઓ ઉપલબ્ધ નહીં હોવાના કારણોસર કોર્પોરેશન દ્વારા ગેમ ઝોનને સીલ કરી દેવાયું છે. સાથે જ નિકોલ પોલીસ સ્ટેશને ગેમ ઝોનના સંચાલક વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શહેરની સોલા, આનંદનગર તથા નિકોલ પોલીસે તેમના વિસ્તારમાં ચાલતા ગેરકાયદે ગેમ ઝોનના માલિક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. ગોતામાં આવેલા ફન ગ્રીટોમાં પણ સરકારી નિયમોને નેવે મૂકીને ગેમ ઝોન ચલાવવામાં આવતું હતું, જોધપુરમાં સીમા હોલ નજીક આવેલા ગેમ ઝોનમાં ફાયર એન.ઓ.સી,પોલીસ મંજૂરી તથા અન્ય બીજી જરૂરી પરવાનગી મેળવી ન હતી. તેવી જ રીતે નિકોલમાં પ્લેટીનીયમ પ્લાઝામાં ચાલતા ગેમ ઝોનમાં પણ કોઈપણ જાતની પરવાનગી વિના ગેમ ઝોન બેફામ ચલાવવામાં આવતું હોવાથી નિકોલ પોલીસે ગેમ ઝોનના માલિક વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટની TRP ગેમઝોનની ગોઝારી દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ગૃહ વિભાગના અધિકારીઓની બેઠકમાં આ પ્રકારની દુર્ઘટનાનું ભવિષ્યમાં ક્યારેય પુનરાવર્તન થાય નહીં તેની તકેદારીના ભાગરૂપે રાજ્યભરમાં આવી જગ્યાઓ પર ખાસ ચેકિંગ કરવા સહિત અસરકારક કડક પગલાં સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યના તમામ પોલીસ કમિશનર તથા તમામ જિલ્લા પોલીસ વડાઓને ગેરકાયદે ચાલતા ગેમ ઝોનમાં ચેકિંગ કરવા અને જે ગેમ ઝોનનું ફાયર ર્દ્રઝ ન હોય તથા લાઈસન્સ ન હોય તેમજ નિયમ મુજબની કાર્યવાહી કરી ન હોય તેના માલિકો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવા આદેશ આપવામાં આવ્યા છે.

### રાજકોટ TRP ગેમ ઝોન અગ્નિકાંડ મામલે મોટો પર્દાફાશ

## પોલીસે ગેમઝોનને લાયસન્સ આપ્યાની વાત ફાયર બ્રીગેડે પણ છુપાવી હતી

। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

રાજકોટ અગ્નિકાંડને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. ગેમઝોન અગ્નિકાંડ મામલે ઈસ્ઝ અને રાજકોટ પોલીસનો પર્દાફાશ થયો છે. રાજકોટ પોલીસ અને ઈસ્ઝના પાપનો પર્દાફાશ કરતો પત્ર સામે આવ્યો છે. રાજકોટ પોલીસે ગેમઝોનને લાયસન્સ આપ્યાની વાત રાજકોટ ફાયર બ્રીગેડે પણ છુપાવી હતી.પોલીસે ખોટી રીતે લાયસન્સ આપ્યું તે દિવસે જ તપાસ કરી હોત તો દુર્ઘટના ટળી શકી હોત. રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડ મામલે તપાસ માટે નિમેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમે રાજ્ય સરકારને પ્રાથમિક અહેવાલ સુપરત કર્યો છે. ત્રણ દિવસની તપાસના અંતે તૈયાર કરાયેલો અહેવાલ મુખ્યમંત્રી અને ચીફ સેક્રેટરીને અપાયો છે. આ અહેવાલમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ તંત્રના અધિકારોની લાપરવાહીને કારણે જ આગ દુર્ઘટના બની હોવાનું પ્રાથમિક અનુમાન છે. જોકે, આ અહેવાલ બાદ સરકાર વધુ કડક કાર્યવાહી કરે તેવી શક્યતા જોવાઈ રહી છે. સવાલ એ છેકે, ૩૦થી વધુ નિર્દોષ લોકોના મોતના જવાબદારોને સજા મળશે કે પછી કાર્યવાહીના નામે ક્લિન ચીટ આપી દેવાશે. રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડની તપાસ માટે રાજ્ય સરકારે સીઆઈડી ક્રાઈમના સિનિયર આઈપીએસ અધિકારી સુભાષ ત્રિવેદીના વડપણ હેઠળ સીટની રચના કરી હતી. સીટે ત્રણ દિવસની તપાસના અંતે મોડી સાંજે સરકારને પ્રાથમિક અહેવાલ સુપરત કરી દીધો છે. સૂત્રોના મતે, સીટે બે દિવસ સુધી ટીઆરપી ઝોન અગ્નિકાંડની તપાસ કરી કેટલાક પુરાવાઓ હાથવગા કર્યા હતાં આ ઉપરાંત આગ દુર્ઘટના સાથે સીધી કે આડકતરી રીતે જોડાયેલા મ્યુનિ,કોર્પોરેશન, ફાયર અને પોલીસ અધિકારી અને કેટલાંક સાક્ષીઓના નિવેદનો નોંધ્યા હતાં. આ ઉપરાંત ટીઆરપી ગેમ ઝોનની બાંધકામની પરવાનગી, ફાયર એનઓસી, પોલીસની મંજુરી, મનારંજન લાયસન્સ સહિત અન્ય જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી.

## રાજકોટ અગ્નિકાંડમાં વધુ એક આરોપીની ધરપકડ કરી

। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

રાજકોટ અગ્નિકાંડ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે આજે પાંચમાં આરોપી કિરીટસિંહ જાડેજાની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે કિરીટસિંહ જાડેજા ટીઆરપી ગેમ ઝોનના માલિક છે. પોલીસે હવે એફઆઈઆરમાં સામેલ અન્ય આરોપી અશોકસિંહ જાડેજાને શોધી રહી છે. નોંધનીય છે કે રાજકોટમાં ગત શનિવારે ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી આગમાં ૩૩ લોકોના મોત થયા હતા. પકડાયેલ આરોપી કિરીટસિંહ જાડેજા અને અશોકસિંહ જાડેજા સાચા ભાઈઓ છે અને ગેમ ઝોન જગ્યાના માલિક છે. તે ્ ઈ ગેમ ઝોનનો માલિક હતો. પોલીસે કિરીટસિંહને પકડી લીધો છે અને અશોકસિંહ હજુ ફરાર છે.આ ઘટનામાં અત્યાર સુધીમાં પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટનામાં એક આરોપી પ્રકાશનું મોત થયું છે અને એક આરોપી અશોક સિંહ હજુ પકડાયો નથી. આ ઘટનામાં અત્યાર સુધીમાં પાંચ આરોપી ઓની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટનામાં એક આરોપી પ્રકાશનું મોત થયું છે અને એક આરોપી અશોક સિંહ હજુ પકડાયો નથી. રાજકોટ ટીઆરપી ગેમ ઝોનના માલિક પ્રકાશ હિરનનું પણ આગમાં મૃત્યુ થયું હતું. ગેમ ઝોનમાંથી મળેલા અવશેષોમાંથી લીધેલા ડીએનએ સેમ્પલ પ્રકાશની માતાના ડીએનએ સાથે મેચ થયા છે. આ ગેમ ઝોનમાં પ્રકાશ સૌથી વધુ પ્રોફિટ શેરર હતો. આગ લાગી તે સમયે પ્રકાશ હિરન પણ સીસીટીવીમાં કેદ થયો હતો. પ્રકાશ હિરણના ભાઈ જિતેન્દ્ર હિરાને પોલીસને અરજી આપી હતી. આગ લાગી તે સમયે પ્રકાશ હિરણ સીસીટીવીમાં જોવા મળ્યો હતો.

### ફાયર એનઓસી હોવા છતાં કાર્યવાહીનો આક્ષેપ

## સુરતમાં પુણામાં શાળાને સીલ કરવામાં આવતા ભારે હોબાળો

### સુરત પાલિકાએ કોઈ સૂચના વિના સ્કૂલો સીલ કરવાની કામગીરી હાથ ધરી છે તે યોગ્ય નથી તેઓ આક્ષેપ કરાયો

। (એજન્સી) સુરત , તા.૨૯ ।

રાજકોટના ગોઝારા અગ્નિકાંડ બાદ ફરી એક વાર સુરત મહાપાલિકાનું તંત્ર જાગ્યું છે. રાજકોટની દુર્ઘટના બાદ સુરતમાં સીલિંગની કામગીરી ચાલી રહે છે. આજે વરાછા ઝોનના પુણા વિસ્તારમાં એક સ્કુલને સીલ કરતા ભારે હોબાળો થયો છે.

સુરતમાં રવિવારે રાતથી શરૂ થયેલી ફાયર એનઓસી અને બીયુસી પરમિશન વિનાની તથા અન્ય ખામીઓ મળી આવે તેવી મિલકત સીલ કરવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી દરમિયાન પૂર્ણા વિસ્તારની એક ખાનગી સ્કૂલને પાલિકાએ સીલ કરી છે, જેને કારણે હોબાળો થયો છે. પુણા વિસ્તારમાં આવેલી નાલંદા વિદ્યાલયને પાલિકા દ્વારા સીલ કરવામાં આવી છે તેના વિરોધમાં પુણાગામ ખાનગી સ્કૂલ સંચાલક મંડળે વિરોધ કર્યો છે. સુરત પાલિકાએ કોઈ પણ જાતની સૂચના વિના સ્કૂલો સીલ કરવાની કામગીરી હાથ ધરી છે તે યોગ્ય નથી તેઓ આક્ષેપ કરાયો છે.

સંચાલકો જણાવે છે કે રાજકોટની ઘટના બાદ સુરત મહાનગરપાલિકા તંત્ર સફળ જાગ્યું છે અને આ કામગીરી કરી રહ્યું છે, પરંતુ શાળામાં કામગીરી માટે સમય આપવો જોઈએ. શાળાને વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા છે, એટલે તમામ સુવિધા ઉભી કરી છે અને ફાયર એનઓસી હોવા છતાં પણ સીલીંગની કામગીરી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો છે.

## માનવ તસ્કરી કેસમાં એનઆઈએ દ્વારા વડોદરામાં અલગ અલગ સ્થળો પર દરાડો

। (એજન્સી) વડોદરા, તા.૨૯ ।

માનવ તસ્કરી કેસમાં ગુજરાતનાં વડોદરા શહેરમાં એનઆઈએ દ્વારા અલગ અલગ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. એનઆઈએ દ્વારા એક વ્યક્તિ મનીષ બળવંતરાય હિન્ગુ (ઉ.વર્ષ ૩૦) ની ધરપકડ પણ કરવામાં આવી છે. તેમજ વડોદરા ક્રાઈમ બ્રાન્ચે મનીષ હિંગૂને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેનાં રિમાન્ડ મંજૂર કર્યા હતા. પોલીસ દ્વારા તપાસમાં સામે આવ્યું હતું કે આરોપીએ ૨૦૦ લોકોને વિદેશ મોકલ્યા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવવા પામ્યું હતું. સમગ્ર દેશભરમાં થી લોકોને છેતરીને કંબોડિયા મોકલ્યા હતા. આ માનવ તસ્કરી કેસના બે લોકો માસ્ટરમાઈન્ડ છે- બિહારનો ક્રિષ્ના પાઠક અને કંબોડિનો વીક્કી. જેઓએ કંબોડિયામાં ચાઈનીઝ ઠગોનું સામ્રાજ્ય છે. તેમજ સાયબર ફ્રોડમાં ૬૦ ભારતીયોનો ઉપયોગ કર્યો હોવાનો ખુલાસો થયો હતો. ભારત અને કંબોડિયાનાં એજન્ટો ૨૦૦૦ ડોલર કમાવવા માનવ તસ્કરીનો ખેલ ખેલતા હતા. તેમજ ભારતીય યુવકોને તેમનાં કામ બાબતે અંધારામાં રાખવામાં આવે છે. તેમજ પોલીસથી બચવા ઓનલાઈન ઠગો ભારતીય યુવકોને નવો મોબાઈલ આપે છે. તેમજ યુવકોને વિયેતનામ અને થાઈલેન્ડના સીમકાર્ડ આપે છે. જે લોકો કમાવી આપે તેમને પ્રોત્સાહન મળે છે. તેમજ જે ભારતીય યુવકો રેકેટમાં સગયોહ નથી આપતા તેમના પર અસહ્ય ત્રાસ ગુજારાય છે. યુવકોને ગોંધી રાખી ત્રાજ ગુજારવામાં આવે છે. આ સમગ્ર મામલે એનઆઈએ દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે. તેમજ એનઆઈએની ટીમ ફરી વડોદરા આવશે.

# સામાન્ય ચૂંટણી ૨૦૨૪માં પ્રથમ વખત લાયક મતદારો માટે ઘરેથી મતદાન સમગ્ર ભારતમાં વિસ્તૃત કરવામાં આવ્યું

### ઇસીઆઇ સાક્ષમ એપ દિવ્યાંગ મતદાતાઓને તેમના મતાધિકારનો ઉપયોગ કરવામાં સુવિધા આપે છે

### નબળા સમુદાયો મતદાન પ્રક્રિયામાં વિકસિત સુલભતા અને સર્વસમાવેશકતાનાં પગલાં સાથે વિશ્વાસપૂર્વક મત આપે છે

ભારતના ચૂંટણી પંચે સામાન્ય ચૂંટણીઓ ૨૦૨૪માં સર્વસમાવેશકતા અને સુલભતા સુનિશ્ચિત કરવામાં મોટા પાયે હરણફાળ ભરી છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે કોઈ પણ પાત્ર મતદાતા શારીરિક અથવા અન્ય અવરોધોને કારણે તેમના મતાધિકારથી વંચિત ન રહી જાય. અત્યાર સુધી, ચૂંટણીના ૬ તબક્કાઓ પૂર્ણ થયા પછી, વિકલાંગ વ્યક્તિઓ, વરિષ્ઠ નાગરિકો, ટ્રાન્સજેન્ડર્સ, પીવીટીજી જેવા વિવિધ વર્ગોના મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ૮૫ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો માટે ઘરે આરામથી મતદાન કરવાની સુવિધા અને ૪૦% બેન્ચમાર્ક વિકલાંગતા ધરાવતા પીડબ્લ્યુડીઓને સામાન્ય ચૂંટણીઓ ૨૦૨૪ માં પ્રથમ વખત પાન ઈન્ડિયાના આધારે વિસ્તૃત કરવામાં આવી હતી.

મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી રાજીવ કુમાર તેમજ ચૂંટણી કમિશનર શ્રી જ્ઞાનેશ કુમાર અને ડૉ. સુખબીર સિંહ સંધુના નેતૃત્વમાં સમગ્ર દેશમાં થયેલા આ સહિયારા પ્રયાસોમાં લોકસભા ચૂંટણી - ૨૦૨૪ના છઠ્ઠા તબક્કા સુધી જ્યાં ચૂંટણી પૂર્ણ થઈ ચૂકી છે તે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની સફળતાની અનેક ગાથાઓ જોવા મળી છે. સીઈસી રાજીવ કુમારે જણાવ્યું હતું કે, "વૈશ્વિક સ્તરે નવા ધોરણો નક્કી કરતી ચૂંટણી પ્રક્રિયાઓમાં સતત સુધારણા માટે પ્રયત્નશીલ રહેવાનો પંચનો ઊંડો સ્થાપિત સંકલ્પ છે. ઈસીઆઈ ચૂંટણીને અનેકતા અને વિવિધતાની ભાવનાને સાચા અર્થમાં પ્રતિબિંબિત કરવા માટે કટિબદ્ધ છે, જે આપણા દેશનું ગૌરવ છે. ઈસીઆઈ સમાવિષ્ટ કરવા અને ઊંડાણથી સમર્પિત છે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સર્વસમાવેશકતા અને સુલભતાના સિદ્ધાંતો અને પદ્ધતિઓને સંકલિત કરીને, દરેક જગ્યાએ નકલ કરવા માટે સમાજ સમક્ષ એક દાખલો બેસાડે છે."

મતદારયાદીમાં પાત્રતા ધરાવતા નાગરિકોની અપડેશન અને નોંધણીના નક્કર પ્રયાસોથી બે વર્ષ પહેલાં તૈયારીઓ શરૂ થઈ હતી. આ વર્ગના મતદારોને લક્ષ્યમાં રાખીને, વિશેષ નોંધણી ઝુંબેશ, શિબિરો યોજીને આ સિદ્ધિ હાંસલ કરવામાં આવી હતી. ઈસીઆઈએ એવા સમુદાયો વચ્ચે ભાગીદારી વધારવા માટે બહુઆયામી વ્યૂહરચના અપનાવી છે, જેઓ તેમના મતના અધિકારથી વંચિત રહેવાની સંભાવના ધરાવે છે.

વૈકલ્પિક હોમ વોટિંગ સુવિધા ચૂંટણી પ્રક્રિયામાં આમૂલ પરિવર્તનને ચિહ્નિત કરે છે અને ભારતની સામાન્ય ચૂંટણીઓના ઈતિહાસમાં પ્રથમ વખત ઉપલબ્ધ કરવામાં આવી છે. ૮૫ વર્ષ કે તેથી વધુ વયના અથવા ૪૦% બેન્ચમાર્ક વિકલાંગતા ધરાવતા કોઈપણ પાત્ર નાગરિક, આ ચૂંટણીઓમાં પોસ્ટલ બેલેટ દ્વારા હોમ વોટિંગ સુવિધાની જોગવાઈનો લાભ લઈ શકે છે. આ સુવિધાને મતદારોનો ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ મળ્યો છે. હસતા હસતા મતદારો અને તેમના ઘરોની આરામથી મતદાન કરતા તેમના પ્રશંસાપત્રોના સંતોષકારક દ્રશ્યો દેશના તમામ ભાગોમાંથી સોશિયલ મીડિયા પર છલકાઈ ગયા છે. મતદાન કર્મચારીઓ અને સુરક્ષા કર્મચારીઓની સંપૂર્ણ ટુકડીની સંડોવણી સાથે ઘરેથી મતદાન થાય છે, જેમાં મતદાનની ગુપ્તતા ખંતપૂર્વક જાળવવામાં આવે છે. ઉમેદવારોના એજન્ટોને પણ પ્રક્રિયા જોવા માટે મતદાન ટીમોની સાથે જવાની મંજૂરી છે.

માળખાગત કોઈ પણ પ્રકારની માળખાગત ખામીઓને દૂર કરવા ઈસીઆઈએ એ સુનિશ્ચિત કર્યું હતું કે, દરેક મતદાન મથક ગ્રાઉન્ડ ફ્લોર પર હોય, જેમાં રેમ્પ, મતદારો માટે સાઈનેજ, પાર્કિંગની જગ્યા, અલગ કતારો અને સ્વયંસેવકો સહિતની સુનિશ્ચિત સુવિધાઓ ઉપલબ્ધ હોય. આ ઉપરાંત

HOME VOTING
ASSEMBLY ELECTION

ઈસીઆઈની સાક્ષમ એપ મતદાન કેન્દ્ર પર વ્હીલચેર, પિક-એન્ડ-ડ્રોપ અને સ્વયંસેવકોની સેવાઓ જેવી વિવિધ સુવિધાઓનો લાભ લેવા માટે પીડબ્લ્યુડીની સુવિધા પ્રદાન કરે છે. ચૂંટણીની જાહેરાત થઈ ત્યારથી અત્યાર સુધીમાં સાક્ષમ એપના ૧.૭૮ લાખથી વધુ ડાઉનલોડ થઈ ચૂક્યા છે.

આયોગે ઈવીએમ પર બ્રેઈલ લિપિ, બ્રેઈલ સક્ષમ ઈપીઆઈસી અને દૃષ્ટિહીન મતદાતાઓને મદદ કરવા માટે મતદાર સ્લિપની પણ જોગવાઈ કરી છે. તદુપરાંત, અંગ્રેજી અને હિન્દીમાં પીડબ્લ્યુડી અને સિનિયર સિટિઝન્સ માટે મતદાર માર્ગદર્શિકા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેમાં નોંધણીની પ્રક્રિયાથી મતદાનના દિવસની સુવિધા અંગેની માહિતી આપવામાં આવી હતી.

ઈસીઆઈએ મતદાનમાં શારીરિક અવરોધો દૂર કરવા ઉપરાંત ટ્રાન્સજેન્ડર્સ, સેક્સ વર્કર્સ, પીવીટીજી જેવી ચોક્કસ સંવેદનશીલ વસતિને લગતા સામાજિક અવરોધો અને લાંછનનું સમાધાન કરવાનો પણ પ્રયાસ કર્યો હતો, જેથી ચૂંટણી પ્રક્રિયામાં તેમની ભાગીદારી સુનિશ્ચિત થઈ શકે. થાણે જિલ્લા દ્વારા નાગરિક સમાજના સહયોગથી થર્ડ જેન્ડર (ટીજી) મતદાતાઓ અને સેક્સ વર્કર અને પીવીટીજી જેવા અન્ય હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોની નોંધણી માટે વિશેષ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર દેશમાં ૪૮,૨૬૦ થી વધુ ટીજી (TG) ની નોંધણી કરવામાં આવી છે, જેમાંથી તમિલનાડુમાં સૌથી વધુ ૮૪૬૭ સાથે થર્ડ જેન્ડર મતદારો છે, ત્યારબાદ ઉત્તર પ્રદેશમાં ૬૬૨૮ ટીજી અને મહારાષ્ટ્રમાં ૫૭૨૦ ટીજી છે.

સ્વીપ પહેલના ભાગરૂપે, કમિશને ૧૬ માર્ચ, ૨૦૨૪ ના રોજ આઈડીસીએ (ઈન્ડિયન ડેફ ક્રિકેટ એસોસિએશન) અને ડીડીસીએ (દિલ્હી ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન) ટીમો વચ્ચે એક T-20 ક્રિકેટ મેચનું આયોજન કર્યું હતું, જેનો ઉદ્દેશ પીડબ્લ્યુડી મતદાતાઓમાં મતદાતાઓમાં જાગૃતિ લાવવાનો અને સર્વસમાવેશક ચૂંટણીને પ્રોત્સાહન આપવાનો હતો.

કમિશન દ્વારા શક્ય હોય તેટલા પ્રયત્નો કરવામાં આવ્યા હતા, દરેક એસીમાં ઓછામાં ઓછું એક મતદાન મથક સ્થાપવામાં આવ્યું હતું, જેનું સંચાલન ફક્ત પીડબ્લ્યુડી અધિકારીઓ દ્વારા જ કરવામાં આવતું હતું. લોકસભા ચૂંટણી -૨૦૨૪ માટે સમગ્ર દેશમાં અંદાજે ૨૬૯૭ પીડબ્લ્યુડી સંચાલિત મતદાન મથકોની સ્થાપના કરવામાં આવી છે, જેમાં ઉત્તરપ્રદેશે સૌથી વધુ પીડબલ્યુડી માનવસહિત મતદાન મથકો એટલે કે ૩૦૨ મથકોની સ્થાપના કરી છે.

### દેશભરમાં ગરમીનું તાંડવ । બે દિવસ બાદ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી થોડી રાહત થઈ શકે રાજસ્થાનમાં ગરમીએ ૨૫ વર્ષનો જૂનો રેકોર્ડ તોડ્યો

# દેશના પહાડી રાજ્યોમાં પણ ગરમીએ હાહાકાર મચાવ્યો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

દેશભરમાં વિષણ ગરમીથી લોકો ત્રાસી ગયા છે ત્યારે હાલમાં પહાડી રાજ્યોમાં પણ ગરમી હાહાકાર મચાવી રહી છે જોઈએ તો રાજસ્થાનમાં ગરમી એ ૨૫ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો છે ત્યારે દિલ્હીમાં ગરમીનું તાપમાન ૫૦ ડિગ્રી નોંધાયો છે. જમ્મુ-કાશ્મીરના જમ્મુ ડિવિઝનમાં પારો ૪૩ ડિગ્રીએ પહોંચી ગયો છે. જેના કારણે શાળાઓમાં રજા જાહેર કરવી પડી હતી. આકાશમાંથી વરસી રહેલા આગના કારણે ઉત્તર ભારતમાં ઉકળવા લાગ્યું છે. રાજસ્થાનના ચુરુમાં પણ તાપમાનનો પારો ૫૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયો છે. અન્ય શહેરોમાં પણ તાપમાન ૪૮-૪૯ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. દિલ્હીમાં પણ તાપમાન ૫૦ ડિગ્રીને સ્પર્શી રહ્યું છે. તે જ સમયે, યુપીના ઝાંસીમાં દિવસનું તાપમાન ૪૯ ડિગ્રી હતું. આગરામાં તાપમાન ૪૮.૬ ડિગ્રી અને વારાણસીમાં ૪૭.૬ ડિગ્રી હતું.

જમ્મુ-કાશ્મીરના જમ્મુ ડિવિઝનમાં પારો ૪૩ ડિગ્રીએ પહોંચી ગયો છે. જેના કારણે શાળાઓમાં રજા જાહેર કરવી પડી હતી. હિમાચલના ઉનામાં પારો ૪૪ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. જયપુર સ્થિત હવામાન કેન્દ્રે જણાવ્યું કે મંગળવારે ચુરુ દેશમાં સૌથી ગરમ હતું. અહીં મહત્તમ તાપમાન ૫૦.૫ ડિગ્રી નોંધાયું હતું, જે આ સિઝનમાં સૌથી વધુ છે. આ પહેલા ૧ જૂન ૨૦૧૯ના રોજ તાપમાનનો પારો ૫૦.૮ ડિગ્રી નોંધાયો હતો. ચુરુ સિવાય રાજસ્થાનના ગંગાનગરમાં ૪૯.૪, પિલાની અને ઝુંઝુનુમાં ૪૯, બિકાનેરમાં ૪૮.૩, કોટામાં ૪૮.૨, જેસલમેરમાં ૪૮ અને જયપુરમાં ૪૬.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અગાઉ ૨ મે ૧૯૯૯ના રોજ પિલાનીમાં મહત્તમ તાપમાન ૪૮.૬ ડિગ્રી નોંધાયું હતું. રાજ્ય સરકારે અત્યંત જરૂરી હોય ત્યારે જ ઘરની બહાર નીકળવાનું કહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજધાનીના ત્રણ કેન્દ્રો પર તાપમાન ૫૦ ડિગ્રીની નજીક પહોંચી ગયું હતું. મુંગેશપુર અને નરેલામાં મહત્તમ તાપમાન ૪૯.૯ ડિગ્રી સેલ્સિયસ અને નજફગઢમાં ૪૯.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. વિભાગે જણાવ્યું હતું કે લોકોને ઓછામાં ઓછા બે દિવસ સુધી ભારે ગરમી અને હીટ વેવથી રાહત મળવાની નથી. મુંગેશપુર અને નરેલામાં મહત્તમ તાપમાન ૪૯.૯ ડિગ્રી સેલ્સિયસ અને નજફગઢમાં ૪૯.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જ્યારે દિલ્હીના સ્ટાન્ડર્ડ સેન્ટર સફદરજંગમાં તાપમાન પાંચ ડિગ્રી વધુ ૪૫.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ૫૭ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત આયાનગરમાં મંગળવારે અને રિજમાં ૫૧ વર્ષમાં સૌથી વધુ તાપમાન નોંધાયું હતું. આયાનગરના ૧૯૬૭ થી ૨૦૨૩ સુધીના મહત્તમ તાપમાનના ડેટા પર નજર કરીએ તો, ૨૮ મે, ૧૯૮૮ના રોજ તાપમાન ૪૭.૪ ડિગ્રી અને ૧૧ જૂન, ૨૦૧૯ના રોજ ૪૭ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે મંગળવારે તે ૪૭.૬ નોંધાયું હતું. તે જ સમયે, રિજમાં મંગળવારે તાપમાન ૪૭.૫ નોંધાયું હતું, જે એક સર્વકાલીન રેકોર્ડ બની ગયું હતું. રિજના ૧૯૭૩ થી ૨૦૨૩ સુધીના ડેટા અનુસાર, ૧૬ મે, ૨૦૨૨ના રોજ તાપમાન ૪૭.૨ ડિગ્રી અને ૭ જૂન, ૨૦૧૪ના રોજ ૪૬.૩ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડૉ.કુલદીપ શ્રીવાસ્તવે જણાવ્યું કે રાજધાનીમાં સફદરજંગ સ્ટાન્ડર્ડ સેન્ટર છે. મંગળવારે મહત્તમ તાપમાન ૪૫.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૪ ડિગ્રી નોંધાયું હતું. મહત્તમ તાપમાન છેલ્લા ચાર વર્ષમાં બીજા ક્રમે છે. ૨૭ મે, ૨૦૨૦ ના રોજ, સફદરજંગમાં તાપમાન ૪૬ ડિગ્રી નોંધાયું હતું. ૧૯૩૧ થી ૨૦૨૩ સુધીના તમામ સમયના રેકોર્ડની વાત કરીએ તો, સફદરજંગમાં ૨૯ મે, ૧૯૪૪ના રોજ ૪૭.૨ ડિગ્રી અને ૧૭ જૂન, ૧૯૪૫ના રોજ ૪૬.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હજુ બે દિવસ આ ગરમી ચાલુ રહેશે. બુધવારે પણ ગરમી અને લહેરનું રેડ એલર્ટ છે. આ સમયગાળા દરમિયાન તાપમાન ૪૬ ડિગ્રી રહેવાની શક્યતા છે.

**ન્યૂઝ બ્રિફ**

## શક્તિપીઠ શ્રી નૈના દેવીની ગુફા પાસેના જંગલમાં ભીષણ આગ ફાટી નીકળી

**। (એજન્સી) બિલાસપુર, તા.૨૯ ।**

હિમાચલ પ્રદેશના બિલાસપુરમાં વિશ્વ પ્રસિદ્ધ શક્તિપીઠ શ્રી નૈના દેવીની ગુફા પાસેની પહાડીમાં આગ લાગી હતી. થોડી જ વારમાં આગ કાબૂ બહાર ગઈ અને જંગલમાં આવેલા અનેક વૃક્ષોને લપેટમાં લઈ લીધા. જણાવવામાં આવી રહ્યું છે કે આગ રોપવે સ્ટેશન સુધી ફેલાઈ ગઈ છે. હિમાચલ પ્રદેશના બિલાસપુરમાં વિશ્વ પ્રસિદ્ધ શક્તિપીઠ શ્રી નૈના દેવીની ગુફા પાસેની પહાડીમાં આગ લાગી હતી. થોડી જ વારમાં આગ કાબૂ બહાર ગઈ અને જંગલમાં આવેલા અનેક વૃક્ષોને લપેટમાં લઈ લીધા. જણાવવામાં આવી રહ્યું છે કે આગ રોપવે સ્ટેશન સુધી ફેલાઈ ગઈ છે. તેનો વીડિયો સામે આવ્યો છે, જેમાં જોઈ શકાય છે કે રોપ-વેના થાંભલાઓ પાસે પણ જ્વાળાઓ દેખાઈ રહી છે.ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## મહારાષ્ટ્રની પેનગંગા નદીમાં ત્રણ છોકરીઓ ડૂબી ગઈ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

નાંદેડમાં પેનગંગા નદીના કિનારે એક પરિવાર એક સંબંધી સાથે મટન પાટી કરવા ગયો હતો. પાટીમાં બધાએ ભોજન લીધું. આ પછી લગભગ ૫ થી ૧૦ લોકો નદીમાં ન્હાવા ગયા હતા. દરેક વ્યક્તિ એકબીજા પર પાણી ફેંકીને નદીમાં નહાવાની મજા માણી રહી હતી. આ દરમિયાન એક છોકરી ડૂબવા લાગી. તેને બચાવવા ગયેલી અન્ય બે યુવતીઓ પણ ડૂબી ગઈ હતી. મહારાષ્ટ્રના નાંદેડમાં તરવાની મજા માણવા નદીમાં જતાં બે બહેનો સહિત ત્રણ બાળકીઓનાં મોત થયાં હતાં. બંને બહેનો માતા-પિતાની સામે નદીમાં ડૂબી ગઈ. કિનવાટ તાલુકામાં સોમવારે બપોરે આ બનાવ બન્યો હતો. મૃતક યુવતીઓની ઓળખ ૨૧ વર્ષની મમતા શેખ જાવેદ, ૧૬ વર્ષની પાયલ દેવીદાસ કાંબલે અને સ્વાતિ દેવીદાસ કાંબલે તરીકે થઈ છે.

## લગ્ન દરમિયાન ઝુમ્મર પડવાથી છોકરીના ભાઈને થઈ હતી ઈજા

**। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।**

મુંબઈના સહારા સ્થિત જાણીતી જેડબલ્યૂ મેરિયટ હોટલે કન્ઝ્યુમર કમિશનના નિર્દેશ પર એક વ્યક્તિને ૨.૭ લાખ રૂપિયા વળતર પેટે ચુકવવા પડશે. કમિશને વેસ્ટ દાદર ખાતે રહેતી કિમ્બરલી ડાયસની ફરિયાદ પર સુનાવણી દરમિયાન આ ચુકાદો સંભળાવ્યો છે. તેણે પોતાની ફરિયાદમાં કહ્યું હતું કે ઓક્ટોબર ૨૦૨૧માં મારા મંગેતરે જેડબલ્યુ મેરિયટનો સંપર્ક કર્યો હતો અને ૨ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ થનારા અમારા લગ્ન સમારંભ માટે તેનો ગ્રાન્ડ બોલરૂમ બુક કર્યો હતો. અમે મેરિયટને ૭,૨૫,૮૪૭ રૂપિયા ચુકવ્યા હતા. જેનું બિલ અમારી પાસે છે. કિમ્બર્લી ડાયસે પોતાની ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, 'અમારા લગ્નના દિવસે JW મેરિયટના ગ્રાન્ડ બોલરૂમમાં એક મોટી ઘટના બની હતી, જ્યારે ઝુમ્મર છત પરથી તૂટીને ફ્લોર પર પડી ગયું હતું.

### મોદીએ ૨૪ પરગણા જિલ્લામાં રેલી સંબોધી

# ચૂંટણીના પરિણામના ૬ મહિનાની અંદર આવશે રાજકીય ભૂકંપ : મોદી

### તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળની મમતા બેનરજી સરકાર રાજ્યની ડેમોગ્રાફીમાં બદલાવનો પ્રયાસ કરી રહી છે

**। (એજન્સી) કાકદ્વિપ, તા.૨૯ ।**

પીએમ નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું કે ૪ જૂને લોકસભા ચૂંટણીના પરિણામ જાહેર થવાના છ મહિનાની અંદર દેશની રાજનીતિમાં મોટી ઉથલપાથલ થશે. તેમણે કહ્યું કે બંગાળની મમતા બેનરજી સરકાર રાજ્યની ડેમોગ્રાફીમાં બદલાવનો પ્રયાસ કરી રહી છે. 'તમારો એક વોટ દેશની રાજકીય દિશા બદલી નાખશે. ૪ જૂન પછી આગામી ૬ મહિનામાં મોટો રાજકીય ભૂકંપ આવશે. વંશવાદી રાજકારણ પર આધાર રાખતા ઘણા રાજકીય પક્ષો આપમેળે ખતમ થઈ જશે. તેમના કાર્યકરો થાકી ગયા છે. તેઓ પોતે જાણે છે કે દેશ કઈ દિશામાં આગળ વધી રહ્યો છે અને તેમની પાર્ટીઓની સ્થિતિ શું છે. જો કે પીએમ મોદી ક્યા રાજકીય ભૂકંપની વાત કરી રહ્યા હતા તે નથી કહ્યું.

પીએમ મોદીએ દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના કાકદ્વિપમાં એક રેલીને સંબોધિત કરતા આ વાત કહી. અહીં તેમણે ત્રણ બેઠકો પરથી ભાજપના ઉમેદવારો માટે પ્રચાર કર્યો હતો. આ દરમિયાન ડાયમંડ હાર્બર, મથુરાપુર અને જોયનગરના ભાજપના ઉમેદવારો પણ હાજર હતા. પીએમ મોદીએ કહ્યું કે મમતા સરકાર તુષ્ટિકરણની રાજનીતિ કરે છે, સંતો પર હુમલા થાય છે. આ ઉપરાંત કેન્દ્રીય યોજનાઓ પણ બંધ કરવામાં આવી રહી છે. બંગાળમાં ઘૂસણખોરી ઝડપથી વધી રહી છે. પીએમ મોદીએ કહ્યું કે આ લોકો ઈચ્છે છે કે ઘૂસણખોરો બંગાળમાં આવીને સ્થાયી થાય.

તેમણે કહ્યું કે, 'ઘૂસણખોરો બંગાળના યુવાનોના હાથમાંથી તકો છીનવી રહ્યા છે. તેઓ તમારી જમીન અને મિલકતો પર કબજો જમાવી રહ્યા છે. સમગ્ર દેશમાં આ અંગે ચિંતાનો માહોલ છે. સરહદી વિસ્તારોની વસ્તી બદલાઈ રહી છે.

### ઓશોનું પ્રવચન સાંભળ્યું! ચાર શબ્દનું સ્ટેટસ મૂક્યું

# ઉત્તર પ્રદેશના જાલૌનમાં બે મિત્રોએ ઝેરી પદાર્થ ખાઈને જીવ આપી દીધો

### અમન અને બાલેન્દ્રમાં મિત્ર હતા : અમન મેડિકલ સ્ટોર સંભાળતો હતો અને પરિણીત હતો : જ્યારે બાલેન્દ્રના લગ્ન ન હતા થયા

**। (એજન્સી) જાલૌન, તા.૨૯ ।**

ઉત્તર પ્રદેશના જાલૌનમાં બે મિત્રોએ ઝેરી પદાર્થ ખાઈને જીવ આપી દીધો. મીડિયા રિપોર્ટ મુજબ ઝેરી પદાર્થનું સેવન કરતા પહેલા બંને મિત્રોએ ફેમસ દાર્શનિક ઓશોનું પ્રવચન સાંભળ્યું હતું. તેઓ ઓશોથી ખુબ પ્રભાવિત હતા. મોતને ગળે લગાવતા પહેલા તેમણે ઈન્સ્ટાગ્રામ પર ચિત્તા, શબયાત્રા જેવા સ્ટેટસ લગાવ્યા હતા. હાલ બે મોતની જાણકારી મળતા જ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ બાદ મૃતદેહોને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયા.

મીડિયા રિપોર્ટ મુજબ આ મામલો જાલૌનના કાલપી પોલીસમથક હદનો છે. જ્યાં અમન વર્મા અને બાલેન્દ્ર પાલ નામના બે મિત્રોએ સુમસામ જગ્યાએ જઈને ઝેરી પદાર્થ ખાઈને આત્મહત્યા કરી લીધી. ઘટનામાં બાલેન્દ્રનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું જ્યારે અમનની હાલત બગડવા લાગી તો તેણે તેના પરિજનોને ફોન કરીને સૂચના આપી હતી. ત્યારબાદ પરિજનો ઘટનાસ્થળે પહોચ્યા અને બંનેને તત્કાળ સારવાર માટે કાલપીના સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્ર લઈ જવાયા હતા. પરંતુ સારવાર શરૂ થતા પહેલા જ અમનનું મોત થઈ ગયું જ્યારે બાલેન્દ્ર મૃત અવસ્થામાં લવાયો હતો. ઘટનાની જાણકારી મળતા જ સ્થાનિક પોલીસ અને ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી. જેમણે મામલાની તપાસ શરૂ કરી દીધી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે અમન અને બાલેન્દ્રમાં ગાઢ મિત્રતા હતી. અમન મેડિકલ સ્ટોર સંભાળતો હતો અને પરિણીત હતો. જ્યારે બાલેન્દ્રના લગ્ન ન હતા થયા અને તેનો અમન સાથે મેળમિલાપ હતો. બંને દાર્શનિક ઓશોના પ્રવચન સાંભળતા હતા અને તેમનાથી ખુબ પ્રભાવિત હતા. રિપોર્ટ મુજબ આત્મહત્યા કરતા પહેલા બંને મિત્રોએ પોતાના મોબાઈલ પર ત્રણ સ્ટેટસ લગાવ્યા હતા. જેનાથી જાણવા મળે છે કે મૃત્યુ પહેલા તેઓ ઓશોના પ્રવચન સાંભળતા હતા. ઝેર ખાતા પહેલા બાલેન્દ્રએ ફોનમાં જે સ્ટેટસ લગાવ્યું હતું તેમાં બળતી ચિતા, શબયાત્રા અને ઓશોનો ફોટો હતો. ફોટામાં 'મૃત્યુ જ સત્ય છે' એવું લખેલું હતું.

આ ઘટના બાદ પરિજનોની રડી રડીને હાલત ખરાબ છે. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા છે. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે કે કઈ પરિસ્થિતિઓમાં આ બંનેએ આત્મહત્યા કરી. આ કેસમાં એસપી અસીમ ચૌધરીએ જણાવ્યું કે કાલપી પોલીસ મથક હદમાં એક મામલો સામે આવ્યો છે. જેમાં બે મિત્રોએ ઝેર ખાઈને આત્મહત્યા કરી લીધી છે. મામલા સામે આવતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને બંનેના મૃતદેહોને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા. પોસ્ટમોર્ટમના રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી હાથ ધરાશે.

### ભાજપના સાંસદનો દાવો પોલીસે ફગાવ્યો

# સંપૂર્ણ રીતે સુરક્ષિત છે સ્ટ્રોંગ રૂમ, EVM અને CCTV

**। (એજન્સી) કોલકાતા, તા.૨૯ ।**

પશ્ચિમ બંગાળની વિષ્ણુપુર સીટથી સાંસદ અને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર સૈમિત્ર ખાએ થોડા દિવસો પહેલા સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ અને સીસીટીવી સાથે છેડછાડ થવાનો આરોપ લગાવ્યો હતો. બુધવારે બાંકુરા પોલીસે આ આરોપો અંગે સ્પષ્ટતા કરી હતી. પોલીસે આરોપોનું ખંડન કરતા કહ્યું કે સ્ટ્રોંગ રૂમ સંપૂર્ણ રીતે સુરક્ષિત છે.

બાંકુરા પોલીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ શેર કરી અને લખ્યું, 'કેટલાક સોશિયલ મીડિયા હેન્ડલ્સે ૩૭-વિષ્ણુપુર લોકસભા મતવિસ્તારના સ્ટ્રોંગ રૂમમાં EVM અને CCTV સાથે છેડછાડનો આરોપ લગાવતા વણચકાસાયેલ વીડિયો પોસ્ટ કર્યા છે. પોસ્ટ્સ હકીકતમાં ખોટી અને ભ્રામક છે. ચૂંટણી પંચના પ્રોટોકોલ મુજબ વિષ્ણુપુરનો સ્ટ્રોંગ રૂમ સંપૂર્ણપણે સુરક્ષિત છે. પોલીસે લખ્યું, 'સ્ટ્રોંગ રૂમ કોમ્પ્લેક્સમાં પોલીસ અધિકારીઓને દર્શાવતો વીડિયો સીએપીએફ જવાનોની હાજરીમાં વરિષ્ઠ અધિકારીઓ દ્વારા સુરક્ષા વ્યવસ્થાના નિયમિત નિરીક્ષણના સમયનો છે. ચૂંટણી પંચના પ્રોટોકોલ મુજબ આવા તમામ નિરીક્ષણો ફરજિયાતપણે CAPF ની લોગબુકમાં નોંધવામાં આવે છે. સ્ટ્રોંગ રૂમના દરવાજા સંપૂર્ણપણે સીલ કરવામાં આવે છે, જે ચૂંટણી લડતા ઉમેદવારોની હાજરીમાં કરવામાં આવે છે. 'રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ નજર રાખી રહ્યા છે' પોસ્ટમાં આગળ લખવામાં આવ્યું છે કે, અન્ય વિડિયોમાં ઈલેક્ટ્રોનિક ડિવાઈસ લઈને જતી જોવા મળેલી વ્યક્તિ ચૂંટણી પંચનું માન્ય આઈડી કાર્ડ ધરાવનાર અધિકૃત વ્યક્તિ છે.

વીડિયોમાં તે સ્પષ્ટપણે કહેતો જોઈ શકાય છે કે તે સ્ટ્રોંગ રૂમના નહીં પણ DC/RCના સીસીટીવી કેમેરા હટાવવા આવ્યો છે.પોલીસે સ્પષ્ટતા કરી કે, 'સ્ટ્રોંગ રૂમમાં સીસીટીવી કેમેરા લાગેલા છે અને તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ચોવીસ કલાક તેમના પર નજર રાખી રહ્યા છે. DC/RC એરિયા સ્ટ્રોંગ રૂમથી અલગ છે અને ઈફસ જમા થયા પછી તેને લોક કરી દેવામાં આવે છે. તેથી ડીસી/આરસી કેમેરા હવે ઉપયોગી નથી.

### બ્રિટિશના નિષ્ણાંતોએ ચિંતા વ્યક્ત કરી

# કોરોના કરતા પણ વધારે ખતરનાક મહામારીનો ખતરો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

સમગ્ર વિશ્વમાં ફરી એકવાર કોરોના જેવી મહામારીનો ખતરો ઉભો થયો છે, આ વખતે સ્થિતિ ૨૦૨૦ કરતા પણ ખરાબ થવાની છે. જે અંગે બ્રિટિશના નિષ્ણાતો દ્વારા કોરોનાથી પણ ખતરનાક બીમારી આવવાની ચિંતા વ્યક્ત કરી છે.

સમગ્ર વિશ્વમાં ફરી કોરોના જેવી મહામારીનો ખતરો ઉભો થયો છે, આ વખતે સ્થિતિ ૨૦૨૦ કરતા પણ વધુ ખરાબ થવાની છે. બ્રિટિશ નિષ્ણાતોએ આ અંગે ચેતવણી જાહેર કરી છે. બ્રિટનના ભૂતપૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર સર પેટ્રિક વેલેન્સે દાવો કર્યો છે કે વિશ્વના દરવાજા પર વધુ એક ભયંકર રોગચાળો ઉભો છે. આને ધ્યાનમાં રાખીને દરેકે તૈયાર રહેવું જોઈએ. અત્યારે દુનિયાના ઘણા દેશોમાં ચૂંટણી ચાલી રહી છે, લોકોએ ચૂંટણીમાં આવા મુદ્દા ઉઠાવવા જોઈએ.

પેટ્રિક વેલેન્સે કહ્યું કે હવે જે રોગચાળો આવશે તેને રોકવો લગભગ અશક્ય બની જશે. તેમણે બ્રિટનના લોકોને ચૂંટણીમાં આને મહત્વનો મુદ્દો બનાવવા જણાવ્યું હતું. તેમજ પેટ્રિક વેલેન્સે તમામ દેશોની સરકારોને સતર્ક રહેવા જણાવ્યું છે. પેટ્રિક વેલેન્સ એપ્રિલ ૨૦૧૮ થી ૨૦૨૩ સુધી બ્રિટનના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર રહી ચૂક્યા છે. તેમના કાર્યકાળ દરમિયાન બ્રિટન સહિત સમગ્ર વિશ્વને કોરોના સામે સંઘર્ષ કરવો પડ્યો હતો. વેલેન્સે કોરોના સામે નીતિઓ બનાવી, તેમની સિદ્ધિઓ માટે તેમને વર્ષ ૨૦૨૨માં સરનું બિરુદ આપવામાં આવ્યું. આવી સ્થિતિમાં વેલેન્સની ચેતવણીએ ફરી એકવાર ચિંતા વધારી દીધી છે.

તેમણે કહ્યું કે, ૨૦૨૦માં કોરોનાને કારણે યોગ્ય સારવાર લોકો સુધી પહોંચી શકી નથી, આ વખતે જરૂરી ૫ ગલાં લેવાની જરૂર છે, જેથી સારવાર અને રસી સરળતાથી લોકો સુધી પહોંચાડી શકાય. વેલેન્સે વિશ્વના ૯૭ દેશોને કહ્યું કે આવી સ્થિતિમાં તાત્કાલિક પગલાં લેવાનું મહત્વપૂર્ણ છે, કોરોના સમયગાળા દરમિયાન જે સિસ્ટમ બનાવવામાં આવી હતી તે હમણાં જ હળવી કરવામાં આવી છે. આવનારી મહામારી આ બેદરકારીનું પરિણામ હશે.

### આ કાર્યક્રમ આચાર સંહિતાનું ઉલ્લંઘન છે : કોંગ્રેસ

# મોદી કન્યાકુમારીના વિવેકાનંદ રોક મેમોરિયલમાં ધ્યાન કરશે

**। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૯ ।**

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના છેલ્લા તબક્કા માટે ૧ જૂને મતદાન થશે. આ તબક્કા માટે ચૂંટણી પ્રચારના પડઘમ ૩૦ મેની સાંજે શાંત થશે. પીએમ મોદી ૩૦ મેના રોજ સાંજે કન્યાકુમારીમાં વિવેકાનંદ રોક મેમોરિયલની મુલાકાત લેવાના છે જ્યાં તેઓ ધ્યાન કરશે. જો કે પીએમ મોદીના આ કાર્યક્રમથી કોંગ્રેસે નારાજગી દર્શાવી છે. તમિલનાડુ કોંગ્રેસે કહ્યું છે કે પીએમ મોદીનો આ કાર્યક્રમ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરે છે. કોંગ્રેસે પીએમ મોદીના કાર્યક્રમને લઈને ચૂંટણી પંચમાં જવાની પણ વાત કરી છે. તમિલનાડુ કોંગ્રેસે કન્યાકુમારીના વિવેકાનંદ રોક ખાતે પીએમ મોદીના ધ્યાન કાર્યક્રમ વિશે કહ્યું છે કે આ ચૂંટણીના છેલ્લા તબક્કા પહેલા યોજાયેલું નાટક છે. કોંગ્રેસે કહ્યું કે તે ચૂંટણી પંચનો સંપર્ક કરશે અને કહેશે કે છેલ્લા તબક્કાના એક દિવસ પહેલા મત માંગવાનો આ ડ્રામા છે. તમિલનાડુ કોંગ્રેસના વડા સેલવાપેરુન્ધાગાઈએ કહ્યું કે પીએમ મોદી દ્વારા આ કાર્યક્રમનું આયોજન આચારસંહિતાનું ઉલ્લંઘન કરે છે કારણ કે તે સતત મીડિયા કવરેજ દ્વારા મતદારોને પ્રભાવિત કરી શકે છે.તમિલનાડુ કોંગ્રેસના વડા સેલવાપેરુન્ધાગાઈએ જાહેરાત કરી છે કે તેઓ કન્યાકુમારીમાં વિવેકાનંદ રોક મેમોરિયલ ખાતે પીએમ મોદીના કાર્યક્રમને રોકવા માટે ચૂંટણી પંચનો સંપર્ક કરશે. આ સાથે ડીજીપીને આગામી ત્રણ દિવસમાં પ્રવાસીઓ માટે સંભવિત વિક્ષેપને ટાંકીને પીએમ મોદીના કાર્યક્રમની પરવાનગી નકારવા માટે પણ વિનંતી કરવામાં આવશે. પીએમ મોદીનો આ કન્યાકુમારી પ્રવાસ ૩૦ મેથી ૧ જૂન સુધી રહેશે. પીએમ મોદી ૩૦ મેથી ૧ જૂનની સાંજ સુધી વિવેકાનંદ રોક મેમોરિયલમાં ધ્યાન કરશે. તેઓ રોક મેમોરિયલના એ જ પથ્થર પર ધ્યાન કરશે જ્યાં સ્વામી વિવેકાનંદે ધ્યાન કર્યું હતું. સત્તાવાર કાર્યક્રમ અનુસાર આ પહેલા ૩૦ મેના રોજ સવારે ૧૧ વાગ્યે પીએમ મોદી હોશિયારપુરમાં ચૂંટણી રેલીને સંબોધિત કરશે. આ પછી તે તમિલનાડુ જશે અને ત્યાં રાત્રી રોકાણ કરશે.

### બ્રૃજભૂષણના પુત્ર કરણ ભૂષણના કાફલાએ અકસ્માત સર્જ્યો

# બીજેપી સાંસદના પુત્રના કાફલાએ સર્જયો અકસ્માત

**। (એજન્સી) કૈસરગંજ, તા.૨૯ ।**

કૈસરગંજના ભાજપના ઉમેદવાર કરણ ભૂષણ સિંહના ઝડપી વાહનોના કાફલા સાથે બાઈક અથડાતાં ત્રણ લોકો ઘાયલ થયા હતા. જેમાં બાઈક સવાર બે યુવકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. અન્ય એક મહિલાની હાલત ગંભીર છે, પ્રાથમિક સારવાર બાદ તેને મેડિકલ કોલેજમાં રીફર કરવામાં આવી હતી. કૈસરગંજના ભાજપના ઉમેદવાર કરણ ભૂષણ સિંહના ઝડપી વાહનોના કાફલા સાથે બાઈક અથડાતાં ત્રણ લોકો ઘાયલ થયા હતા. જેમાં બાઈક સવાર બે યુવકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. અન્ય એક મહિલાની હાલત ગંભીર છે, પ્રાથમિક સારવાર બાદ તેને મેડિકલ કોલેજમાં રીફર કરવામાં આવી હતી. કૈસરગંજના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર કરણ ભૂષણ સિંહના વાહનોના કાફલા સાથે આજે બાઈક અથડાતા ત્રણ લોકો ઘાયલા થયા હતા. આ પૈકીના બે બાઈક ચાલકોનું સ્થળ પર જ મોત થયું હતું. જોકે હાલ એક મહિલાની સ્થિતિ ખૂબ જ ગંભીર છે. મહિલાની પ્રાથમિક સારવાર કરવામાં આવ્યા પછીથી તેને મેડિકલ કોલેજમાં રીફર કરવામાં આવી હતી. કર્નલગંજ-હુઝુરપુર રોડ પર છતાઈપુરવા સ્થિત બૈકુંઠ ડિગ્રી કોલેજ પાસે બુધવારે સવારે આ અકસ્માત થયો હતો. અકસ્માત બાદ અન્ય લોકો સ્કોટમાં ચાલી રહેલા ફોર્ચ્યુનર વાહનને છોડીને સ્થળ પરથી ભાગી ગયા હતા. માહિતી મળતાં જ ગ્રામજનોના ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. રોડ પર વિરોધ કરવાની સાથે રોષે ભરાયેલા લોકોએ કાર સળગાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. અકસ્માત બાદ કટરાબજાર, પારસપુર, કૌડિયા અને કર્નલગંજ પોલીસ સ્ટેશનના પોલીસ દળોએ ચાર્જ સંભાળ્યો હતો. લગભગ એક કલાક સુધી કર્નલગંજ-હુઝુરપુર રોડ પર જામ રહ્યો હતો. એસડીએમ, અધિક પોલીસ અધિક્ષક, સીઓ કર્નલગંજ અને સીઓ સિટીના સામૂહિક પ્રયાસો અને મુકદ્દમાની ખાતરી પછી, દેખાવકારોએ જામ હટાવ્યો. કૈસરગંજના સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહના પુત્ર અને ભાજપના ઉમેદવાર કરણ ભૂષણ સિંહના ભારે કાફલામાં મુસાફરી કરી રહેલા પોલીસ સ્પોર્ટ ફોર્ચ્યુનર વાહને બે બાઈક સવાર યુવકોને કચડી નાખ્યા હતા. રેહાન ખાન (૨૧) અને શહઝાદ ખાન (૨૦), નિંદુરાના રહેવાસીઓનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

# તંત્રી લેખ...

## શહેરોમાં રહેતા લોકો સ્વચ્છ વાતાવરણના સંકટ અને જુદી જુદી પર્યાવરણીય સમસ્યા સામે ઝઝૂમી રહ્યા

છેલ્લા કેટલાય સમયથી ઋતુચક્ર અનિયમિત બની રહ્યાના પરિણામે માનવ જીવનને ઘેરી અસર પહોંચી રહી છે. તેમાંયે આ વર્ષ ઉનાળો કદાચ ૧૦ વર્ષ બાદના સ્તરે દાહક બન્યો છે. અગાઉ ૪૦ ડિગ્રી ગરમી તોબા પોકારાવતી હતી પરંતુ આ વખતે ૪૪થી ૪૫ ડિગ્રી જેટલી કાળઝાળ ગરમી પખવાડિયા સુધી ધખધખતી રહી હતી. તેમાંયે ગ્રામ્ય વિસ્તારોમાં સંભવિત વૃક્ષો-ખેતરોની લીલોતરીના કારણે કદાચ થોડી શાતા હતી પરંતુ શહેરીજનોની હાલત વધુ કફોડી બની છે. વિશ્વ બેંકે તાજેતરમાં તીવ્ર ગતિએ થઈ રહેલ શહેરીકરણ અને જળવાયુ પરિવર્તન વચ્ચેના સંબંધો અંગે 'થ્રાઈવિંગ : મેકિંગ સિટીઝ ગ્રીન, રેજિલિએન્ટ એન્ડ ઈક્લૂસિવ ઈન એ ચેન્જિગ કલાઈમેટ' નામનો રિપોર્ટ પ્રકાશિત કર્યો છે.દુનિયાના ૧૦ હજારથી વધુ શહેરોના અધ્યયન પર આધારિત આ રિપોર્ટ દર્શાવે છે કે જળવાયુ પરિવર્તનનો શહેરો અને તેમાં રહેતી આબાદી પર પ્રતિકૂળ પ્રભાવ પડી રહ્યો છે. શહેરોમાં રહેતા લોકો સ્વચ્છ વાતાવરણના સંકટ અને જુદી જુદી પર્યાવરણીય સમસ્યા સામે ઝઝૂમી રહ્યા છે. તીવ્ર શહેરીકરણની સમાંતર શહેરોમાં પર્યાવરણના ક્ષરણની ગતિ પણ ચિંતાજનક છે. ૧૯૭૦થી ૨૦૨૧ની વચ્ચે શહેરોમાં રહેતા લોકોની સંખ્યા ૧.૧૯ અબજથી વધીને ૪.૪૬ અબજ થઈ ગઈ. સંયુક્ત રાષ્ટ્રનું અનુમાન છે કે, ૨૦૫૦ સુધીમાં દુનિયાની લગભગ ૭ ટકા આબાદી શહેરોમાં વસી જશે. જેના કારણે માનવ સમાજને અનેક જોખમોનો સામનો કરવો પડી શકે છે. શહેરોમાં વસવાટ માટે મકાનો બનાવવા સાથે આધારભૂત સંરચનાઓ,કારખાનાઓનો વિકાસ અને વિલાસિતાપૂર્ણ જીવનશૈલીના કારણે શહેરો ગરમ દ્વિપ માં પરિણમી રહ્યા છે. શહેરોની આધુનિક સંરચનાઓ મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે અલગાવ વધારે છે. શહેરોના ઉત્તરોતર વિકાસના ક્રમમાં હરિત આવરણનો વિનાશ થાય છે. જેના કારણે જૈવ વિવિધતા ઘટતી જાય છે. આંતરરાષ્ટ્રીય પ્રકૃતિ સંરક્ષણ સંઘની લાલ સૂચિમાં પ્રજાતિઓ માટે શહેરીકરણને ત્રીજા સૌથી મોટા ખતરાના રુપમાં ઓળખ કરવામાં આવી છે. ધરતીના માંડ બે કે ત્રણ ટકા ભાગમાં ફેલાયેલા શહેરો આજે વૈશ્વિક માનવજનિત ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનના લગભગ ૭૦ ટકા હિસ્સા માટે જવાબદાર છે. શહેરો કોઈપણ દેશના આર્થિક વિકાસ માટે પાવર હાઉસ હોય છે. પરંતુ શહેરોએ જળવાયુ પરિવર્તનના કારક બનવાના બદલે તેનું સમાધાન પ્રસ્તુત કરવું જોઈએ.

## આ નિર્ણય મમતા સરકાર માટે એક મોટો રાજનીતિક ઝટકો છે

મમતા બેનરજી સરકારની તરફથી ૨૦૧૦ બાદ મુસ્લિમ જાતિઓને ઓબીસી પ્રમાણપત્ર આપવાના નિર્ણયને કલકત્તા ઉચ્ચ ન્યાયાલયે ખારિજ કરી દીધો. જો કે કોર્ટે પોતાના નિર્ણયમાં કહયું હતું કે, જેઓને ઓબીસી પ્રમાણપત્ર દ્વારા નોકરીઓ મળી ગઈ છે તેમની પર કોઈ પ્રતિકૂળ અસર નહી પડે પરંતુ તેમના નિર્ણયથી લગભગ પાંચ લાખ લોકો પ્રભાવિત થશે. કલકત્તા ઉચ્ચ ન્યાયાલયે મમતા સરકારના નિર્ણયને મનમાનીભર્યો ગણાવીને ખારિજ કર્યો હતો. ઉચ્ચ ન્યાયાલયના આ નિર્ણયથી નારાજ મમતા બેનરજી રાજનીતિક કારણોથી કહી રહ્યા છે કે તેઓ આ નિર્ણયને નહીં માને. જો તેઓને હાઈકોર્ટનો નિર્ણય સ્વીકાર્ય નથી તો તેમને સુપ્રીમ કોર્ટ જવું પડશે. કારણ કે આ નિર્ણય મમતાની મુસ્લિમ તૃષ્ટિકરણની રાજનીતિનો પરિચાયક છે, આથી તેની પર આશ્ચર્ય નથી કે વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહે તેની પર રાજનીતિક હૂમલો કર્યો છે. મુસ્લિમ જાતિઓને ઓબીસી પ્રમાણપત્ર આપવાના મમતા સરકારના નિર્ણયને કલકત્તા ઉચ્ચ ન્યાયાલયે એવા સમયે ખારિજ કર્યો છે જયારે રાજયમાં ચૂંટણી યોજાઈ રહી છે. સ્પષ્ટ છે કે આ નિર્ણય મમતા સરકાર માટે એક મોટો રાજનીતિક ઝટકો છે. આ અગાઉ આવો ઝટકો કલકત્તા ઉચ્ચ ન્યાયાલયના એ નિર્ણયથી પણ લાગ્યો હતો, જેમાં કોર્ટે ૨૫ હજાર શિક્ષકો અને શાળાઓના કર્મચારીઓની ભરતીને ગેરકાયદે ગણાવી ખારિજ કરી દીધી હતી. જો કે બાદમાં સુપ્રીમ કોર્ટે મમતા સરકારને થોડી રાહત આપી હતી. પરંતુ ઉચ્ચ ન્યાયાલયના આ નિર્ણયે મમતા સરકાર સામે રાજકીય સંકટ ઊભું કરી દીધું હતું. આ ઉપરાંત કોર્ટના અન્ય નિર્ણયોમાં સંદેશખાલીમાં તૃણમુલ કોંગ્રેસના નેતા શાહજહાં શેખ દ્વારા જમીનો પર કબજો અને મહિલાઓ પ્રતિ અત્યાચાર સાથે જોડાયેલો છે. આ કેસમાં મમતા સરકારને ઉચ્ચ ન્યાયાલય અને સર્વોચ્ચ ન્યાયાલયની ફટકાર સાંભળવી પડી હતી. મમતા સરકાર પર મુસ્લિમ તૃષ્ટિકરણનો આરોપ ત્યારથી લગાવવામાં આવી રહ્યો છે જયારથી તેઓ સત્તામાં આવ્યા છે. બંગાળની રાજનીતિમાં મુસ્લિમ તૃષ્ટિકરણ મુખ્ય મુદ્દો છે. ભાજપા આ મુદ્દાને લઈને મમતા સરકારને ઘેરી રહી છે. બંગાળમાં અગાઉ મુસ્લિમ સમુદાયનું તુષ્ટિકરણ કોંગ્રેસ તરફથી અને બાદમાં વામપંથી દળો દ્વારા કરવામાં આવતું હતું. વામદળોને પરાસ્ત કરીને સત્તા હાંસલ કરનાર મમતા બેનરજીએ પણ આ મુદ્દે કામ ચાલુ રાખ્યું. ૧૯૪૭માં જયારે ધર્મ આધારે ભારતનું વિભાજન થયું ત્યારે પંજાબમાંથી બંને ધર્મના લોકો એકબીજાના ભાગમાં પલાયન થયા. પરંતુ બંગાળમાં પૂર્વી પાકિસ્તાન અર્થાત આજના બાંગ્લાદેશમાં રહેતા હિન્દુઓ મોટી સંખ્યામાં પલાયન કરીને ભારત આવ્યા બંગાળમાં રહેનાર પૈકી કેટલાક મુસ્લિમો જ નવા દેશમાં રહેવા ગયા હતા. બંગાળની સીમા બાંગ્લાદેશ સાથે જોડાયેલી છે.સીમા પર કેટલાક વિસ્તારો એવા જોડાયેલા છે કે બંને તરફથી અવરજવર આસાનીથી થઈ શકે. જેથી બાંગ્લાદેશમાંથી હિન્દુઓની સાથે મોટી સંખ્યામાં મુસ્લિમો પણ બંગાળમાં આવીને વસ્યા. આવી જ રીતે આસામ અને ત્રિપુરામાં પણ તેઓ વસ્યા આ ત્રણે રાજયમાં બાંગ્લાદેશથી ગેરકાયદે રીતે આવેલા મુસલમાનોની સંખ્યા કેટલી છે તેનું અનુમાન કરવું આસાન નથી. બાંગ્લાદેશથી આવેલા મુસલમાનોએ મતદાતા ઓળખકાર્ડ, આધારકાર્ડ, રેશનકાર્ડ વગેરે બનાવી લીધા છે. તેઓ તૃષ્ટિકરણની રાજનીતિ કરનાર દળો માટે મોટી વોટ બેંક બની ગયા છે. બાંગ્લાદેશથી આવેલ મુસ્લિમ આબાદીએ બંગાળની સાથે સાથે આસામમાં સામાજીક તાણાવાણાને બદલી નાંખ્યા છે. અનેક નિર્વાચન ક્ષેત્રોમાં તેઓ નિર્ણાયક સ્થિતિમાં આવી ગયા છે. આથી જ તેમની ઓળખ કરવાની માંગણી વારંવાર થઈ રહી છે. મોદી સરકારે આ સિલસિલામાં નાગરિકતા કાનૂનમાં સંશોધન કર્યુ. જેથી બાંગ્લાદેશથી આવેલા બિન મુસ્લિમ લોકોને દેશની નાગરિકતા આપી શકાય. વોટ બેંકની રાજનીતિમાં એક સમયે આંધ્ર પ્રદેશમાં પણ મુસ્લિમ સમાજને આરક્ષણ અપાયું હતું. આ કામ કર્ણાટકની કોંગ્રેસ સરકારે પણ કર્યુ, તેણે સમસ્ત મુસ્લિમ સમાજની પછાત માનીને ઓબીસી આરક્ષણ આપી દીધું.

---

### અંતરના દરિદ્ર ભાવને લઈને ભક્ત ભગવાનને શરણે જાય છે અને કહે છે, કે હે કરુણા સિંધુ મારો હાથ ગ્રહી લ્યો

# નાથ, હું જેવો તેવો પણ તારો! એ પ્રાર્થના થકી શુદ્ધ ભાવે સર્વેશ્વર ને શરણે જઈએ!

**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**પરિસ્થિતિ અનુકૂળ થઈ જાય, એટલે વળી પાછો અહમ ફૂફાડા મારવા લાગે છે દિવસે દિવસે વિકટ થતી જતી આ પરિસ્થિતિમાં માનવીએ જો પોતાનું અસ્તિત્વ બચાવવું હોય તો, ઈશ્વરને શરણે જવું પડશે, અને અત્યાર સુધી કરેલા પોતાના તમામ નાના-મોટા અપરાધોની હૃદય પૂર્વક માફી માગી અને કહેવું પડશે**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સદીઓથી માનવીની એક માનસિકતા તો રહી જ છે કે, પહેલા કંઈ ન વિચારે અને આડેધડ જીવે, પછી લાગે કે હવે પૂરેપૂરો ઘેરાઈ ગયો છું, કોઈ માર્ગ નથી, હું સુરક્ષિત નથી! અને મૃત્યુ માથે તોળાઈ રહ્યું છે, ત્યારે તેને ઈશ્વર યાદ આવે, અને પછી એનું શરણું શોધવા દોડે, પણ મૂળમાં તો મૃત્યુનો ભય પ્રાર્થના કરાવે છે. એમ તો એમ પણ પ્રભુને શરણે ગયા વગર અહીં ઉદ્ધાર નથી, એ સત્ય છે. દાખલા તરીકે અત્યારે આ કાળજાળ ગરમીથી બચવા લોકો ઈશ્વરને પ્રાર્થના કરે છે કે, હે ભગવાન હવે જટ વરસાદ મોકલ! પણ જરા વિચારો આટલી ગરમીના પરિણામે જે વરસાદ આવશે, એ પણ અતિવૃષ્ટિ રૂપે જ આવશે! અને પછી એ રીતનો ભય ! ખેડૂતોને પાક ધોવાઈ જવાનો ભય તો નીચાણ વાળા વિસ્તારોમાં રહેતા લોકોને પોતાના રહેઠાણો અને ઘરવખરી તણાઈ જવાનો ભય! હવે તો શહેરોને પણ ક્યાં છોડે છે, અને એ રીતે જે તે પરિસ્થિતિ આવી પડે, એ બધું આપણે સહન કરી શકતા નથી. પ્રકૃતિને આપણે બહુ પ્રતાડિત કરી છે, અને એને કારણે એ અસંતુલિત થઈ ગઈ છે. એટલે વારંવાર આવી કુદરતી આપત્તિઓ આવે છે. પણ બાજી આપણાં હાથમાં છે, આપણે સામુહિક રીતે પ્રકૃતિને શાંત કરવા શરણાગત બની, હરિ સ્મરણ કરી પ્રકૃતિનું સકારાત્મક બળ વધારીએ.

★નાથ, હું
જેવો તેવો પણ તારો.★

નાથ, હું જેવો તેવો પણ તારો
કરુણાસિંધુ ગ્રહો કર મારો ... ટેક
સાંકડા નાં સાથી શામળિયા,છો બગડયાના બેલી,
ચરણ પડયો ખલ અમિત કુકમી, તદાપિ ન મકો ઠેલી...
નાથ હું જેવો તેવો પણ તારો.(૧)

અંતરના દરિદ્ર ભાવને લઈને ભક્ત ભગવાનને શરણે જાય છે અને કહે છે, કે હે કરુણા સિંધુ મારો હાથ ગ્રહી લ્યો. જેનું ભાગ્ય ખીલ્યું નથી અને એને ઓછપમાં દિવસ કાઢવાના છે, લઘુતા ગ્રંથિ ધરાવું છું, જે માર્ગે જાઉં ત્યાં બાજી બગડે છે, અને ખલ છું, કુકર્મી છું, પણ ચરણ આવું તો એને ક્યારેય ઠેલી ન મુકતા, જેવો તેવો પણ હું તારો છું.

નિજજન જૂઠાની જાતી લજ્જા, રાખોછો શ્રીરણછોડ,
શૂન્ય-ભાગ્યને સફળ કરો છો, પૂરો વરદ બળ કોડ...
નાથ હું જેવો તેવો પણ તારો.(૨)

હે રણછોડ રાય તમે, શરણે આવેલાનાં દોષ જોતાં નથી, અને જે જરા પણ સજ્જન નથી, એવા જુઠાની લાજ રાખો છો, જેનું ભાગ્ય શૂન્ય છે, એને સફળ કરો છો, અને એના તમામ કોડ પૂરા કરો છો, તો નાથ હું પણ જેવો તેવો પણ તારો.

અવળનું સવળ કરો સુંદર-વર, જ્યારે જન જાય હારી,
અયોગ્ય યોગ્ય,પતિત કરો પાવન પ્રભુ દુષ્કૃત્યહારી..
નાથ હું જેવો તેવો પણ તારો.(૩)

હે રણછોડરાય માનવીને જ્યારે કંઈ જ સુજતું નથી, અને કોઈ માર્ગ દેખાતો નથી, ત્યારે એ તારે શરણે આવે છે, અત્યાર સુધી બધું જ જે અવળું હતું એ સવળું થવા લાગે છે. પોતે હારી ગયો છે એવું લાગતું હતું ત્યાં જીતની આશા દેખાય છે, ત્યારે તું એ યોગ્ય છે કે અયોગ્ય છે એવું જોતો નથી અને એ દુષ્કૃત્ય કરનાર નાં તમામ દુઃખો તુ હારી લે છે, તો હું પણ તારે શરણે આવ્યો, અને જેવો તેવો પણ તારો.

વિનિત વિના રક્ષક નિજ જનના, દોષ તણા ગણુ જાણો,
સ્મરણ કરતાં સંકટ ટાળો, ગણો ન મોટો નાનો ...
નાથ હું જેવો તેવો પણ તારો.( ૪)

જેણે આજ સુધી કોઈ વિનીત કર્મ કર્યું નથી, એટલે કે પુણ્ય કમાયો નથી, એના લાખ દોષને જાણવા છતાં એનો રક્ષક બની ઉભો રહે છે! કારણ કે એણે તારું સ્મરણ કર્યું છે, દુઃખમાં તને યાદ કર્યો છે, તારા શરણે આવી ગયો છે, તો નાથ જેવો તેવો પણ તારો

વિકળ પરાધીન પીડા પ્રજાળો, અંતરનું દુઃખ જાણો,
આરત બધું સહિષ્ણુ અભયકંર, અવગણુ નવ આણો...
નાથ હું જેવો તેવો પણ તારો.(૫)

અંતરની આ પીડા મને પરાધીન કરી રહી છે, અને શું થઈ રહ્યું છે એ હું કરી શકતો નથી, આ ભયંકર વ્યાધિને હે સહિષ્ણુ અભયંકર તું જ હારી શકે તેમ છે, હે નાથ મને અવગણો નહીં, જેવો તેવો પણ તારો.

સર્વેશ્વર સર્વાત્મા સવત્ર દયા પ્રીતમ ગરધારી,
શરણાગત-વત્સલ શ્રીજી મારે મોટી ઓથ તમારી ...
નાથ હું જેવો તેવો પણ તારો.(૬)

હે પ્રીતમ ગિરધારી તુ જ સર્વેશ્વર છે અને કણ કણમાં વ્યાપ્ત છે સર્વ આત્મા તું જ વિરાજમાન છે અને જગતમાં સર્વ તારી દયા વિહાર કરી રહી છે, એવા શ્રીજી વત્સલ મારે સૌથી મોટી તમારી ઓથ છે. નાથ હું જેવો તેવો પણ તારો.

આ રચના દયારામની છે, અને કવિએ પોતાની રચના જાણે આજના માનવ ને અનુલક્ષીને લખી હોય એમ જ્યારે માનવને કોઈ જ માર્ગ સુજે નહીં ત્યારે ઈશ્વર શરણે જઈ અને તેને જેવો તેવો પણ તારો! એમ કરી પ્રાર્થના કરવાથી આપણા તમામ દુઃખોનો અંત આવે છે એવું સ્પષ્ટપણે કહ્યું છે. શ્રી રણછોડ રાય એ સમયે કોઈના પાપ પુણ્યના લેખ-જોખા કરતો નથી, સજ્જન છે કે નિર્જન છે, એવી કોઈ પંક્તિ ત્યાં આગળ છે નહીં. શઠ છે, ખલ છે, કુકર્મી છે, માટે અહીં સ્થાન નથી! એવી કોઈ વાત પણ છે નહીં. માત્ર ને માત્ર અંતરના શુદ્ધ ભાવથી પોતાનું આત્મનિવેદન રાખવાનું છે કે, હે શ્રીજી તું વત્સલ છે, અને હું જેવો તેવો પણ તારો છું! પણ આપણો અહમ અને આગ્રહ એટલા મોટા થઈ ગયા છે, કે આવો ભાવ આવવો મુશ્કેલ થતો જાય છે, અને કદાચ કોઈ સમય સંજોગોએ આવે તો પણ, એ સદા માટે રહેતો નથી. પરિસ્થિતિ અનુકૂળ થઈ જાય, એટલે વળી પાછો અહમ ફૂફાડા મારવા લાગે છે. દિવસે દિવસે વિકટ થતી જતી આ પરિસ્થિતિમાં માનવીએ જો પોતાનું અસ્તિત્વ બચાવવું હોય તો, ઈશ્વરને શરણે જવું પડશે, અને અત્યાર સુધી કરેલા પોતાના તમામ નાના-મોટા અપરાધોની હૃદય પૂર્વક માફી માગી અને કહેવું પડશે, હે પ્રભુ હું જેવો તેવો પણ તારો! મારી સઘળી સમસ્યાનું મૂળ મારું સાંકડાપણું હતું કે હું સર્વ સમર્થ છું! અને એ ભૂલને સુધારવા હું તારે શરણે આવી ગયો છું! તું બગડ્યાનો બેલી છો! ચારે બાજુથી બધું જ બગડી ગયું છે, અને હવે તારી સિવાય કોઈ અમારો ઉદ્ધાર કરી શકે એમ નથી. દિવસે દિવસે વિકળ થતી જતી આ પરિસ્થિતિમાં માત્રને માત્ર ઈશ્વર જ સહાયક બની શકે એમ છે, માટે ઝડપથી બધું સરખું થાય એમ ઈચ્છતા હોઈએ, તો સામૂહિક પ્રાર્થનાનાં સમયને સાધી લઈએ, એ જરૂર આપણી મદદ કરશે! એ જ આપણું રક્ષણ કરશે, અને એ જ આપણો બેલી બની વાત્સલ્ય વરસાવશે, તો હજી પણ મોડું થયું નથી ચાલો એનું શરણ પકડીએ. સમયસર આપણે કવિની રચના મુજબ ઈશ્વરના શરણે જઈને શરણાગતિ સ્વીકારી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

### આપણી પાસે જે નથી એ બધી વસ્તુઓની ફરિયાદ આપણે ઈશ્વરને કરીએ છીએ, પરંતુ ઈશ્વરે આપણને જન્મજાત જે પાંખો આપી છે

# તમારામાં રહેલ કૌશલ્ય -ખામીઓને ઓળખો કૌશલ્યથી કોતરણી કરશો તો મૂર્તિ બનશે... ખામીઓથી ખોદકામ કરશો તો ખાડા મળશે..!!

**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ઉનાળું વેકેશન નાના મોટા સૌ વિદ્યાર્થી ભાઈ બહેનો મામા માસી ફઈ કે મનોરંજન આપતા સ્થળે પસાર કરી રહયા છે રાજકોટ ગેમઝોનનો અગ્નિકાંડ થોડી વિહવળતા આપી રહયો છે પણ હવે વેકેશન પૂરું થવાને થોડી જ વાર છે ધોરણ ૧૦-૧૨ કોલેજના વિવિધ વિભાગોના પરિણામ જાહેર થયેલ છે**

કાળઝાળ ગરમીના પ્રકોપનો અંતિમ સમય ચાલી રહ્યો છે એટલે સમગ્ર જીવસૃષ્ટિ ત્રાહિમામ પોકારી ઉઠી છે.. બસ હવે થોડા કલાકો કે દિવસ આ આફત સામે ધીરજથી જીવનની એકએક ક્ષણ પસાર કરશો તો આગામી સમય સારો આવશે જ ગરમીથી છુટકારો સાથે અનોખું વાતાવરણ બનશે. ઉનાળું વેકેશન નાના મોટા સૌ વિદ્યાર્થી ભાઈ બહેનો મામા માસી ફઈ કે મનોરંજન આપતા સ્થળે પસાર કરી રહયા છે. રાજકોટ ગેમઝોનનો અગ્નિકાંડ થોડી વિહવળતા આપી રહયો છે પણ હવે વેકેશન પૂરું થવાને થોડી જ વાર છે ધોરણ ૧૦-૧૨ કોલેજના વિવિધ વિભાગોના પરિણામ જાહેર થયેલ છે.આગળ શું કરવું એ વિદ્યાર્થી ભાઈ બહેનો તમારે તમારામાં રહેલી શક્તિ કૌશલ્યથી નક્કી કરવું પડશે. તમે સ્વ પોતાની શક્તિ કૌશલ્યને ઓળખાતા શિખો તો જ સારી સફળતા પ્રાપ્ત કરી શકશો. અહી તમને એક સરસ વાત મને ગમી તે તમારી સમક્ષ રજુ કરું છું. તમારી શક્તિ કૌશલ્ય શું છે તે તમે જાણો છો તે પ્રમાણે આગળ વધો ચોક્કસ તમારા ધ્યેય પ્રાપ્ત કરી સારા સ્થાને બિરજશો. બે ત્રણ ફૂટ ઊંચાઈ ધરાવતા એક વિદ્યાર્થી એ નક્કી કર્યું કે તેનામાં જે કૌશલ્ય છે તે પ્રમાણે ડોક્ટર જ બનવું તેને આ મક્કમતાથી નક્કી કર્યું મેડિકલ ધારા ધોરણ પ્રમાણે તેને મેડિકલ કોલેજમાં પ્રવેશ ના મળે પણ તે તેની સામે પણ મક્કમતાથી લડ્યો મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવી ડોક્ટર બની બહાર આવ્યો. ગભરાયા કે બીજાની મજાકને ધ્યાને લીધા વિના ઈશ્વર કૃપાથી તમને બીજા કરતા જે વિશેષ શક્તિ કૌશલ્ય પ્રાપ્ત થયું છે તેના થકી આગળ વધો ચોક્કસ સફળ થઈ બહાર આવશો..તમારા જીવનમાં આ એક નાનકડી વાત દિવ્ય જ્યોત જલાવી દે.. આગામી દિવસોમાં દેશના નેતાઓ નું ભાવિ ઈવીએમ બહાર આવતા નક્કી થશે.

એક જંગલ હતું તેની સીમમાં વર્ષોથી એક સુકો કૂવો હતો તેની બાજુમાં બહુ વૃક્ષ હતું જેની ડાળી એ એક જે ચકલી એ તેનો માળો બનાવ્યો હતો,તેમાં ચકલીએ પોતાના ઈંડા મુક્યા,હવે થયું એવું કે એકવાર ખૂબ ભારે પવન ફૂંકાવાને કારણે તે માળામાંથી એક ઈંડુ બાજુના કુવા માં પડ્યું,તે કૂવામાં દેડકાઓની વસ્તી હતી તેમાંથી દેડકાએ તેને પોતાની પાસે સાચવીને રાખ્યું સમય જતાં તેમાંથી એક ચકલીનું બચ્ચું નીકળ્યું, તે દેડકા તેને પોતાના સંતાનની જેમ ઉછેરવા લાગ્યા, પણ એ બચ્ચું દેડકાના બચ્ચાઓ થી અલગ હતું એટલે બધા નાના દેડકાઓ તેની મજાક ઉડાવતા.

તારું મો કેવું નાનું છે, અરે ! તું તો લાંબો કૂદકો પણ મારી નથી શકતું, અરે તારા તો અમારા જેવા હાથ પણ નથી, તારી જીભ તો સાવ નાની છે,'આવું બધું કહીને રોજ એ બચ્ચાંનો મજાક ઉડાવતા, એ ચકલાનું બચ્ચું ખૂબ દુખી થતું અને આકાશ તરફ જોઈને ભગવાનને રોજ ફરિયાદ કરતું, 'ભગવાન તમે મને કેમ આ બધાથી અલગ બનાવ્યું?કેમ મને લાંબી જીભના આપી?હાથને બદલે તમે મને આવી પાંખ કેમ આપી ? તમે મારી સાથે બહુ ખોટું કર્યુ છે,' રોજ આવી ફરિયાદો કર્યા કરે,હવે એક દિવસ ચોમાસા માં ખૂબ વરસાદ આવ્યો કૂવામાં અચાનક ખૂબ પાણી ભરાવા લાગ્યું દેડકા તો પાણીની અંદર પણ તરી શકતા હતા પણ આ ચકલીનું બચ્ચું તરી શકતું ન હતું એને ખૂબ ભય લાગ્યો તેને આંખો બંધ કરી અને તરવાનો પ્રયત્ન કરતાં કરતાં એ જોર જોરથી પોતાની પાંખો ફફડાવવા લાગ્યું ધીમે ધીમે એ હવામાં ઊંચું ઉડવા લાગ્યું અને આકાશમાં પહોંચી ગયું એને આંખો ખોલી તો ખૂબ નવાઈ લાગી કે તે તેના કૂવા કરતા ૬૦ ઘણું ઉપર આવી ગયું હતું તેની સામે એક નવી જ દુનિયા હતી તેણે જોયું કે તેના જેવા જ બીજા પક્ષીઓ આકાશમાં તેની જેમ ઉડી રહ્યાં હતા તેની પાંખોનું મહત્ત્વ હવે તેને સમજાયું તેને સમજાયું કે તે શા માટે બધા દેડકાઓથી અલગ હતું કેમ કે તેનો જન્મ તે કૂવામાં દેડકાઓ સાથે રહેવા નહીં પરંતુ આ અસીમ આકાશમાં ઉડવા માટે થયો હતો. આ વાત હવે તેને સમજાણી ત્યારે તેણે આ વખતે ઈશ્વરનો આભાર માન્યો તેને આ પાંખો આપવા માટે,આ ચકલીના બચ્ચાં જેવી જ પરિસ્થિતિ આપણી છે, આપણે બધા આપણી સરખામણી બીજા ઓ સાથે કરીને હંમેશા દુ:ખી થઈ એ છીએ, બીજા લોકોને શું મળ્યું ? બીજા લોકોએ શું મેળવ્યું? અને આપણે શું નથી મેળવ્યું, આપણી પાસે જે નથી એ બધી વસ્તુઓની ફરિયાદ આપણે ઈશ્વરને કરીએ છીએ,પરંતુ ઈશ્વરે આપણને જન્મજાત જે પાંખો આપી છે તેનો ઉપયોગ ક્યારેય નથી કરતા, આપણા બધા ને અલગ અલગ જે વિશેષ તાઓ ઈશ્વરે આપી છે તે આપણી પાખો છે પરિશ્રમ કરીને સફળતાના આકાશમાં પહોંચવા માટે આપણે જાતે જ પાંખો ફફડા વીને ઊડવું પડશે,આમેય જે સ્વયં પ્રયત્ન કરીને પોતાની મદદ કરે છે બીજાની મદદ કરે છે તેની મદદ ઈશ્વર કરે છે, કદાચ એવું બને કે થોડા પ્રયાસ કરીએ તો નાની મોટી નિષ્ફળતા ઓ મળે પરંતુ સતત પ્રયાસ કરવા થી જે શીખવા મળે છે એ જ સફળતાના આકાશમાં પહોંચવામાં મદદ કરે છે,બીજા લોકો પાસે ઘણું છે તેમને બહુ બધુ મળ્યું છે એવું મને કેમ નથી મળ્યું ? કેમ એ બધું મારી પાસે નથી ? ભગવાન પાસે એવી ફરિયાદો કરવાની બંધ કરી દો, તેના બદલે મારી પાસે જે છે મને જે મળ્યું છે એ બીજા ઘણાલોકોને નથી મળ્યું એ બીજા ઘણા લોકો પાસે નથી માટે તમારી પાસે જે પણ છે એના માટે ભગવાનનો આભાર માનો. જીવનના દરેક સંઘર્ષ સમયે ફક્ત આ ચાર લાઈનો જરૂરથી યાદ રાખજો,તને ડરાવશે ધમકા વશે આ દુનિયા ! પણ તું મનથી ડરને દૂર કરી લેજે, ઈશ્વરે તને જન્મજાત પાંખો આપી છે, બસ એકવાર ઊડવાની હિંમત તું કરી લેજે,વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે કાળઝાળ ગરમીમાં રેમલ વાવાઝોડાંની અસર હેઠળ આકાશમાં કાળા ડીબાંગ વાદળો અને પવનની ઝડપ દેખાઈ રહી છે. રાજકોટ ગેમઝોનના અગ્નિકાંડમાં કોણ હતું ને કોણ મારું એ અંગે અવઢવ વચ્ચે લોકોનો આક્રોશ ઠંડો પાડવા હાડકાં ડીએનએ ટેસ્ટ અંતર્ગત અપાયા છે.મૃતકો બાબતે ફિલ્મ જેવું રહસ્ય અકબંધ રહ્યું છે જે ક્યારે ખુલશે..આજે પહેલા મૃતાત્માઓને શ્રદ્ધા સુમન અર્પણ સહ છેલ્લે ભગવદ્ ગીતા જ્ઞાનમાં સુખ વ્યક્તિના અહંકારની પરીક્ષા કરે છે અને દુ:ખ વ્યક્તિની ધીરજ ની કસોટી કરે છે. બંને પરીક્ષાઓ પાસ કરનાર વ્યક્તિનું જીવન સફળ જીવન કહેવાય છે.

જીવનનો એક સાદો નિયમ છે અને તે એ છે કે જ્યારે સુખ આવે છે ત્યારે તેની સાથે અહંકાર પણ આવે છે. રાવણ હોય, કંસ હોય કે દુર્યોધન હોય કે કૌરવો હોય, તેમના જીવનમાં એક જ કથા હોય છે અને તે એ છે કે તેમના જીવન માં જેટલી ખુશીઓ અને વૈભવો આવ્યા, તેમનું ગૌરવ પણ વધ્યું. રામચરિત માનસ જીમાં સાચું જ કહ્યું છે કે - આ દુનિયામાં કોઈ જન્મતું નથી. આધિપત્ય મેળવવા માં કોઈ આનંદ નથી એ પણ ઘી જેવું છે જે માણસ ખાય છે પણ પચવામાં અસમર્થ છે. તેવી જ રીતે, દુઃખની ક્ષણોમાં ધીરજ રાખવી દરેકના હાથમાં નથી. મહાન માસ્ટરોએ તેમની ધીરજને દુઃખમાં તૂટતા જોયા છે. દુઃખના વહેણમાં વરસાદી નદીના વહેણમાં નદી પર બાંધેલા બંધની જેમ ધીરજનો બંધ તૂટી જાય છે.

જે સુખની ક્ષણોમાં અહંકારને જીતી લે છે અને દુઃખની ક્ષણોમાં ધીરજ જાળવી રાખે છે. હકીકત માં તે જીવનના આ મહાન યુદ્ધમાં એક સફળ યોદ્ધા છે. માત્ર દુઃખ જ નહીં પણ સુખ સહન કરવું એ જીવનની એક મહાન કળા છે.

### NCPનો વિરોધ, ફિલ્મ રોકવાની અપીલ

# અન્નુ કપૂરની ફિલ્મ 'હમારે બારહ'ને લઈને છેડાયેલો વિવાદ

પીઢ અભિનેતા અન્નુ કપૂરની ફિલ્મ 'હમ દો હમારે બારહ' (નવું શીર્ષક - હમારે બારહ) વિવાદોના વર્તુળમાં આવી રહી છે. નિર્દેશક કમલ ચંદ્રાની આ ફિલ્મમાં અન્નુ કપૂરની સાથે પાર્થ સમથાન, અશ્વિની કાલસેકર અને પરિતોષ તિવારી જેવા કલાકારો પણ છે. થોડા દિવસો બાદ સિનેમાઘરોમાં રિલીઝ થનારી આ ફિલ્મને લઈને વિવાદ વધી રહ્યો છે. અત્યાર સુધી સોશિયલ મીડિયા પર તેના ટાઈટલ અને કન્ટેન્ટને લઈને લોકોના વિરોધનો સામનો કરી રહેલી આ ફિલ્મ હવે એક રાજકીય પક્ષ પણ નારાજ છે.

હાલમાં જ અન્નુ કપૂરની ફિલ્મ 'હમ દો હમારે બારહ'નું ટ્રેલર રિલીઝ થયું હતું, જે બાદ તેના પર વિવાદ શરૂ થયો હતો. હવે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાટી (અજિત પવાર)એ મહારાષ્ટ્રના વાશિમમાં આ ફિલ્મ વિરુદ્ધ અરજી આપી છે અને ફિલ્મની રિલીઝને રોકવા અને તેના પર પ્રતિબંધ મૂકવાની માંગણી કરી છે. જિલ્લાના કારંજા શહેરમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાટીના જિલ્લા પ્રમુખના લેટર હેડ પર મુસ્લિમ સમાજના લોકોએ પણ જિલ્લા અધિકારી સમક્ષ ફિલ્મના ડાયરેક્ટર અને ટીમ સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. રાષ્ટ્રવાદી પાટીના એક કાર્યકર્તાએ કહ્યું કે આ ફિલ્મ મુસ્લિમો પર બનાવવામાં આવી છે, તેનાથી મુસ્લિમ સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચી છે. તેમણે કહ્યું, 'અમે જિલ્લા અધિકારીને એક મેમોરેન્ડમ આપ્યું છે જેમાં અમે ફિલ્મના નિર્દેશક અને સમગ્ર કલાકારો સામે કાર્યવાહી કરવા સાથે ફિલ્મની રિલીઝ પર પ્રતિબંધની માંગણી કરી છે.' હાલમાં જ ફિલ્મ 'હમ દો હમારે બારહ'નું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં એક મુસ્લિમ પરિવારની વાર્તા બતાવવામાં આવી છે. ટ્રેલર રિલીઝ થયા પછી જ લોકોએ સોશિયલ મીડિયા પર તેના વિશે વાંધો ઉઠાવવાનું શરૂ કર્યું. તાજેતરમાં એવા અહેવાલો આવ્યા હતા કે ફિલ્મના કલાકારો અને ક્રૂને જાનથી મારી નાખવાની અને બળાત્કારની ધમકીઓ આપવામાં આવી રહી છે અને નિર્માતાઓએ તેની વિરુદ્ધ વર્સોવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. હાલમાં જ અન્નુ કપૂરે લોકોને અપીલ કરી હતી કે પહેલા ફિલ્મ જુઓ અને પછી નક્કી કરો કે તેમાં કંઈ વાંધાજનક છે કે નહીં. સોમવારે, નિર્માતાઓએ જાહેરાત કરી કે સેન્સર બોર્ડની સૂચના પર હવે ફિલ્મનું ટાઈટલ બદલવામાં આવી રહ્યું છે. પહેલા તેનું શીર્ષક 'હમ દો હમારે બારહ' હતું પરંતુ હવે તેને બદલીને 'હમારે બારહ' કરવામાં આવ્યું છે. આ ફિલ્મ ૭ જૂને સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે રાજકીય વિરોધ બાદ આ ફિલ્મ થિયેટરોમાં પહોંચે છે કે નહીં.

**રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાટીના કાર્યકર્તાએ કહ્યું કે આ ફિલ્મ મુસ્લિમો પર બનાવવામાં આવી છે, તેનાથી મુસ્લિમ સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચી છે**

# ૧૨ વર્ષ પહેલા આવી દેખાતી હતી સુહાના ખાન-અનન્યા પાંડે

**સુહાનાએ નેટફ્લિક્સની ફિલ્મ 'ધ આર્ચીઝ'થી અભિનયની શરૂઆત કરી છે. અનન્યા પાંડે છેલ્લે ફિલ્મ 'ખો ગયે હમ કહાં'માં જોવા મળી હતી**

બોલિવૂડના બાદશાહ શાહરૂખ ખાન અને તેના પરિવારમાં ઉજવણીનો માહોલ છે. કિંગ ખાનની ટીમ KKRએ IPL 2024માં જીતનો ઝંડો લહેરાવ્યો છે. ૨૬ મેના રોજ યોજાયેલી ફાઈનલ મેચમાં, શાહરૂખની કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) એ હૈદરાબાદ સનરાઈઝર્સ (SRH) ને ૮ વિકેટથી હરાવ્યું હતું. શાનદાર જીત બાદ શાહરૂખે પણ પરિવાર સાથે સ્ટેડિયમમાં જશ્ન મનાવ્યો હતો. IPL 2024ની ફાઈનલ મેચમાં KKRને સપોર્ટ કરવા શાહરૂખનો આખો પરિવાર આવ્યો હતો. સુહાનાની બેસ્ટ ફ્રેન્ડ્સ અનન્યા પાંડે અને શનાયા કપૂરે પણ મેચની ખૂબ મજા માણી હતી. સુહાના, અનન્યા અને શનાયા ચેન્નાઈના ચેપોક સ્ટેડિયમમાં સંપૂર્ણ ઉત્સાહ સાથે KKRને ઉત્સાહિત કરતી જોવા મળી હતી. ત્રણેયની તસવીરો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહી છે. સુહાના, અનન્યા અને શનાયાને એક ફ્રેમમાં જોવી એ ફેન્સ માટે કોઈ ટ્રીટથી ઓછું નથી. આ પહેલા પણ લગભગ ૧૨ વર્ષ પહેલા સુહાના, અનન્યા અને શનાયા ચેન્નાઈના ચેપોક સ્ટેડિયમમાં KKR ને સપોર્ટ કરતી જોવા મળી હતી. IPL 2024 મેચની લેટેસ્ટ તસવીરની સાથે ૧૨ વર્ષ જૂની તસવીર પણ હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આ ફોટો ઘણા ફેન પેજ પર શેર કરવામાં આવી રહ્યો છે. ૨૦૧૨ના થ્રોબેક ફોટોમાં શાહરૂખ ખાન, ચંકી પાંડે અને રિતિક રોશન જોઈ શકાય છે. તસવીરમાં તેની સાથે સુહાના, અનન્યા અને શનાયા પણ જોવા મળી રહી છે. ત્રણેયની ક્યૂટ સ્ટાઈલ તરત જ નજરે પડે છે. ત્રણેયએ KKRની જર્સી પહેરી છે.

# એક રાજા હતો, રાણી હતી, જાતિ અલગ હતી, વાર્તાનો અંત

**૨૦૧૮માં આવેલી ફિલ્મ 'ધડક'માં અમને જહાનવી કપૂર અને ઈશાન ખટ્ટરની અધૂરી લવ સ્ટોરી જોવા મળી હતી**

એક એવો પ્રેમ જે ઘણા પ્રયત્નો પછી પણ પરિપૂર્ણ ન થઈ શક્યો. ૨૦૧૮માં આવેલી ફિલ્મ 'ધડક'માં અમને જહાનવી કપૂર અને ઈશાન ખટ્ટરની અધૂરી લવ સ્ટોરી જોવા મળી હતી. હવે ૫ વર્ષ બાદ તેની સિક્વલની જાહેરાત કરવામાં આવી છે. કરણ જોહરે 'ધડક ૨'ની જાહેરાત કરી છે. આ તેમના પ્રોડક્શન હેઠળ બનાવવામાં આવ્યું છે. આ ફિલ્મનું નિર્દેશન શાઝિયા ઈકબાલ કરશે. આ વખતે ચાહકો સિલ્વર સ્ક્રીન પર સિદ્ધાર્થ ચતુર્વેદી અને તૃપ્તિ ડિમરીની જોડી જોશે. ફેન્સને નિલેશ અને વિદિશાની લવ સ્ટોરીનો પરિચય કરાવવામાં આવશે. જાહેરાતના વીડિયોમાંથી બંને સ્ટાર્સનો ફર્સ્ટ લૂક પણ સામે આવ્યો છે. ફિલ્મ 'એનિમલ'ની રિલીઝ પછી નેશનલ ક્રશ બની ગયેલી તૃપ્તિ, સિદ્ધાંત સાથેની તેની તાજી જોડી લોકોને રોમાંચિત કરી રહી છે. જાહેરાતનો વીડિયો શેર કરતી વખતે કરણ જોહરે લખ્યું - આ વાર્તા થોડી અલગ છે કારણ કે એક રાજા હતો, એક રાણી હતી - જાતિ અલગ હતી... વાર્તા પૂરી થઈ ગઈ છે. કરણના કેપ્શન પરથી સ્પષ્ટ થાય છે કે ફિલ્મમાં જાતિનો એંગલ બતાવવામાં આવ્યો છે. નીલેશ અને વિદિશાની પ્રેમ કહાની તેમની અલગ-અલગ જાતિના કારણે પૂર્ણ થશે નહીં. કારણ કે બંનેની દુનિયા અલગ છે. આ ફિલ્મ ૨૨ નવેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે. ઈશાન ખટ્ટરે આ ફિલ્મ અને સમગ્ર ટીમને શુભેચ્છા પાઠવી છે. વીડિયોમાં એક ડાયલોગ છે, જેમાં નીલેશ (સિદ્ધાંત ચતુર્વેદી) કહે છે – તમે જે સપનું જોઈ રહ્યા છો તેમાં મારું કોઈ સ્થાન નથી. પછી વિદિશા (તૃપ્તિ ડિમરી) એ પૂછ્યું કે તે આ લાગણી સાથે શું કરશે? ધડક ૨ માટે ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે.

### સંભાવના સેઠે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો પર્દાફાશ કર્યો

# 'પૈસા આપ્યા પછી તેઓ જતા રહ્યા, તેઓએ પોતે જ રેડ કાર્પેટ બિછાવી છે'

ઘણા ભારતીય સેલેબ્સ અને પ્રભાવકોએ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૪માં ભાગ લઈને હલચલ મચાવી હતી. અહીં અભિનેત્રી અનસૂયા સેનગુપ્તાએ શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીત્યો હતો, જ્યારે ફિલ્મ 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ'ને પણ કાનનો પ્રતિષ્ઠિત ગ્રાન્ડ પ્રિક્સ એવોર્ડ મળ્યો હતો. જો કે, એવું કહેવામાં આવી રહ્યું છે કે 'રિયલ સિનેમા પ્રેમીઓ' આ વર્ષે કાન્સ જવાથી ખુશ નથી. અભિનેત્રી સંભવના સેઠે તેના નવા ઈન્ટરવ્યુમાં આ વિશે વાત કરી છે. સિદ્ધાર્થ કન્નન સાથેના તેના નવા ઈન્ટરવ્યુમાં, સંભવના સેઠે કહ્યું, 'મને કહો કે એવી કેટલી ભારતીય ફિલ્મો છે જે કાન્સમાં પ્રદર્શિત કરવામાં આવી છે. જો તમે પૈસા ચૂકવશો તો અમારો શો કાન્સમાં પણ દર્શાવવામાં આવશે. મને આ ખબર છે. મને મારા પતિના કારણે ખબર પડી. તમે અને હું કૂતરાને ખવડાવવાનો વીડિયો બનાવીશું અને અમે તેને કાન્સમાં લઈ જઈશું. પૈસા આપો અને તેની તપાસ કરવામાં આવશે. આ રેડ કાર્પેટ છે, કાન્સની અસલી રેડ કાર્પેટ છે, તેની પાછળ પણ રેડ કાર્પેટ છે, તેઓ ત્યાં ફરે છે.તેણે આગળ કહ્યું, 'એક એવી જગ્યા છે જ્યાં ઐશ્વર્યા રાય ચાલે છે. તે વાસ્તવિક કેન્સ છે. એવા ઘણા લોકો છે જેમને વાસ્તવિક રીતે બોલાવવામાં આવે છે. પણ મને શા માટે બોલાવવામાં આવે છે? હું ત્યાં શું કરી રહ્યો છું? ન તો મારી કોઈ ફિલ્મ રીલિઝ થઈ છે કે ન તો મારો આટલો જોરદાર ઉલ્લેખ છે. પણ હું કાન્સ પહોંચી ગયો છું. સિદ્ધાર્થ શક્યતામાં કહી રહ્યો છે. મને તારા પર ગર્વ છે. અરે ભાઈ, મને અભિમાન નથી, મેં પૈસા આપ્યા છે. મેં ત્યાં ફોટોગ્રાફસ લેવા માટે ચૂકવણી કરી છે, અને ફોટોગ્રાફરો પણ મારા છે, તેમના નથી.સંભવનાએ એમ પણ કહ્યું, 'મને ખબર નથી કે તમે કયા પ્રભાવક વિશે વાત કરી રહ્યા છો, જેને કાનમાંથી આમંત્રણ આપવામાં આવ્યું છે. જો મને આમંત્રણ નહીં મળે, તો હું પહેલા આમંત્રણ પૃષ્ઠને પેસ્ટ કરીશ અને પછી કેમેરો ઈન્સ્ટોલ કરીશ. અને હું સીધો કેન્સ જઈશ અને આ (હલાવતા) વીડિયો બનાવીશ, 'હાય.' તો આ પાછળની લાલ જાજમ છે, જે તમે જાતે જ બિછાવી છે.કેન્સમાં નોમિનેટ થયેલી ભારતીય ફિલ્મ વિશે વાત કરતાં સંભાવના સેઠે કહ્યું, 'મારા મતે કાન માટે એક ફિલ્મની પસંદગી કરવામાં આવી છે. તે ફિલ્મ લાયક છે, તે હજુ સુધી જાણી શકાયું નથી કે તે જીતશે કે પછી શું થશે. પરંતુ તમે, હું, દરેક જણ કેન્સ જઈ શકે છે. અમારા પૈસા ખર્ચવા પડશે. હું બહુ ખોટો હોઈશ. પણ મને ખાતરી છે કે મારા પતિ મને ખોટું નહીં કહે. તે મને પૂછે છે કે તેને ક્યારે છોડવું છે. હું કહું છું ના બાબા. હું લોકોને જૂઠું કેમ બતાવીશ? હું મારા જીવનમાં શું કરી રહ્યો છું કે હું કેન્સ પહોંચી ગયો છું? કેન્સની તે વ્યક્તિ કોણ હતી જેણે તમને કાન્સમાં આમંત્રણ આપ્યું?સંભવના શેઠના શબ્દો પરથી લાગે છે કે તે ફિલ્મ 'ઓલ વી ઈમેજીન એઝ લાઈટ' વિશે વાત કરી રહી છે.

# 'દંગલ' ફેમ ઝાયરા વસીમના પિતાનું નિધન

આમિર ખાનની ફિલ્મ 'દંગલ'માં જોવા મળેલી ઝાયરા વસીમના પિતાનું નિધન થયું છે. પૂર્વ અભિનેત્રીએ પોતે આ ખરાબ સમાચાર ચાહકો સાથે શેર કર્યા છે. તેણે પોતાના પિતાને સ્વર્ગમાં જવા માટે પ્રાર્થના કરવાની પણ વિનંતી કરી છે. ઝાયરાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા તેના ચાહકોને આ સમાચાર આપ્યા હતા.તેણે લખ્યું, 'મારા પિતા ઝાહિદ વસીમ આ દુનિયા છોડી ગયા છે. હું દરેકને વિનંતી કરું છું કે તેને તમારી પ્રાર્થનામાં યાદ રાખો અને અલ્લાહને તેના માટે ક્ષમા માગો. પ્રાર્થના કરો કે અલ્લાહ તેમને તેમના પાપો માટે માફ કરે. તેમની કબરને આરામની જગ્યા બનાવો અને તેમને સજાથી બચાવો. તેમને એ દુનિયામાં આરામથી રહેવા દો. તેમને સ્વર્ગમાં ઉચ્ચ સ્થાન આપો.ઝાયરા વસીમ તેની ફિલ્મ 'દંગલ' માટે જાણીતી છે. આ ફિલ્મથી તેણે બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. આમાં તે રેસલર ગીતા ફોગટના બાળપણના રોલમાં હતી. આમિર ખાન તેના પિતા બન્યા. ઝાયરાના કામને ખૂબ પસંદ કરવામાં આવ્યું અને તે પ્રોજેક્ટ્સમાં ડૂબી જવા લાગી. આ પછી તેણે આમિર ખાન સાથે ફિલ્મ 'સિક્રેટ સુપરસ્ટાર'માં કામ કર્યુ.ઝાયરા વસીમને ફિલ્મ 'દંગલ' માટે શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો રાષ્ટ્રીય પુરસ્કાર પણ મળ્યો હતો. વર્ષ ૨૦૧૯માં ઝાયરા પ્રિયંકા ચોપરા અને ફરહાન અખ્તર સાથે ફિલ્મ 'ધ સ્કાય ઈઝ પિંક'માં જોવા મળી હતી. દિગ્દર્શક સોનાલી બોઝની આ ફિલ્મમાં તેણે ભારતની યુવા મોટિવેશનલ સ્પીકર આયેશા ચૌધરીની ભૂમિકા ભજવી હતી. પ્રિયંકા અને ફરહાને તેના માતા-પિતાની ભૂમિકા ભજવી હતી અને રોહિત સરાફે તેના ભાઈની ભૂમિકા ભજવી હતી.'ધ સ્કાય ઈઝ પિંક' ઝાયરા વસીમની છેલ્લી ફિલ્મ હતી. જૂન ૨૦૧૯ માં, ઝાયરાએ જાહેરાત કરી હતી કે તે અભિનય અને શોબિઝની દુનિયાને અલવિદા કહી રહી છે. જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં રહેતી ઝાયરા વસીમે કહ્યું કે તેની અભિનય કારકિદી તેના ધર્મ અને આસ્થાના માર્ગે આવી રહી છે. આ પછી, નવેમ્બર ૨૦૨૦ માં, ઝાયરાએ ચાહકોને વિનંતી કરી હતી કે તે સોશિયલ મીડિયા પરથી તેની તસવીરો ડિલીટ કરી દે, કારણ કે તેણે તેના નવા જીવનની શરૂઆત કરી છે.

### પંચાયત સીઝન 3ઃ આવતાની સાથે જ સ્તબ્ધ થઈ ગયો બિનોદ

# પંચાયત સીઝન 3 એમેઝોન પ્રાઇમ પર સ્ટ્રીમ કરવામાં આવી

'તમે બિનોદને જોઈ રહ્યા છો...' પંચાયતની ત્રીજી સીઝન આવી ગઈ છે. અને જુઓ કે પ્રેક્ષકોમાં કેટલો વિનાશ છે, તેણે સોશિયલ મીડિયા પર હાહાકાર મચાવ્યો છે. એવું લાગે છે કે મીમ્સનું પૂર આવ્યું છે. તમે જેને જુઓ છો તે કંઈક અથવા બીજું કહી રહ્યો છે. લોકો પંચાયતને એટલી પસંદ કરી રહ્યા છે કે તેઓ તેની અગાઉની સીઝન સાથે પણ સરખામણી કરી રહ્યા છે. ચાહકો એટલા ક્રેઝી થઈ રહ્યા છે કે પૂછો પણ નહીં. દરેક દ્રશ્યને હૃદયથી સાચવવામાં આવે છે. બીજી સીઝન જ્યાંથી છોડી હતી ત્યાંથી ઉપાડવામાં અને તેને આ સીઝનના દ્રશ્યો સાથે જોડીને અમે ખુશ છીએ. 'બિનોદ'નો એક અલગ ચાહક વર્ગ છે. જો આપણે એમ કહીએ કે 'પંચાયત'ના નિર્માતાઓ બિનોદ માટે એક અલગ સિરીઝ રજૂ કરે છે અને તે હિટ થઈ જાય છે, તો તે ખોટું નહીં હોય. નિર્દોષ બિનોદ જે દર વખતે 'બનરકા' દ્વારા ગેરમાર્ગે દોરાય છે. બિનોદના ખભા પર બંદૂક મૂકીને, બંરકાસે તેને પ્રધાનજી અને સેક્રેટરી જી તરફ ઈશારો કર્યો. તમારા હાથમાં તમાકુ છે, તેને ઘસો અને બિનોદ જેવા નિર્દોષ લોકોના મન સાથે રમો. આ વખતે પણ તેની નિર્દોષતાએ દર્શકોના દિલમાં તેનું વિશેષ સ્થાન જમાવ્યું છે. ચાહકોને ગલીપચી કરવામાં કોઈ કસર બાકી રાખવામાં આવી નથી. આ પછી, અમે ઉપપ્રમુખ પ્રહલાદ પાસે આવીએ છીએ જેમણે બીજી પંચાયતના અંતે બધાને રડાવ્યા હતા. આ વખતે તે તેના ચાહકોના ચહેરા પર સ્મિત લાવી છે. સીઝન ૨ ના અંતે, પ્રહલાદનો એકમાત્ર પુત્ર શહીદ થયો, તે તેના પુત્રની અંતિમવિધિને ખભા પર લઈ જાય છે. યુવાન પુત્રને બાળી નાખવાનું અને જીવનમાં એકલા પડી જવાના દુઃખથી ચાહકોની આંખોમાં પણ આંસુ આવી ગયા હતા. પરંતુ સીઝન ૩ પ્રહલાદ અને તેના ચાહકોના ચહેરા પર ખુશીની લહેર લાવી છે. સીઝન ૩ માં, તેના વાળ વધ્યા છે અને તેનો હસતો ચહેરો, પહેલાની જેમ, નાયબ પ્રધાનને પ્રધાન જીની સેવા કરવા માટે તૈયાર જોઈને ચાહકો ખુશ નથી. જે બાબત પંચાયત શ્રેણીને વિશેષ બનાવે છે તે તેની ગ્રામીણ પૃષ્ઠભૂમિની ઝીણવટભરી વિગતો છે. જે આ વખતે પણ જોવા મળ્યું છે. જેમ તમે સિઝન ૧ માં જોયું જ હશે, જ્યારે ગામમાં કુટુંબ નિયોજન હેઠળ વધુ સારા જીવન માટે જિલ્લા કલેક્ટર દિવાલો પર લખેલી લીટીઓ મેળવે છે - 'બે બાળકો ખીર છે...ત્રણ બાળકો થાંભલા છે'!! આ વખતે તમને આ અહેસાસ પૂરા પ્રમાણમાં આપવામાં આવ્યો છે. ફૂલેરા ગામની દીવાલો પર લખેલું છે - 'જ્યારે કોઈ ઠોકર ખાય છે, તેને દુઃખ થાય છે, ત્યારે જ વ્યક્તિ શીખે છે!' હવે આ રેખા બનારકા સાથે સંપૂર્ણ રીતે બંધબેસે છે. ચાહકોને પંચાયતની દરેક વિગતો ખૂબ જ પસંદ છે. દરેક પંક્તિ અને દ્રશ્ય તેના હૃદયને સ્પર્શી જાય છે.

### વરુણ સાથેના બ્રેકઅપ બાદ દિવ્યાને સોશિયલ મીડિયા પર જબરદસ્ત ટ્રોલીંગનો સામનો કરવો પડ્યો

# 'ગોલ્ડ ડિગર', 'ફેક' કહેવાથી દિવ્યા અગ્રવાલનું દિલ તૂટી ગયું

વરુણ સૂદ સાથેના બ્રેકઅપ બાદ દિવ્યા અગ્રવાલને સોશિયલ મીડિયા પર જબરદસ્ત ટ્રોલીંગનો સામનો કરવો પડ્યો હતો. જેની અસર દિવ્યાના માનસિક સ્વાસ્થ્ય પર પણ પડી હતી. અભિનેત્રીએ ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે કેવી રીતે તેણે આમાંથી પોતાને બહાર કાઢ્યો. દિવ્યા અગ્રવાલ હંમેશા તેના સંબંધોને લઈને મીડિયામાં ચર્ચામાં રહે છે. પ્રિયંક સાથેના બ્રેકઅપ પછી જ્યારે દિવ્યા વરુણ સૂદ સાથે હતી ત્યારે પણ તેને એટલી જ ટ્રોલ કરવામાં આવી હતી. આ પછી જ્યારે દિવ્યાએ વરુણ સાથે બ્રેકઅપ કર્યુ અને તેના નવા સંબંધો જાહેર કર્યા તો તેને ટ્રોલનો પણ સામનો કરવો પડ્યો. દિવ્યાએ અમને તેના તૂટેલા સંબંધો અને લગ્નના પ્લાનિંગ વિશે ઘણી વાતો કરી. વરુણ સાથેના બ્રેકઅપ પર દિવ્યા કહે છે, મારા માટે આ સંબંધ છોડવો જરૂરી હતો. હું ખુશ ન હતો. મારા પર ખુશ રહેવાનું દબાણ હતું. હું લોકોના બેવડા ધોરણોને સમજી શકતો નથી. જ્યારે ફિલ્મમાં કંઈક થાય છે, જ્યારે અંજલિ અમનને છોડીને રાહુલ પાસે જાય છે, ત્યારે લોકો ઉભા થઈને તાળીઓ પાડે છે. પણ જો હું વાસ્તવિક જીવનમાં આવું જ કરું તો સોનું ખોદનાર અને નકલી જેવી અપશબ્દો સાંભળવા મળે છે. અહીં દરેક વ્યક્તિ માત્ર શો માટે જાય છે. અહીં ગરીબ છોકરી બનવાને બદલે મેં મારી જાતને મજબૂત રાખી અને બ્રેકઅપનો નિર્ણય લીધો. લોકોને હમણાં જ લાગ્યું કે અહીં હું જ ખોટો હોવો જોઈએ અને ચુકાદો શરૂ થયો. જ્યારે લોકોએ શિલ્પા શેટ્ટી, વિદ્યા બાલન જેવી અભિનેત્રીઓને છોડી નથી, તો હું કોણ છું? અહીં, મારો શ્રીમંત મંગેતર પણ જ્યારે મને સતત શૂટિંગથી કંટાળી ગયેલો જોઈને કંઈ કરી શકતો નથી. તેને આખી રાત શૂટિંગ કરતો જુએ છે.



### ચંદન, જે બાથટબમાં આરામ કરી રહ્યો છે, તે સ્પષ્ટ રીતે શાંતિમાં છે, આ તેના ચહેરા પર સ્પષ્ટ દેખાય છે

# બાથટબમાં 'પંચાયતના વિકાસ ભૈયા', યુઝર્સે કહ્યું- પ્રધાનજી મેદાનમાં બોલાવી રહ્યા છે

ચંદન રોયે વેબ સિરીઝ પંચાયતમાં પોતાના શાનદાર કામથી લોકોના દિલ જીતી લીધા છે. ચંદન રોય વિકાસ શુક્લાના રોલમાં સંપૂર્ણપણે મગ્ન છે. તેની જૂની તસવીરો વાયરલ થઈ રહી છે જેમાં તે બાથટબમાં એન્જોય કરતી જોવા મળી રહી છે. બાથટબમાં આરામ કરતા ચંદનની આ તસવીરોને લોકો માણી રહ્યા છે. વેબ સિરીઝ પંચાયતથી લાઈમલાઈટમાં આવેલા એક્ટર ચંદન રોય એટલે કે વિકાસ ભૈયાની દમદાર એક્ટિંગે ચાહકોને ખૂબ જ પ્રભાવિત કર્યા. સિરીઝ હિટ થયા બાદ ચાહકો શોના દરેક પાત્રના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર નજર રાખી રહ્યા છે. દરમિયાન, અમને તમારા મનપસંદ વિકાસ ભૈયાનો એક રમુજી ફોટો મળ્યો. તેની ફની કોમેન્ટ્સ આ ફોટોને વધુ રસપ્રદ બનાવે છે. ચંદન રોયનો આ ફોટો ૨૨ માર્ચનો છે. તસવીરમાં અભિનેતા બાથટબમાં એન્જોય કરતો જોવા મળે છે. ચંદન, જે બાથટબમાં આરામ કરી રહ્યો છે, તે સ્પષ્ટ રીતે શાંતિમાં છે, આ તેના ચહેરા પર સ્પષ્ટ દેખાય છે. ચંદને આ અદ્ભુત તસવીરો સાથે એક શાનદાર કેપ્શન પણ લખ્યું છે - દુઃખ વગરની દુનિયામાં રહો અથવા પરણીને ચાલતા રહો જે તમને ખૂબ યાદ આવશે...મીર તકી મીર. ચંદન રોયના ફોટા પર કોમેન્ટ કરીને લોકો ખૂબ જ મસ્તી કરી રહ્યા છે. આ કોમેન્ટ્સ વાંચતી વખતે તમે પણ ધ્રૂજવા લાગશો. યુઝરે લખ્યું- વિકાસ ભૈયા પ્રધાન જી મેદાનમાં બોલાવી રહ્યા છે. બીજાએ લખ્યું- શ્રીમંત લોકો. એક યૂઝરની કોમેન્ટ એકદમ ફની છે, તેણે લખ્યું- કા વિકાસ ચા! તમે વહેલી સવારે કૂવા પર કેમ ગયા? ઝાગો બહાર આવી રહ્યો છે. લોકો કહે છે કે અભિનેતાએ કેવો નવો શોખ કેળવ્યો છે. જ્યારે ચંદન રોયે આ ફોટો પોસ્ટ કર્યો ત્યારે પંચાયત સિઝન ૨ રિલીઝ થઈ ન હતી.



# ઝાલોદ નગરના કુરાન શરીફ તેમજ ઈસ્લામના અપમાન બદલ ઝાલોદ મુસ્લિમ બિરાદરોએ આવેદનપત્ર પાઠવી વિરોધ દર્શાવ્યો

તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

**। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।**

કુરાન ઈસ્લામ ધર્મનો અત્યંત પવિત્ર ગ્રંથ છે જે માનવતા, સમાનતા, પ્રેમ, સત્ય, શાંતિ, ન્યાય માટે સમગ્ર વિશ્વ જગત માટે સંદેશો પાઠવતો પવિત્ર ગ્રંથ છે. ઈસ્લામ ધર્મ અન્ય ધર્મ ગ્રંથ તેમજ ધર્મને સમ્માન આપવા સૌથી પેહલા પોતાની નૈતિક ફરજ સમજે છે. ત્યારે અમુક અસામાજીક તત્વો દ્વારા પોતાના સ્વાર્થ ખાતર તેમજ સસ્તી પ્રસિદ્ધ મેળવવા અન્ય ધર્મ વિશે બેફામ વાણીવિલાસ અપમાનિત કરાતા કિસ્સાઓ જણાય આવે છે તે અનુસંધાને ઉત્તરાખંડના હરિદ્વાર ખાતે રેહતો એક યુ -ટયુબર સિધ્ધાર્થ ચતુર્વેદી ઉર્ફે (સમીર) નામનો ઈસમ સોશિયલ મિડીયામા લાઈવ આવીને પવિત્ર કુરાન વિશે તેમજ ઈસ્લામના વિરુદ્ધ અપમાનજનક કરતુત કરતો જણાય આવે છે સાથે જ તે ઈસમ દ્વારા અભદ્ર ભાષાનો ઉપયોગ કરી ઈસ્લામના વિરુદ્ધ વિવાદિત ટિપ્પણી કરતો જણાય આવે છે ત્યારે આવા કટ્ટરપંથીઓ જે અન્ય ધર્મને વિશે સસ્તી પ્રસિદ્ધ માટે પોતાનુ ઝેર ઓકતા હોય ત્યારે સમગ્ર વિશ્વના મુસ્લિમોને આસ્થાને ઠેસ પહોચે છે તેવી સોશિયલ મિડીયામા કરતુતો કરાઈ હોય તે અનુસંધાને ઝાલોદ મુસ્લિમો બિરાદરોએ આવા ઈસમ વિરુદ્ધ સખ્તમા સખ્ત કાર્યવાહી સાથે ઝડપી ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દેશમાં શાંતી અને ભાઈચારો જળવાઈ રહે તે હેતુથી દેશના મહામહિમ રાષ્ટ્રપતિશ્રીને સંબોધિત કરતુ આવેદનપત્ર મુસ્લિમ બિરાદરોએ ઝાલોદ મામલતદારને પાઠવી વિરોધ દર્શાવ્યો છે.

# ઝાલોદ નગરના કોલીવાડા મઠ ફળિયા વિસ્તારમાં ઉભરાતી ભૂગર્ભ ગટર થી સ્થાનિકો પરેશાન : અસહ્ય ગંદકીથી રોગચાળાનો ભય

## કોલીવાડા વિસ્તારમાં નવીન રસ્તા માટે વારેઘડીએ રજૂઆત કરવા છતાં : તંત્ર મૌન

તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

**। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।**

ગુજરાત સરકાર વિકાસનીમોટી મોટી વાતો કરે છે ત્યારે દાહોદ જિલ્લા ના ઝાલોદ નગરમાં વિકાસના નામે મીંડુ ઝાલોદ નગરના નગર પાલિકા વોર્ડ નંબર ૨ વિસ્તારમાં આવેલ કોલીવાડા વિસ્તારમાં આવેલ ગુલિસ્તાન સોસાયટી અને મઠ ફળિયામાં જતા ભૂગર્ભ ગટરના ઉભરાતા પાણી અને તેમાંથી આવતી દુર્ગંધને લઈ તે વિસ્તારમાં રહેતા સ્થાનિકો ત્રાહિમામ પોકારી ગયેલ છે. આ ભૂગર્ભ ગટરના પાણીનો નિકાલ ન રહેતા ભૂગર્ભ ગટરનુ પાણી ઉભરાઈને રોડ પર આવી જાય છે અને આવા દુર્ગંધ મારતા પાણીમાં જીવાતો પણ જોવા મળે છે.

આ ભૂગર્ભ ગટરનુ કામ અધૂરું છે અને આ ભૂગર્ભ લાઈનનુ પાણી સ્થાનિક ગટરો આવતા ગટર વારંવાર ઉભરાઈ જાય છે અને આ ગંદુ પાણી રોડ પર આવી જાય છે. આ અંગે અહીં રહેતા સ્થાનિકો દ્વારા નગરપાલિકામાં કેટલીય વાર રજૂઆત કરવામાં આવેલ છે પરંતુ આ સમસ્યાનો કોઈ કાયમનો ઉકેલ લાવવામાં આવતો નથી. આ દુર્ગંધ મારતા પાણીના લીધે પાણી જન્ય રોગચાળો થવાનો ડર સતત અહીં રહેતા સ્થાનિકોને સતાવતો રહે છે. જવાબદાર તંત્ર કાયમી આ સમસ્યાનો નિકાલ લાવતી નથી તેથી સ્થાનિકો હવે આ સમસ્યાને લઈ આગામી સમયમાં નગરપાલિકા જો ત્વરિત કોઈ સચોટ નિર્ણય નહીં લેવાય તો નગર પાલિકાને તાળાબંધી જેવા પ્રોગ્રામ કરવાનું સ્થાનિકો વિચારી રહેલ છે. આવી ગંદકીમાં રહેતા હોવાથી કોઈ ભયંકર રોગચાળાના ભરડામાં કોઈ પરિવાર મુકાઈ જાય તો તેનું જવાબદાર કોણ.. આ ગંદા પાણીના લીધે હાલ તો અમુક નાની નાની બીમારીઓ તો સ્થાનિકોના ઘરમાં થઈ રહેલ છે જેથી સ્થાનિકો હેરાન પરેશાન થઈ ગયેલ છે. અહીં રહેતા સ્થાનિકોની આ માંગણી જો સત્વરે પૂરી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં નગર પાલિકાનો ઘેરાવ કરી તાળાબંધી સુધીના કાર્યક્રમો કરવાનો મૂડ સ્થાનિકો બનાવીને બેસેલ છે.

નગરના દરેક વિસ્તારોમાં નવા રોડ રસ્તા બની રહેલ છે પરંતુ વોર્ડ નંબર ૨ કોલીવાડા વિસ્તારમાં રોડ બનાવવામાં આવી રહેલ નથી અગાઉ ગેસ પાઈપ લાઈન જોડાણ વાળા આવી ને રોડ તોડી નાખ્યો હતો જે નગરપાલિકાને સ્થાનિકો દ્વારા કેટલીય વાર લેખિત અને મૌખિક અરજી આપવામાં આવેલ છે પણ નગરપાલિકા દ્વારા આ અંગે કોઈ ચોક્કસ કામગીરી કરવામાં આવી રહેલ નથી. નગરપાલિકા વોર્ડ નંબર ૨ મા રહેતા લોકો રોડની માંગણી કરે ત્યારે જવાબદાર તંત્ર કે અધિકારી દ્વારા આશ્વાસન આપવામાં આવે છે કે આ રોડ માટેનું આયોજન થઈ ગયેલ છે અને જલ્દી થી આ રોડનુ કામ ચાલુ કરવામાં આવસે તેવી વાતો જ સાંભળવા મળે છે. હવે તો અહીં રહેતા સ્થાનિકોની જો માંગણી પુરી કરવામાં નહીં આવે તો આગામી ચુંટણીનો વિરોધ કરવામાં આવે તેવું પણ સ્થાનિકો કહી રહેલ છે. ચુંટણી ટાણે દેખાતા કાઉન્સિલર ફક્ત વોટ માંગવા જ આવે છે પછી જોવાતા પણ નથી આવા ન દેખાતા પૂર્વ કાઉન્સિલરોનો પણ ચુંટણી ટાણે વિરોધ અહીં રહેનાર સ્થાનિકો દ્વારા કરવામાં આવનાર છે. આમ આ બંને સમસ્યાનુ જો સમય મર્યાદામાં નિરાકરણ નહીં આવેતો આગામી સમયમાં ઉગ્ર આંદોલન પણ કરવાનું મન સ્થાનિકો કરીને બેઠેલ છે.

# ઝાલોદ પોલીસ દ્વારા સ્વીફ્ટ ગાડીમાં લઈ જવાતો ૧૧૮૫૦૦નો દારુ ઝડપી પાડયો : ગાડી ચાલક ફરાર

તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

**। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।**

ઝાલોદ ડી.વાય.એસ.પી પટેલને બાતમી મળેલ હતી કે કમલેશ રતન ડામોર (રહે. મઘાનીસર, ઝાલોદ) રાજસ્થાન ડુંગરા તરફથી ઝાલોદ તરફ એક સફેદ કલરની સ્વીફ્ટ ગાડી જેનો નંબર **GJ-15-CF-3941** મા વિદેશી દારૂ ભરીને લાવી રહેલ છે તે બાતમીને આધારે ખરસાણા ગામે કટારા ફળીયામા રોડની સાઈડમાં બાતમી વાળા વાહનની વોચ કરી રહેલ હતા તે દરમ્યાન બાતમી વાળુ વાહન આવતા તેને રોકવાનો પ્રયાસ પોલીસ દ્વારા કરવામાં આવતા ગાડીના ચાલક દ્વારા ગાડી વળાવી નાસી છૂટવાનો પ્રયત્ન કરવામાં આવેલ હતો પોલીસને ચકમો આપી ગાડી ચાલક ગાડી મુકી ઝાડી ઝાખરાનો લાભ લઈ નાસી છુટેલ હતો પરંતુ પોલીસ દ્વારા નાસી છુટેલ વ્યક્તિને ઓળખી લેવામાં આવેલ હતો.

પોલીસ દ્વારા ફોર વ્હીલર ગાડીની તલાસી લેતા ગાડીમાંથી ઈંગ્લિશ દારૂની ૨૭પેટી મળી આવેલ હતી. આ વિદેશી દારૂની કુલ ૭૮૦બોટલો જેની કિંમત અંદાજીત ૧૧૮૫૦૦ અને ફોર વ્હીલર ગાડીની કિંમત ૨૦૦૦૦૦ થઈ કુલ ૩૧૮૫૦૦ નો મુદ્દામાલ પોલીસ દ્વારા ઝડપી પાડેલ હતો. ઓળખી ગયેલ ફરાર આરોપી કમલેશ ડામોર વિરુદ્ધ ગુનો નોંધી પોલીસ દ્વારા કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

## લોકસભા ચૂંટણીના છેલ્લા તબક્કાનું મતદાન બાકી

# મલ્લિકાર્જુન ખડગેએ ૧ જૂને ઈન્ડી ગઠબંધના અગ્રણી નેતાઓની બોલાવી બેઠક

**। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૯ ।**

લોકસભા ચૂંટણીના છેલ્લા તબક્કાનું મતદાન બાકી છે અને કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ વિપક્ષી ઈન્ડી ગઠબંધનના નેતાઓની બેઠક બોલાવી છે. ખડગેએ ૧ જૂને ઈન્ડી ગઠબંધનના નેતાઓની બેઠક બોલાવી છે. લોકસભા ચૂંટણીના છેલ્લા તબક્કાનું મતદાન ૧ જૂને જ થવાનું છે. કહેવામાં આવી રહ્યું છે કે આ બેઠકમાં લોકસભા ચૂંટણી પર ચર્ચા અને સમીક્ષા કરવામાં આવશે. પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ એ જ દિવસે મતદાન અને ચક્રવાત પછી રાહત કાર્યને ટાંકીને કહ્યું છે કે ભલે તેઓ અહીં હશે, પરંતુ તેઓ આ બેઠકમાં પૂરા દિલથી હાજર રહેશે. આ બધા વચ્ચે સવાલો ઉઠી રહ્યા છે કે જ્યારે છેલ્લા તબક્કામાં દેશની ૫૭ લોકસભા બેઠકો પર મતદાન થવાનું છે ત્યારે તે જ દિવસે ઈન્ડી ગઠબંધનના નેતાઓની બેઠક કેમ બોલાવવામાં આવી છે? શું વાત માત્ર ચર્ચા અને સમીક્ષા પુરતી જ સીમિત છે? મલ્લિકાર્જુન ખડગેએ ઈન્ડી ગઠબંધનની બેઠક માટે ૧ જૂનની તારીખ પસંદ કરી ત્યારે તેની પાછળ કેજરીવાલ ફેક્ટર પણ મહત્ત્વનું હોવાનું કહેવાય છે. વાસ્તવમાં, આ ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટી અને ઈન્ડી ગઠબંધન વચ્ચેનો સંબંધ ક્યાંક નજીક છે તો ક્યાંક દૂર. કેન્દ્રશાસિત પ્રદેશો દિલ્હી, ચંદીગઢ, હરિયાણા, ગોવા અને ગુજરાતમાં બંને પક્ષો નજીક છે અને પંજાબમાં તેઓ દૂર છે. પાંચ રાજ્યોમાં ગઠબંધન કરીને ચૂંટણી લડી રહેલા ઈન્ડી ગઠબંધનના આ બંને મહત્વપૂર્ણ ઘટકો પંજાબમાં મુખ્ય હરીફ છે. દારૂ કૌભાંડમાં ધરપકડ બાદ આમ આદમી પાર્ટીના સૌથી મોટા નેતા અરવિંદ કેજરીવાલ ચૂંટણી પ્રચાર માટે જામીન પર બહાર છે અને તેમનો સમયગાળો પણ ૧ જૂને પૂરો થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં ૧ જૂને ઈન્ડી ગઠબંધનની બેઠક બોલાવવા પાછળ કેજરીવાલ ફેક્ટર પણ હોઈ શકે છે. આ પરિબળની ચર્ચા એટલા માટે કરવામાં આવી રહી છે કારણ કે જો આપણે સીટ વહેંચણી અંગે વિવિધ પક્ષોના નેતાઓની બેઠકોને બાકાત રાખીએ તો ઘટક પક્ષોના ટોચના નેતાઓ ઈન્ડી ગઠબંધનની બેઠકોમાં ભાગ લેતા રહ્યા છે.

# આઉટલુક પ્લેનેટ સસ્ટેનેબિલિટી સમિટ એન્ડ એવોર્ડ્સ ૨૦૨૪માં આરઇસીએ 'સસ્ટેનેબિલિટી ચેમ્પિયન – એડિટર ચોઇસ એવોર્ડ' જીત્યો

S 2024
Sector Champions
REC LIMITE

**। નવી દિલ્હી, તા.૨૯ ।**

પાવર મંત્રાલય હેઠળની મહારત્ન કેન્દ્રીય જાહેર ક્ષેત્રની એન્ટરપ્રાઇઝ અને અગ્રણી એનબીએફસી આરઈસી લિમિટેડને 'આઉટલુક પ્લેનેટ સસ્ટેનેબિલિટી સમિટ એન્ડ એવોર્ડ્સ ૨૦૨૪'માં 'સસ્ટેનેબિલિટી ચેમ્પિયન - એડિટર્સ ચોઈસ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવી છે. એવોર્ડ સમારંભનું આયોજન આઉટલુક ગ્રુપના આઈઆઈટી ગોવાના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ આરઈસીની ટકાઉપણાની પહેલો પ્રત્યેની પ્રતિબદ્ધતા અને હરિયાળા ભવિષ્ય તરફ પ્રગતિ કરવા માટેના તેના પ્રયત્નોને માન્યતા આપે છે. આ પુરસ્કાર કોર્પોરેશનની ટકાઉપણાની પહેલની પ્રતિજ્ઞાને પ્રકાશિત કરે છે, જે હરિયાળા ભવિષ્ય તરફ દોરી જાય છે.

આરઈસીના મુંબઈ ઓફિસના વરિષ્ઠ જનરલ મેનેજર શ્રીમતી સરસ્વતીએ ગોવામાં આયોજિત એક કાર્યક્રમમાં એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. આરઈસી ભારતના ઉર્જા સંક્રમણને ઉત્પ્રેરક કરવામાં આગળ પડતું સ્થાન ધરાવે છે. તેની યોજનાઓ સ્વચ્છ ઉર્જા સ્રોતો તરફના વૈશ્વિક ભાર સાથે જટિલ રીતે સંરેખિત છે અને કંપની ભારતના ઉર્જા સંક્રમણના અગ્રણી ફાઈનાન્સર બનવા માટે પ્રતિબદ્ધ છે. રિન્યુએબલ એનર્જી હેઠળ આશરે ૩૮,૯૭૧ કરોડના તેના વર્તમાન લોન પોર્ટફોલિયોમાં પ્રતિબિંબિત થયા મુજબ, આરઈસી ટકાઉપણાની પહેલમાં નોંધપાત્ર રોકાણ કરવા માટે સજ્જ છે. તેણે વર્ષ ૨૦30 સુધીમાં લગભગ ૧૦ લાખ કરોડની અંદાજિત લોન બુકના લગભગ 30% રિન્યુએબલ મિશ્રણને સુધારવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. આઉટલુક પ્લેનેટ સસ્ટેનેબિલિટી સમિટ એન્ડ એવોર્ડ્સ એ એક અગ્રણી પ્લેટફોર્મ છે જે ઉદ્યોગના નેતાઓ, નીતિ નિર્માતાઓ અને ટકાઉતાના હિમાયતીઓને ટકાઉ પ્રથાઓમાં ઉત્કૃષ્ટતાની ઉજવણી અને પ્રોત્સાહન આપવા માટે એકસાથે લાવે છે. આ વર્ષની સમિટમાં આંતરદૃષ્ટિપૂર્ણ ચર્ચાઓ, નવીન વિચારો દર્શાવવામાં આવ્યા હતા અને ટકાઉપણું માટે સમર્પિત સંસ્થાઓની નોંધપાત્ર સિદ્ધિઓને માન્યતા આપવામાં આવી હતી. આરઈસી એ ભારત સરકારના પાવર મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળની 'મહારત્ન' કંપની છે અને તે આરબીઆઈ સાથે નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપની (NBFC), પબ્લિક ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યુશન (PFI) અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સિંગ કંપની (IFC) તરીકે નોંધાયેલી છે. આરઈસી સમગ્ર પાવર-ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરને ધિરાણ કરે છે જેમાં ઉત્પાદન, ટ્રાન્સમિશન, ડિસ્ટ્રિબ્યુશન, રિન્યુએબલ એનર્જી અને ઈલેક્ટ્રિક વાહનો, બેટરી સ્ટોરેજ, પમ્પ સ્ટોરેજ પ્રોજેક્ટ્સ, ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયા પ્રોજેક્ટ્સ જેવી નવી તકનીકોનો સમાવેશ થાય છે. તાજેતરમાં જ, આરઈસી લિમિટેડે બિન-પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં પણ વૈવિધ્યીકરણ કર્યું છે જેમાં રોડ અને એક્સપ્રેસવે, મેટ્રો રેલ, એરપોર્ટ, આઈટી કોમ્યુનિકેશન, સામાજિક અને વાણિજ્યિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (શૈક્ષણિક સંસ્થા, હોસ્પિટલો), બંદરો અને ઈલેક્ટ્રો-મિકેનિકલ (E&M) કાર્યો સહિત સ્ટીલ અને રિફાઈનરી જેવા વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આરઈસી લિમિટેડ દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર એસેટ્સના નિર્માણ માટે રાજ્ય, કેન્દ્રીય અને ખાનગી કંપનીઓને વિવિધ પાકતી મુદતની લોન આપે છે. આરઈસી લિમિટેડ પાવર સેક્ટર માટે સરકારની મુખ્ય યોજનાઓમાં મુખ્ય વ્યૂહાત્મક ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે અને તે પ્રધાનમંત્રી સહજ વીજળી હર ઘર યોજના (સૌભાગ્ય), દીન દયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના (DDUGJY) અને રાષ્ટ્રીય વીજળી ભંડોળ (NEF) માટે નોડલ એજન્સી રહી છે.

# કેન્દ્રીય આરોગ્ય સચિવે ૭૭મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીના પૂર્ણ સત્રને સંબોધન કર્યું

## ભારતે ૧,૬૦,૦૦૦થી વધારે આયુષ્માન આરોગ્ય આરોગ્ય કેન્દ્રો કાર્યરત કરીને સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચને પ્રોત્સાહન આપવા માટે આયુષ્માન ભારત એટલે કે "લીવ લોંગ ઇન્ડિયા"ની શરૂઆત કરી છે : કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ

**। નવી દિલ્હી, તા.૨૯ ।**

કેન્દ્રીય આરોગ્ય સચિવે તેમના સંબોધનની શરૂઆત વસુધૈવ કુટુમ્બકમની વર્ષો જૂની ભારતીય પરંપરા સાથે આ વર્ષની થીમ, "બધા માટે સ્વાસ્થ્ય, બધા માટે આરોગ્ય"ની સમાનતાને પ્રકાશિત કરીને કરી હતી, જેનો અર્થ થાય છે "વિશ્વ એક પરિવાર છે". તેમણે જણાવ્યું કે આ થીમ હેઠળ, "ભારતે ૧,૬૦,૦૦૦ થી વધુ આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો (આયુષ્માન આરોગ્ય મંદિર) કાર્યરત કરીને સાર્વત્રિક આરોગ્ય કવરેજને પ્રોત્સાહન આપવા માટે આયુષ્માન ભારત એટલે કે "લીવ લોંગ ઈન્ડિયા" શરૂ કર્યું".

શ્રી અપૂર્વ ચંદ્રાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, **WHO SPAR**ના અહેવાલ મુજબ, દક્ષિણપૂર્વ એશિયા રિજન અને વૈશ્વિક સરેરાશથી વધારે હોય તેવી કોઈ પણ આરોગ્યલક્ષી કટોકટીને શોધવા, તેનું મૂલ્યાંકન કરવા, તેનો અહેવાલ આપવા અને તેને પ્રતિસાદ આપવા માટે ભારત ૮૬ ટકા મુખ્ય ક્ષમતાસ્કોર ધરાવે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "છેલ્લાં દાયકાઓમાં મેટરનલ મોર્ટાલિટી રેશિયો (એમએમઆર) અને શિશુ મૃત્યુ દર (આઈએમઆર)માં નોંધપાત્ર ઘટાડો દર્શાવતો ભારત એસડીજી લક્ષ્યાંકો હાંસલ કરવાનાં માર્ગે અગ્રેસર છે. તેમણે જણાવ્યું હતું કે, અત્યારે ભારત વિસ્કેરલ લીશમેનિયાસિસ (વીએલ) રોગને નાબૂદ કરવાની અણી પર છે અને ટીબીની ઘટનાઓ અને મૃત્યુદરમાં પણ ઘટાડો થયો છે."

તેમણે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમ-જેએવાય) પર પણ ભાર મૂક્યો હતો, જે દુનિયાની સૌથી મોટી સ્વાસ્થ્ય વીમા યોજના છે, જે ૩૪.૩ કરોડથી વધારે લાભાર્થીઓને દ્વિતીયક અને તૃતીયક સારસંભાળ માટે હોસ્પિટલમાં દાખલ થવા માટે દર વર્ષે કુટુંબદીઠ ૬૦૦૦ ડોલરનું સ્વાસ્થ્ય કવચ પ્રદાન કરે છે, જેનાથી ખિસ્સામાંથી બહારનો ખર્ચ ઓછો થાય છે. હેલ્થકેરમાં ડિજિટલ પહેલો સાથે તેમણે જણાવ્યું હતું કે, "ભારત વૈશ્વિક સહયોગ માટે ડિજિટલ જાહેર ચીજવસ્તુઓમાં દિવાદાંડી દેશ તરીકે ઉભરી આવ્યો છે."

કેન્દ્રીય આરોગ્ય સચિવે ભારપૂર્વક જણાવ્યું હતું કે "તબીબી પ્રતિકારની સમાન પહોંચ એ બધા માટે મૂળભૂત અધિકાર હોવો જોઈએ".

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે સતત હકારાત્મક રીતે વિચારવાનો તમારો ગુણ તમને વળતર અપાવશે. કેમ કે તમે તમારા પ્રયાસમાં સફળ થવાના છો. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે। ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે ગુસ્સાની લહેર વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આજે તમે કોઈકનું દિલ તૂટતા અટકાવશો. નવા વિચારો ઉત્પાદક હશે. બાકી રહી ગયેલા કાર્યોને જલ્દીથી ઉકેલવા રહ્યા અને તમ જાણો છો કે તમારે ક્યાંકથી તો શરૂઆત કરવી જ પડશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. પરિવારના સભ્યો સાથે વિતાવવા માટે તમને ખાસ્સો સમય મળશે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે. સાવધાનીપૂર્વક પગલાં લેવાનો દિવસ- આથી જ્યાં સુધી તમને વિશ્વાસ ન બેસે કે તમારા વિચારો નિષ્ફળ નહીં જાય, ત્યાં સુધી તેમને રજૂ ન કરતા.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા। તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.

**સિંહ (મ,ટ) :**

આજે કોઈ ભૂતકાળનો ખરાબ નિર્ણય હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેની દ્વિધામાં પડી જશો- અન્યો પાસેથી મદદ લો. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો-તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે. આજે તમે પ્રેમની પીડા અનુભવશો.

**તુલા (ર,ત) :**

આજે તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો. તમારૂં કામ ઓછી મહત્વતા પ્રાપ્ત કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ખાસ કરીને ખૂલ્લામાં પડ્યું હોય એવું ખાણું ખાતા નહીં કેમ કે તેનાથી તમે માંદા પડી શકો છો. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો.

**મકર (ખ,જ) :**

આજે માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દૃઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે. પ્રેમ જીવન ગતિશીલ હશે. તમારામાં ઘણું બધું પ્રાપ્ત કરવાની ક્ષમતા છે-આથી તમારી સામે આવતી તકોની પાછળ લાગો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે થોડુંક ટેન્શન તથા કેટલાક મતભેદો તમને અજંપ તથા બેચેન કરી મુકશે. બીજા દિવસો ની સરખામણી માં આજ નુ દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. તમારા પ્રેમને કોઈ અલગ નહીં કરી શકે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. તમારું પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે.

### પુતિને આપી ચેતવણી... આગ સાથે રમશો નહીં

# ફ્રાન્સ-જર્મનીએ કહ્યું- યુક્રેનને રશિયાની અંદર હુમલો કરવાની છૂટ આપવી જોઈએ

### રશિયા અને યુક્રેન વચ્ચે ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ શરૂ થયેલ યુદ્ધ, બીજા વિશ્વયુદ્ધ પછીનું સૌથી ઘાતક યુદ્ધ છે, જે પશ્ચિમી દેશો માને છે કે પુતિન વૈશ્વિક યુદ્ધનું જોખમ વધારી રહ્યા છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

ફ્રાન્સ અને જર્મનીના નેતાઓએ મંગળવારે કહ્યું કે યુક્રેનને રશિયાની અંદરના લશ્કરી સ્થળો પર હુમલો કરવાની મંજૂરી આપવી જોઈએ જ્યાંથી યુક્રેનિયન પ્રદેશ પર મિસાઈલો છોડવામાં આવી રહી છે, પરંતુ અન્ય લક્ષ્યોને નહીં. અગાઉ, રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને ચેતવણી આપી હતી કે નાટોના સભ્ય દેશો યુક્રેનને રશિયાની અંદર હુમલો કરવા માટે પશ્ચિમી દેશો દ્વારા પૂરા પાડવામાં આવતા હથિયારોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો પ્રસ્તાવ કરીને આગ સાથે રમી રહ્યા છે. તેમણે કહ્યું કે આનાથી વૈશ્વિક સંઘર્ષ શરૂ થઈ શકે છે.ન્યૂઝ એજન્સી રોઈટર્સ અનુસાર, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને જર્મનીના મેસેબર્ગમાં જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'અમે યુક્રેનને સમર્થન આપીએ છીએ અને અમે તણાવ નથી ઈચ્છતા, આમાં કોઈ ફેરફાર થયો નથી. અમે માનીએ છીએ કે યુક્રેનને રશિયાની અંદરની તે સૈન્ય સાઈટ્સને નષ્ટ કરવાની મંજૂરી આપવી જોઈએ જ્યાંથી મિસાઈલો છોડવામાં આવે છે, તે લશ્કરી સાઈટ્સ કે જ્યાંથી યુક્રેન પર હુમલો કરવામાં આવે છે. પરંતુ આપણે યુક્રેનને રશિયામાં અન્ય લક્ષ્યો અને નાગરિક અથવા લશ્કરી સ્થળો પર હુમલો કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં.જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે કહ્યું કે તેઓ મેક્રોન સાથે સંમત છે. તેમણે કહ્યું, 'જ્યાં સુધી યુક્રેન અમેરિકા અને આંતરરાષ્ટ્રીય કાયદા સહિત હથિયાર સપ્લાય કરનારા દેશો દ્વારા આપવામાં આવેલી શરતોનું સન્માન કરે છે, ત્યાં સુધી તેને પોતાનો બચાવ કરવાની છૂટ છે. યુક્રેન જે કરી રહ્યું છે તેના માટે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ દરેક છૂટ છે. આ સ્પષ્ટપણે જણાવવું જોઈએ. મને તે વિચિત્ર લાગે છે જ્યારે કેટલાક લોકો દલીલ કરે છે કે યુક્રેનને પોતાનો બચાવ કરવા અને યોગ્ય પગલાં લેવાની મંજૂરી આપવી જોઈએ નહીં.રશિયા અને યુક્રેન વચ્ચે ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨થી શરૂ થયેલું યુદ્ધ, બીજા વિશ્વયુદ્ધ પછીનું સૌથી ઘાતક યુદ્ધ છે, જે પશ્ચિમી દેશો માને છે કે પુતિન વૈશ્વિક યુદ્ધનું જોખમ વધારી રહ્યા છે, જ્યારે પશ્ચિમી નેતાઓ તેને ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. નાટોના સેક્રેટરી જનરલ જેન્સ સ્ટોલ્ટનબર્ગે કહ્યું કે જોડાણના સભ્યોએ યુક્રેનને પશ્ચિમી શસ્ત્રો સાથે રશિયા પર હુમલો કરવાની મંજૂરી આપવી જોઈએ. તેમના વિચારને ટ્રાન્સએટલાન્ટિક જોડાણના કેટલાક યુરોપિયન સભ્યો દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.

### વીડિયો થયો વાયરલ

# ભારતીય સૈનિકોએ 'ટગ ઓફ વોર'માં ચીની સૈનિકોને હરાવ્યા

### ભારત અને ચીન વચ્ચે સરહદ વિવાદ હંમેશા મોટો મુદ્દો રહ્યો છે, દરરોજ વિપક્ષ આ અંગે સરકારને ઘેરી રહ્યો છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

ભારત અને ચીન વચ્ચે સરહદ વિવાદ હંમેશા મોટો મુદ્દો રહ્યો છે. દરરોજ વિપક્ષ આ અંગે સરકારને ઘેરી રહ્યો છે. આ બધાની વચ્ચે ભારતીય સેનાના જવાનોએ ટગ ઓફ વોરમાં ચીની સૈનિકોને આસાનીથી હાર આપી હતી. આનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. હકીકતમાં, સંયુક્ત રાષ્ટ્ર પીસ કીપિંગ મિશન હેઠળ આફ્રિકાના સુદાનમાં તૈનાતી દરમિયાન ભારતીય સૈનિકો અને ચીની સૈનિકો વચ્ચે રમતગમતની સ્પર્ધા યોજાઈ હતી.મંગળવારે માહિતી આપતાં સેનાના એક અધિકારીએ કહ્યું કે, બંને દેશોના સૈનિકો ટગ ઓફ વોરમાં સામસામે હતા. બંને દેશોના સૈનિકો વચ્ચે આ ખૂબ જ રોમાંચક સ્પર્ધા હતી. જેમાં ભારતીય સૈનિકોએ ચીની સૈનિકોને હરાવ્યા હતા. આ દરમિયાન સમગ્ર રમતની વીડિયોગ્રાફી પણ કરવામાં આવી હતી.

જેમાં ભારતીય સૈનિકો જીત બાદ જશ્ન મનાવતા જોવા મળે છે. વીડિયો વાયરલ થયા બાદ ભારતીયો પણ ગર્વ અનુભવી રહ્યા છે.તમને જણાવી દઈએ કે યુનાઈટેડ નેશન્સ પીસ કીપિંગ મિશનનો ઉદ્દેશ્ય યુદ્ધ પ્રભાવિત દેશોમાં ટકાઉ સુરક્ષા અને શાંતિ સ્થાપિત કરવાનો છે. શીત યુદ્ધના સમયથી, સંયુક્ત રાષ્ટ્રના શાંતિ રક્ષા મિશનની રચના ઝડપથી દુશ્મનાવટનો અંત લાવવા, નાગરિકોનું રક્ષણ કરવા અને લાંબા ગાળાની શાંતિ અને સુરક્ષાને ટેકો આપવા માટે કરવામાં આવી છે. આ માટે શાંતિ કરાર લાગુ કરવા માટે લશ્કરી કાર્યવાહી અને મુત્સદ્દીગીરીની જરૂર છે.

### 'પાકિસ્તાને ભારત સાથેનો કરાર તોડ્યો...'

# નવાઝ શરીફે ૨૫ વર્ષ બાદ પોતાની કરેલી ભૂલ સ્વીકારી

### તત્કાલીન આમી ચીફ પરવેઝ મુશર્રફે ગુપ્ત રીતે પોતાની સેનાને કારગીલમાં મોકલી હતી, જેના કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચે મોટા પાયે યુદ્ધ થયું હતું

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

ભૂતપૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફે સ્વીકાર્યું છે કે પાકિસ્તાને ૧૯૯૯ના લાહોર કરારનું ઉલ્લંઘન કર્યું હતું. આ કરાર પર ભારતના તત્કાલિન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ હસ્તાક્ષર કર્યા હતા. તેમણે જનરલ પરવેઝ મુશર્રફના કારગીલમાં ઘૂસણખોરીનો આડકતરો ઉલ્લેખ કરતા કહ્યું, ''તે અમારી ભૂલ હતી.''પાકિસ્તાનના પૂર્વ પીએમ શરીફે પોતાની પાર્ટીની બેઠકમાં સ્વીકાર્યું કે, ''૨૮ મે, ૧૯૯૮ના રોજ પાકિસ્તાને પાંચ પરમાણુ પરીક્ષણો કર્યા હતા. તે પછી વાજપેયી સાહેબે અહીં આવીને અમારી સાથે કરાર કર્યો હતો પરંતુ અમે તે કરારનું ઉલ્લંઘન કર્યું હતું. ભૂલ.''લાહોર સમજૂતી, બે લડતા પાડોશીઓ વચ્ચેનો શાંતિ કરાર, શાંતિ અને સુરક્ષા જાળવવા અને બંને દેશો વચ્ચે લોકો-થી-લોકોના સંપર્કોને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જો કે નવાઝ શરીફના કહેવા મુજબ પાકિસ્તાને થોડા સમય બાદ કારગીલમાં ઘૂસણખોરી કરીને તેનું ઉલ્લંઘન કર્યું હતું. પાકિસ્તાની સેનાની આ ઘૂસણખોરીને કારણે કારગિલ યુદ્ધ થયું હતું.

પાકિસ્તાનના તત્કાલિન આમી ચીફ પરવેઝ મુશર્રફે માર્ચ ૧૯૯૯માં પોતાની સેનાને ગુપ્ત રીતે જમ્મુ-કાશ્મીરના કારગિલ જિલ્લામાં ઘૂસણખોરી કરવાનો આદેશ આપ્યો હતો. જ્યારે ભારતને આ ઘૂસણખોરીની જાણ થઈ ત્યારે મોટા પાયે યુદ્ધ છેડાયું હતું. નવાઝ શરીફ વડાપ્રધાન હતા ત્યારે ભારત યુદ્ધ જીત્યું હતું. વાસ્તવમાં, આજે પાકિસ્તાને તેના પ્રથમ પરમાણુ પરીક્ષણની ૨૬મી વર્ષગાંઠની ઉજવણી કરી છે.''પ્રમુખ બિલ ક્લિન્ટને પાકિસ્તાનને પરમાણુ પરીક્ષણો કરવાથી રોકવા માટે પાંચ બિલિયન યુએસ ડોલરની ઓફર કરી હતી, પરંતુ મે ઈનકાર કર્યો હતો,'' તેમણે તેમની

પાટી પાકિસ્તાન મુસ્લિમ લીગ (નવાઝ) અથવા પીએમએલએનની બેઠકમાં જણાવ્યું હતું. ઈમરાન ખાન પર નિશાન સાધતા તેમણે કહ્યું, ''જો (પૂર્વ વડાપ્રધાન) ઈમરાન જેવા લોકો મારી સીટ પર હોત તો તેઓએ ક્લિન્ટનની ઓફર સ્વીકારી હોત.''પનામા પેપર્સ કેસમાં પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ત્રણ વખત વડાપ્રધાન રહી ચૂકેલા નવાઝ શરીફને પીએમ પદ છોડવું પડ્યું હતું. બાદમાં તેને બ્રિટન શિફ્ટ થવું પડ્યું. છ વર્ષ બાદ મંગળવારે તેઓ પીએમએલ-એનના 'નિરોધ' પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. નવાઝે તેમની સામેના તમામ કેસોને ખોટા ગણાવ્યા, જેના કારણે તેમને ૨૦૧૭માં વડાપ્રધાન પદ છોડવું પડ્યું.એવો પણ આરોપ છે કે તેમને પીએમ પદ પરથી હટાવવામાં આવ્યા હતા જેથી ઈમરાન ખાનને સત્તામાં લાવી શકાય. જે હાલ ભ્રષ્ટાચારના આરોપમાં જેલમાં છે. તેણે ૨૦૧૪માં વડાપ્રધાન પદેથી રાજીનામું આપવા માટે આઈએસઆઈ ચીફ તરફથી મળેલા સંદેશનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, 'જ્યારે મેં ના પાડી તો તેણે મારું ઉદાહરણ બનાવવાની ધમકી આપી.'

### ગુરુગ્રામમાં સ્કૂલ ટીચરની ધરપકડ

# સ્ટુડન્ટને ઈન્સ્ટાગ્રામ પર ફોલો કરવાની ફરજ પાડી, 'અશ્લીલ' મેસેજ મોકલ્યા...

### વીરેન્દ્ર વિજે કહ્યું કે શિક્ષક સંજુ વર્માએ પહેલા છોકરીને ઈન્સ્ટાગ્રામ પર ફોલો કરવાની વિનંતી સ્વીકારવા દબાણ કર્યું

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

હરિયાણાના ગુરુગ્રામમાં ગુરુ-શિષ્યની પરંપરાને કલંકિત કરતા એક સમાચાર સામે આવ્યા છે. અહીંની એક ખાનગી શાળાના શિક્ષકની મંગળવારે સાતમાં ધોરણમાં ભણતી એક છોકરીની છેડતી કરવા અને અશ્લીલ મેસેજ મોકલવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. ઢઝઁ (મહિલા વિરુદ્ધ અપરાધ) વીરેન્દ્ર વિજે આ માહિતી આપી હતી.તેણે જણાવ્યું કે શિક્ષક સંજુ વર્માએ પહેલા છોકરીને ઈન્સ્ટાગ્રામ પર ફોલો કરવાની વિનંતી સ્વીકારવા માટે દબાણ કર્યું. આ પછી આરોપી શિક્ષકે તેને એપ પર અશ્લીલ મેસેજ મોકલવાનું શરૂ કરી દીધું. મામલાની માહિતી મળ્યા બાદ પીડિતાના પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.બાળકીના પિતાએ જણાવ્યું કે તેની પુત્રીએ તેની માતાના એકાઉન્ટ દ્વારા વર્માને ઈન્સ્ટાગ્રામ પર ફોલો કર્યા હતા. પીડિતાના પિતાએ પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ''આ પછી તરત જ વર્માએ મારી પુત્રીને મેસેજ મોકલવાનું શરૂ કર્યું.

### પોપ ફ્રાન્સિસે તેમના નિવેદન બદલ માફી માંગી

# ઇટાલીમાં LGBT સમુદાય પર અપમાનજનક ટિપ્પણી કરી

### પોપ ફ્રાન્સિસ, ૮૭, તેમના ૧૧-વર્ષના પોપ પદ દરમિયાન એલજીબીટી સમુદાય સુધી પહોંચવા માટે ઓળખવામાં આવ્યા છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

પોપ ફ્રાન્સિસે કથિત રીતે LGBT સમુદાય માટે અપમાનજનક શબ્દનો ઉપયોગ કર્યો હતો. તે ગયા અઠવાડિયે ઈટાલીમાં હતો જ્યારે તેણે ઈટાલિયન બિશપ સાથે બંધ બારણે બેઠક દરમિયાન ગે લોકો વિશે અપમાનજનક ટિપ્પણી કરી હતી. હવે તેમના તરફથી એક નિવેદન જારી કરવામાં આવ્યું છે, જેમાં તેણે માફી માંગી છે. પોપ ફ્રાન્સિસે હવે ઈટાલિયન બિશપ સાથેની બેઠક દરમિયાન LGBT સમુદાય માટે અપમાનજનક શબ્દનો ઉપયોગ કરવા બદલ માફી માંગી છે. તેમના દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તેમનો હોમોફોબિક ભાષાનો ઉપયોગ કરવાનો કોઈ ઈરાદો નથી.વેટિકનના પ્રવક્તા માટ્ટેઓ બ્રુનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''પોપનો ક્યારેય પોતાને અપરાધ કરવાનો કે હોમોફોબિક શબ્દોમાં અભિવ્યક્ત કરવાનો ઈરાદો નહોતો અને તેઓ તે લોકો માટે માફી માંગે છે જેઓ આ શબ્દના ઉપયોગથી નારાજ થયા હતા.''પોપે બિશપ સાથે એક ખાસ બંધ-દરવાજાની બેઠક યોજી હતી, જે દરમિયાન તેમણે કથિત રીતે અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી, જે ઈટાલિયન મીડિયા દ્વારા વ્યાપકપણે નોંધવામાં આવી હતી.અહેવાલો અનુસાર, પોપ ફ્રાન્સિસે ઈટાલિયન શબ્દ "ફ્રોસિયાગીન" નો ઉપયોગ કર્યો હતો, જેનો અંદાજે અનુવાદ "ફેગોટનેસ" અથવા "ફેગોટ્રી" થાય છે. વેટિકને ભારપૂર્વક જણાવ્યું હતું કે પોપ સમલૈંગિક અહેવાલોથી "જાણકાર" છે અને એક સમાવિષ્ટ અને આવકારદાયક ચર્ચને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે.

### વીર સાવરકર ફ્લાયઓવરના સાઈનબોર્ડને કાળા કરવાના

# આરોપમાં પોલીસે એનએસયુઆઈના ત્રણ કાર્યકરોની ધરપકડ કરી છે

### પોલીસે કહ્યું કે અમે આરોપીઓ સામે પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપટી એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

કર્ણાટકમાં ફ્લાયઓવર પર હિંદુત્વના વિચારક વીર સાવરકરના નામના સાઈનબોર્ડને બ્લેક કરવા બદલ પોલીસે ૩ NSUI કાર્યકરોની ધરપકડ કરી છે. આ ઘટના મંગળવારે વીર સાવરકર જયંતિ નિમિત્તે બની હતી.પોલીસે જણાવ્યું કે યેલાહંકામાં વીર સાવરકરના નામ પર ફ્લાયઓવરનું સાઈનબોર્ડ તોડવાના આરોપમાં ત્રણ NSUI કાર્યકરોની ધરપકડ કરવામાં આવી છે.પોલીસના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ પાટીની વિદ્યાથી પાંખ નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI)ના કાર્યકરોએ ફ્લાયઓવરનું નામ બદલવાની માંગ સાથે વિરોધ કર્યો હતો. તેઓએ બોર્ડ પર કથિત રીતે સરવરકરનું નામ કાળું કર્યું અને 'ભગત સિંહ ફ્લાયઓવર' નામનું બેનર લગાવ્યું. આ દરમિયાન તેઓએ ભગત સિંહની તસવીરો બતાવી અને ઈન્કલાબ ઝિંદાબાદના નારા પણ લગાવ્યા. બાદમાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી સાઈનબોર્ડ પરથી બેનર હટાવી તેની સફાઈ કરી હતી.એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, "તેઓએ બોર્ડ પર કાળો રંગ લગાવ્યો હતો. અમે પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપટી એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે અને ત્રણ લોકોની ધરપકડ કરી છે. તેઓએ NSUI સ્કાર્ફ પહેર્યા હતા,'' એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. તે ફરી એકવાર સાબિત થયું છે કે PFI, @INCKarnataka ના વેશમાં, રાજ્ય સરકાર ચલાવતી આતંકવાદી સંસ્થા છે.તે જ સમયે, કર્ણાટક વિધાનસભામાં વિપક્ષના નેતા આર અશોકે આ ઘટના પર પ્રતિક્રિયા આપતા કોંગ્રેસની ટીકા કરતા કહ્યું કે કોંગ્રેસે ઘણા સમય પહેલા મહાત્મા ગાંધી અને બાબાસાહેબ આંબેડકરના મૂલ્યોને છોડી દીધા છે, જેમણે વીર સાવરકરની પ્રશંસા કરી હતી. પરંતુ તેમનામાં ઈન્દિરા ગાંધી વિશે શું, જેમણે વીર સાવરકરને એક મહાન ક્રાંતિકારી તરીકે પણ પૂજ્યા હતા?તેમણે વધુમાં કહ્યું કે શું સીએમ સિદ્ધારમૈયા અને ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે પણ ઈન્દિરા ગાંધીને માત્ર એટલા માટે છોડી દીધા છે કારણ કે તે તેમની સંકુચિત અને કટ્ટર મત બેંકની રાજનીતિને અનુરૂપ નથી? કર્ણાટકમાં @RahulGandhi ની ભારત જોડો યાત્રામાં વીર સાવરકરનો ફોટો શોભતો હતો, @INCKarnataka અને તેની આનુષંગિક બેંગલુરુમાં વીર સાવરકર ફ્લાયઓવરના સાઈનબોર્ડને બદનામ કરીને વીર સાવરકરને બદનામ કરવાનું ચાલુ રાખે છે.

### મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ અમદાવાદ ખાતે મતગણતરી કેન્દ્રોની મુલાકાત લીધી

# અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક માટે એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ અને અમદાવાદ પશ્ચિમ લોકસભા બેઠક માટે ગુજરાત કોલેજ ખાતે તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી

**। (માહિતી) અમદાવાદ, તા.૨૯ ।**

તારીખ ૪ જૂનના રોજ સમગ્ર રાજ્યમાં લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત મતગણતરી યોજાનાર છે. રાજ્યભરમાં મતગણતરી કેન્દ્રો તૈયાર કરવાની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ અમદાવાદ ખાતે મતગણતરી કેન્દ્રોની મુલાકાત લઈને તૈયારીઓની સમીક્ષા કરી હતી. અમદાવાદની એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ ખાતે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકની મતગણતરી થનાર છે, તો ગુજરાત કોલેજ ખાતેથી અમદાવાદ પશ્ચિમ બેઠકની મતગણતરી કરવામાં આવશે.

મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી.ભારતી અને સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી એ. બી. પટેલે બંને મતગણતરી કેન્દ્રોની મુલાકાત લઈને મતગણતરી અંગેની વ્યવસ્થાઓ તથા સુરક્ષા વ્યવસ્થા સહિતની તૈયારીઓ નિહાળી હતી તેમજ આ બાબતે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ મુલાકાત દરમિયાન જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે., જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કર અને સુશ્રી નેહા ગુપ્તા સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પોલીસ કમિશનરશ્રી જી.એસ. મલિક તથા અધિક પોલીસ કમિશનરશ્રી સેક્ટર-૧ તેમજ અન્ય પોલીસ અધિકારીઓ દ્વારા ગાયકવાડ હવેલી પો.લાઈન, ગોમતીપુર પો. લાઈન તથા દાણીલીમડા પો. બાપુનગર પો. લાઈનમાં ચાલી રહેલ સમર કેમ્પની મુલાકાત લીધી હતી.

# શ્રી પરમેશ્વર ફુંકવાલએ ઈસ્ટ કોસ્ટ રેલવેના જનરલ મેનેજરનું પદ સંભાળ્યું

। અમદાવાદ, તા.૨૯ ।

શ્રી પરમેશ્વર ફુંકવાલ, આઈ.આર.એમ.એસ. એ ઈસ્ટ કોસ્ટ રેલવેમાં જનરલ મેનેજરનું પદ સંભાળ્યું છે. તેઓ આઈ.આઈ.ટી. કાનપુરના પૂર્વ વિદ્યાર્થી છે અને ભારતીય રેલવે એન્જિનિયરીંગ સેવા (આઈ.આર.એસ.ઈ)ના ૧૯૮૮ બેચના અધિકારી છે. દાયકાઓના ઉલ્લેખનીય કાર્યકાળની સાથે, તેમણે ડી.આર.એમ./રાજકોટ, એ.ડી.આર.એમ./અમદાવાદ, અધ્યક્ષ/આર.આર.બી. અમદાવાદ અને કાર્યકારી નિદેશક/આર.ડી.એસ.ઓ. જેવા કેટલાક મહત્વપૂર્ણ વિભાગોનો કાર્યભાર કુશળતાપૂર્વ સંભાળ્યો છે. ઈસ્ટ કોસ્ટ રેલવેમાં પોતાની નિમણૂંકથી પહેલાં, શ્રી ફુંકવાલ પશ્ચિમ રેલવે, મુંબઈમાં પ્રધાન મુખ્ય એન્જિનિયર તરીકે કાર્યરત હતા. તેમણે આર.ડી.એસ.ઓ. માં પોતાના કાર્યકાળ દરમિયાન ગતિ વધારવા માટે પાટાઓ અને પુલોના ક્ષેત્રમાં નવીન ટેકનોલોજીને રજૂ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. રેલવે એન્જિનિયરીંગ સિવાય, તેમને માનવ સંસાધન કાર્યો, અનુસંધાન અને ડિઝાઈન તેમજ સામાન્ય પ્રશાસનમાં બહોળો અનુભવ છે. તેમણે આંતરરાષ્ટ્રીય પત્રિકાઓમાં ટ્રેક, બ્રિજ અને પર્યાવરણ એન્જિનિયરીંગ અંગે કેટલાક શોધ પત્ર પ્રકાશિત કર્યા છે. તેમણે બેઈજીંગ (ચીન), કાલગામાં ઈન્ટરનેશનલ હેવી હૉલ એસોસિએશન (આઈ.એચ.એચ.એ.) સમ્મેલનોમાં પણ શોધ પત્ર રજૂ કર્યા છે.

# ગાંધીનગર ખાતે SITના સભ્યો સાથે ગૃહરાજ્યમંત્રીની બેઠક મળી

## તપાસ ઘણો સમય માંગી લે તેમ છે, મૃતકોની આત્માને શાંતિ મળે તે પ્રકારની ન્યાયિક કામગીરી કરવામાં આવશે : SITના વડા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

રાજકોટ અગ્નિકાંડ મામલે ગાંધીનગર ખાતે SITના સભ્યો સાથે ગૃહરાજ્યમંત્રીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બેઠક બાદ મીડિયા સાથે વાત કરતાં SITના વડા સુભાષ ત્રિવેદીએ જણાવ્યું કે, આ ઘટનામાં લોકોના જીવ ગયા છે આમાં જે કોઈ જવાબદાર હોય તેને શોધી તેના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માટે ગૃહમંત્રીએ સૂચના આપી છે. એમણે ચિંતા વ્યક્ત કરી છે કે, ભવિષ્યમાં કોઈપણ પ્રકારનો આવો બનાવ ન બને તેવી સિસ્ટમ બનવી જોઈએ. આમાં જે કોઈ અધિકારી કે પદાધિકારી હશે, તેમની પૂછપરછ કરવામાં આવશે. પૂછપરછ બાદ યોગ્ય રીતે આંકલન કરીને સરકારને રિપોર્ટ આપવામાં આવશે.આમાં તપાસ ઘણો સમય માંગી લે તેમ છે. મૃતકોની આત્માને શાંતિ મળે તે પ્રકારની ન્યાયિક કામગીરી કરવામાં આવશે.

SITના વડા સુભાષ ત્રિવેદીએ વધુમાં જણાવ્યું હતું કે, પહેલીવાર સ્થળની મુલાકાત લીધી ત્યારે અમારામાં પણ તમારી જેમ જ આક્રોશ અને વેદના છે. બધા આઈએસ અને આઈપીએલ અધિકારીને બોલાવીને પૂછપરછ માટેની સૂચના ગૃહમંત્રીએ આપી છે. કોઈપણ હોય તે તમામની પૂછપરછ કરવામાં આવશે. એક-બે દિવસમાં જ તમામ અધિકારીઓને બોલાવવામાં આવશે અને ઈન્ટ્રોગેશન કરવામાં આવશે. કાટમાળ તોડીને નાશ કરવાનો આશ્રય બિલકુલ નહોતો. અંદર કોઈ છે કે કેમ, ગુમ લોકોના કોઈ અવશેષો છે કે કેમ, તેના આધારે આપણે ડીએનએ લઈ શકીએ તેના માટે થયેલ છે. તુરંત જ જવાબદારો સામે કાર્યવાહી કરવાની હતી એટલે પ્રાથમિક રીતે જે સામે આવ્યું હતું એની રજૂઆત કરી છે. જે પણ વિભાગના અધિકારી જવાબદાર છે એની સામે કાર્યવાહી કરવા સૂચના આપી છે.

SITના વડા સુભાષ ત્રિવેદીએ ઉમેર્યું હતું કે, જે લેવલના અધિકારી કે પદાધિકારીની પુછપરછ કરીને આંકલન બાદ સરકારને રિપોર્ટ કરાશે. સરકારના ઘણા વિભાગ સંકળાયેલા હોવાથી તપાસમાં સમય માંગી લે એમ છે.ડીજીપી જાતે જ સુપરવિઝન કરે છે.અમારી અંદર પણ આક્રોશ અને વેદના છે. ૨૪ કલાકમાં ફાઈલ મૂકાઈ છે એના આધારે નિર્ણય કરાયો છે. બધા જ આઈએએસ અને આઈપીએસ સહિત તમામ અધિકારીની પુછપરછ કરવામાં આવશે.ગુમ લોકોને શોધવા કે મૃતકના અવશેષ શોધવા માટે ડિમોલેશન કાર્યવાહી હાથ ધરાઈ છે. ૩૦ લિટરથી વધારે જથ્થો હોય તો મંજૂરી લેવાની હોય છે એટલે આ કિસ્સામાં રિપોર્ટ તૈયાર કર્યો છે. બીજી તરફ ક્રાઈમ બ્રાન્ચ ખાતે એમડી સાગઠીયાને પૂછપરછ માટે લાવવામાં આવ્યા છે. અગ્નિકાંડ સામે આવ્યા બાદ ટાઉન પ્લાનિંગ ઓફિસરના પદ પરથી એમડી સાગઠીયાને દૂર કરવામાં આવ્યા છે. એમડી સાગઠીયાનો ચાર્જ રૂડાના અધિકારીને આપવામાં આવ્યો છે.

# આગામી દિવસોમાં ગરમી ૨-૩ ડિગ્રી ઘટી શકે : હવામાન વિભાગ

## દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમી પવનો નીચેના સ્તરે પ્રવર્તિ રહ્યા છે, જેને પગલે આગામી દિવસોમાં ગરમી ઘટી શકે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ સહિત ગુજરાતમાં આ વર્ષે રેકોર્ડ બ્રેક ગરમી નોંધાઈ, પારો અત્યારે ૪૦ ડિગ્રી ઉપર પહોંચેલો છે. પરંતુ એક તબક્કો એવો હતો કે ગરમીને કારણે શહેરીજનો તોબા પોકારી ઉઠયા હતા. છતાં ગરમી ઓછી થવાની કોઈ શક્યતાઓ જણાતી ન હતી. જળવાયુ પરિવર્તનને પગલે આ વર્ષે ગરમી રેકોર્ડ બ્રેક સપાટીએ પહોંચી ગઈ એવું જાણવામાં આવી રહ્યું છે. જેને માટે સમગ્ર વિશ્વ જવાબદાર છે. તેથી જો આવનારા સમયમાં જો આ દિશામાં યોગ્ય અને નક્કર પગલાં લેવાંમાં નહીં આવે તો તેના પરિણામો ચોક્કસ ચિંતાજનક હોઈ શકે છે.

પરંતુ હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવેલી માહિતી મુજબ હવે ગુજરાતના લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળશે. આગામી દિવસોમાં ઉનાળો સમાપ્ત થશે અને ચોમાસું દસ્તક આપશે. આગામી દિવસોમાં ગરમી ઘટનાના સંકેત હવામાન વિભાગને જણાઈ રહયા આવી છે. અમદાવાદ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું. હવામાન વિભાગે જાહેર કરેલા આંકડા પ્રમાણે મંગળવારે ગુજરાતમાં સૌથી વધારે તાપમાન ૪૪.૧ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સૌથી ઓછું તાપમાન ૨૫.૪ ડિગ્રી રહ્યું હતું. ૪૪.૧ ડિગ્રી તાપમાન સાથે અમદાવાદ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. આ ઉપરાંત રાજકોટમાં ૪૩ ડિગ્રી, ગાંધીનગરમાં ૪૩.૪ ડિગ્રી, ભાવનગરમાં ૪૩.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત મોટા ભાગના વિસ્તારોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહ્યો હતો. એક હવામાંન જણાવતી સંસ્થા મુજબ આજે ૨૯ મે ૨૦૨૪ના રોજ ગરમી ગઈ કાલ કરતા એક ડિગ્રી ઘટશે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી રહેવાની શક્યતા છે જ્યારે લઘુત્તમ તાપમાન ૩૦ ડિગ્રી રહેશે. દિવસ દરમિયાન પવનની ગતિ ૨૦ કિલોમીટર પ્રતિકલાકની રહેશે જ્યારે હવાની ગુણવત્તા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ત્રણ દિવસ ગરમીમાં આંશિક ઘટાડો જોવા મળશે. તો દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમી પવનો નીચેના સ્તરે પ્રવર્તિ રહ્યા છે, જેને પગલે આગામી દિવસોમાં ગરમી ૨-૩ ડિગ્રી ઘટી શકે છે. હવામાન વિભાગ પ્રમાણે આજે ૨૯ મે ૨૦૨૪ના રોજ કચ્છ સૌરાષ્ટ્ર અને કેન્દ્ર શાસિત પ્રદેશો દિવ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે પવન ફૂંકાઈ શકે છે. જેના કારણે લોકોને ગરમીમાંથી રાહત મળી શકે છે. રાજ્યના મહત્વના શહેરોમાં ગરમીનો પારો જાણીએ કેટલો હતો , જેમા સૌ પ્રથમ અમદાવાદ ૪૪.૧મહત્તમ જ્યારે ૨૯.૦ લઘુત્તમ નોંધાઈ એજ પ્રમાણે ગાંધીનગર ૪૩.૪ અને લઘુત્તમ ૨૯.૨, સુરતમાં મહત્તમ ૩૪.૧,૨૯.૫ લઘુત્તમ ,વડોદરા ૪૦.૬ મહત્તમ અને ૨૯.૪ લઘુત્તમ અને આખરે રાજકોટમાં મહત્તમ તાપમાન ૪૩.૦ લઘુત્તમ ૨૬.૩નોંધાયું હતું. આ બાજુ ભારતીય હવામાન વિભાગે ચોમાસાને લઈ મોટી જાહેરાત કરી છે અને કહ્યું છે કે, કેરળમાં ચોમાસુ ટૂંક સમયમાં પહોંચી શકે છે.

# રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સિટીઓના અંડર ગ્રેજ્યુએટ (U.G.) કોર્ષની વિવિધ બેઠકોમાં પ્રવેશ માટે તા. ૨ જુન ૨૦૨૪ સુધી ઓનલાઇન રજીસ્ટ્રેશન કરી શકાશે

। અમદાવાદ, તા.૨૯ ।

રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓના હિતોને ધ્યાનમાં રાખી, બી.એ., બી.કોમ., બી.એસસી., બી.બી.એ., બી.સી.એ. સહિતના પ્રોગ્રામ અને અન્ય પ્રોગ્રામમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ય્ઝછજી (ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ) પોર્ટલ મારફત પ્રવેશ અંગે રજિસ્ટ્રેશન પ્રક્રિયા તા. ૧-૪-૨૦૨૪થી શરૂ કરેલ હતી.

વેકેશન કે અન્ય કારણોસર તા. ૨૮-૫-૨૦૨૪ને છેલ્લી તારીખ સુધીમાં ૪,૩૯,૮૬૫ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવેલ છે અને તે પૈકી ૨,૬૩,૧૧૫ વિદ્યાર્થીઓએ ફી ભરેલ છે. હજુ પણ વિદ્યાર્થી રજિસ્ટ્રેશન/ફી ભરી શક્યા નથી.

આ અંગે વિવિધ યુનિવર્સિટીઓ, કોલેજો અને વિદ્યાર્થીઓની રજૂઆત શિક્ષણ વિભાગને મળેલ હતી. આ બાબતે ગુજરાત રાજ્યના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમંત્રી સમક્ષ રજૂઆત કરતા વિદ્યાર્થીઓના વ્યાપક હિત અને શિક્ષણની અગત્યની બાબત ધ્યાને લઈ તેમની સૂચના અનુસાર હવે GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ) પોર્ટલ મારફતે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨ જૂન, ૨૦૨૪ સમય રાત્રે ૧૧.૫૯ સુધી લંબાવવામાં આવે છે.

રાજ્ય ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને આ તારીખ સુધીમાં અચૂક ફોર્મ તથા ફી ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા જાહેર થયેલ કેલેન્ડર મુજબ વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ જૂનના અંતમાં શરૂ કરવાનો હોઈ આ તારીખ કોઈ પણ સંજોગોમાં લંબાવવામાં આવશે નહીં તેમ રાજ્ય ઉચ્ચ શિક્ષણ વિભાગની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# હિંમતનગરના નાની બેબાર નજીક રાખેલી પાણીની વિશાળ પાઈપોમાં આગ લાગવાની ઘટના

। (એજન્સી) હિંમતનગર, તા.૨૯ ।

નર્મદા નદીના પાણીની પાઈપમાં આગ લાગવાની બે દિવસમાં બીજી ઘટના સામે આવી છે હતી જેમાં માલપુર નજીક એક ઘટના રવિવારે નોંધાયા બાદ હવે હિંમતનગરના નાની બેબાર નજીક રાખેલી પાણીની વિશાળ પાઈપોમાં ભીષણ આગ લાગવાની ઘટના સર્જાઈ હતી. પાણીની લોખંડની વિશાળ પાઈપોમાં આગ લાગવાની ઘટનાએ અનેક સવાલો પણ સર્જી દીધા છે. સુકા લાકડામાં આગ લાગી હોય એમ જ લોખંડની પાઈપો ભડકે બળવા લાગેલી જોઈને સ્થાનિકોમાં પં સવાલો ઊભા થયા હતા. આ લોખંડની પાઈપોમાં વળી આગ કેમ અને કેવી રીતે લાગે એ સવાલ થઈ રહ્યા છે. પહેલા માલપુર અને હવે હિંમતનગરમાં આગની ઘટનાએ સવાલ સર્જ્યા છે. મોડાસામાં કથિત નકલી સિંચાઈ કચેરીના આક્ષેપો વચ્ચે પાણીની પાઈપ લાઈન નાંખવાના માટે મૂકવામાં આવેલી પાઈપોમાં આગ લાગી છે.

# સરકારી નોકરીની લાલચ આપીને ૬૦ લાખ ખંખેરી લીધાની ફરિયાદ ઉઠી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાતમાં અગાઉ નકલી PMO, નકલી CMO અધિકારી, ગૃહરાજ્ય મંત્રીનો નકલી PA બાદ થોડા મહિના અગાઉ બોગસ સરકારી કચેરીનો પર્દાફાશ થઈ ચૂક્યો છે. ત્યારે આવામાં વધુ એક બનાવ સામે આવ્યો છે. જેમાં IAS અધિકારીની ટોળકીએ સરકારી નોકરીની લાલચ આપીને ૬૦ લાખ ખંખેરી લીધાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. મહત્વની વાત એ છે કે બોગસ પરીક્ષા પણ લઈ લેવામાં આવી હતી. કૌભાંડીઓએ કેન્દ્ર સરકારની ઉદ્યોગ નિગમ એકમ નામની ઓફિસમાં ભરતીના નામે ગુજરાતીમાં જાહેરાત પ્રસિદ્ધ કરી હતી. વર્ગ-૩ અને વર્ગ-૪માં ભરતી કરવામાં આવશે તેમ જણાવાયું હતું. કૌભાંડી ગેંગના એક ગુપ્તાએ પોતાને IAS હોવાનો દાવો કર્યો હતો.

### પકડાયેલા આતંકીની પૂછપરછમાં નવો ઘટસ્ફોટ

# આતંકીઓ યુવાનોને ISમાં જોડવાનું કામ પણ કરતા હતા

## આ આતંકીઓ પાકિસ્તાનના હેન્ડલર અબુની સાથે-સાથે શ્રીલંકાના હેન્ડલર ઓસમન્ડ ગેરાર્ડ સાથે સંપર્કમાં હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદના એરપોર્ટ પરથી ગુજરાત એન્ટી ટેરેરીસ્ટ સ્કવોડે થોડા દિવસો અગાઉ ચાર ISISના આતંકીઓની ધરપકડ કરી હતી. હવે આ આતંકીઓની તપાસમાં નવા-નવા ખુલાસા થઈ રહ્યાં છે. પૂછપરછ દરમિયાન એવી વાત બહાર આવી છે કે આ આતંકીઓ પાકિસ્તાનના હેન્ડલર અબુની સાથે-સાથે શ્રીલંકાના હેન્ડલર ઓસમન્ડ ગેરાર્ડ સાથે સંપર્કમાં હતા. આતંકીઓ મોહંમદ નુસરથ, મોહંમદ નફરાન, મોહંમદ રસદીન અને મોહંમદ ફરીસને રૂ ૪ લાખની શ્રીલંકન કરન્સીની વ્યવસ્થા ઓસમન્ડ ગેરાર્ડ કરી હતી. આ કરન્સીને શ્રીલંકાના હમીદ આમિર દ્વારા ચારેય આતંકીઓને પહોંચાડવામાં આવી હતી. આ ઈનપુટ ગુજરાતની ATS ટીમે શ્રીલંકાના ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટને આપતા શ્રીલંકા પોલીસે હેમદ આમિર સહિત ૨ વ્યક્તિની ધરપકડ કરી છે. શ્રીલંકાના હેન્ડલર ઓસમન્ડ ગેરાર્ડને વોન્ટેડ જાહેર કરીને ૨ મિલિયનનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે. આ હેન્ડલર શ્રીલંકાના દેમાટાગોડાનો રહેવાસી છે અને તે વારંવાર વેશપલટો કરીને રહેઠાણ બદલતો રહે છે. આ સિવાય ISની આતંકી પ્રવૃત્તિમાં કટ્ટરવાદી માનસિકતા ધરાવતા યુવકોને જોડવામાં એક મુસ્લિમ પ્રચારકનું નામ ખુલ્યું છે. જે રાષ્ટ્રીય તૌહીદ જમાત સંગઠનના પ્રચાર દ્વારા યુવાનોને ટ્રાગેટ કરે છે. આ આતંકીઓ પણ ૪૨ દિવસ આ પ્રચારક સાથે રહ્યા હોવાની વાત બહાર આવી છે. ગુજરાત ATSની તપાસમાં ખુલાસો થયો છે કે નોર્થ ઈન્ડિયાથી હથિયારો આવ્યા હતા. જેમાં પજાંબ, રાજેસ્થાન અને દિલ્હીમાં IS ના સ્લીપર સેલ સક્રિય હોવાની શંકાના આધારે ATSની ૩ ટીમોએ તપાસ શરૂ કરી છે. મહત્વનું છે કે તાજેતરમાં પંજાબમાં પાસ્કિતાન બોર્ડરથી ડ્રોન થી હથિયાર મોકલવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી છે. આ પ્રકારના હથિયાર આતંકીઓને આપ્યા હોવાથી ATS દ્વારા આ મુદ્દે તપાસ શરૂ કરી છે.

# સાબરકાંઠાના ગામડી ગામમાં ગામના તમામ પુરુષો ફરાર

। (એજન્સી) સાબરકાંઠા, તા.૨૯ ।

ગુજરાતના એક છેવાડાના ગામમાં હાલમાં એકપણ પુરુષ નથી માત્ર મહિલાઓ જ જોવા મળી રહી છે. ઘર-પરિવારની તમામ જવાબદારીઓ મહિલાઓ પર આવી પડી છે. સાબરકાંઠાના ગામડી ગામમાં છેલ્લા ૫ દિવસથી આ ગામના પુરુષો ફરાર છે. ગામડી ગામ પાસે તાજેતરમાં અકસ્માતના બનાવમાં ગામના એક વ્યક્તિનું મોત નીપજ્યા બાદ રોષે ભરાયેલા ગ્રામજનોએ નેશનલ હાઈવે બ્લોક કરી દીધો હતો. બ્લોક ખોલાવવા ગયેલી પોલીસ પર પણ પથ્થરમારો થયો હતો અને પોલીસ વાહન સળગાવી દીધું હતું. પોલીસે ટોળાને વિખેરવા ૧૨૦થી વધારે ટિયરગેસના શેલ છોડ્યા હતા. આ બનાવને લઈ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ૪૨ લોકો સામે નામજોગ સહિત ૭૦૦ના ટોળા સામે ગુનો નોંધાયો છે. જેથી પોલીસ પકડી ન જાય તે માટે ગામના તમામ પુરુષો ફરાર થઈ ગયાં છે. છેલ્લા ૫ દિવસથી ગામમાં કોઈપણ પુરુષ ફરક્યા નથી.

### ગુજરાત હાઇકોર્ટની ટકોર બાદ તંત્ર જાગ્યું

# રાજકોટમાં જ ૮ ગેમઝોન સંચાલકો સામે ફરિયાદ

## રાજકોટના વર્ષો જુના પ્રખ્યાત ક્રિષ્ના વોટર પાર્ક તેમજ ફન બ્લાસ્ટ સહિત ૮ ગેમ ઝોન સંચાલકો સામે ફરિયાદ

। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

સુરતમાં પણ સરકારી તંત્ર સક્રિય થયું છે. શહેરમાં ગેરકાયદેસર રીતે ચાતાં પાંચ ગેમઝોન સામે ગુનો નોંધાયો છે. રાંદેર, પાલ, વેસુ, ઉમરાના ૫ ગેમઝોનના માલિકો સામે પગલા લેવાયા છે. વડોદરા કોર્પોરેશન અને પોલીસ તંત્ર દ્વારા છેલ્લા ૩ દિવસમાં ફાયર એનઓસી વગર ચાલતા ગેમ ઝોન તેમજ હોસ્પિટલો, રેસ્ટોરન્ટો, શોપિંગ મોલો તેમજ કોમર્શીયલ બિલ્ડિંગોમાં ચેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. ગેમ ઝોન બંધ કરાવવા ઉપરાંત સીલ મારવાની અને નોટિસો આપવાની કાર્યવાહી કરવામાં હતી. આ કામગીરી માટે પાલિકાના વિવિધ વિભાગો તેમજ પોલીસતંત્રની ૧૬ ટીમો બનાવી કાર્યવાહી કરવામાં આવી છે. રાજકોટ અગ્નિકાંડની ગંભીરતાને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આ પ્રકારની દુર્ઘટનાનું ભવિષ્યમાં ક્યારેય પુનરાવર્તન ન થાય તેની તકેદારીના ભાગરૂપે રાજ્યભરમાં આ પ્રકારની જગ્યાઓ પર ખાસ ચેકીંગ કરવા સહિત અસરકારક કડક પગલાં સૂચનાઓ આપવામાં આવી છે. રાજ્યના તમામ પોલીસ કમિશનર તથા તમામ જીલ્લા પોલીસ વડાઓને ગેરકાયદેસર ચાલતા ગેમ ઝોનમાં ચેકીંગ કરવા સૂચના આપવામાં આવી છે. જે ગેમ ઝોનનું ફાયર NOC તથા લાયસન્સ મેળવેલ ન હોય તેવા સંચાલકો સામે ફરિયાદ દાખલ કરવા આદેશ આપવામાં આવ્યા છે.રાજકોટમાં TRP ગેમઝોનમાં થયેલ અગ્નિકાંડમાં ૨૮ લોકોના મૃત્યુ થયા બાદ હવે તંત્ર સફાળું જાગ્યું છે. ફાયર NOC ન હોય તેવા ૮ ગેમ ઝોન સંચાલકો સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. રાજકોટના વર્ષો જુના પ્રખ્યાત ક્રિષ્ના વોટર પાર્ક તેમજ ફન બ્લાસ્ટ સહિત ૮ ગેમ ઝોન સંચાલકો સામે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે. બીજી તરફ રાજકોટ કલેક્ટર કચેરી ખાતે કોંગ્રેસ અને NSUIએ હોબાળો કર્યો છે. ગેમ ઝોનમાં પેટ્રોલનો જથ્થો ક્યાંથી આવ્યો તે અંગે સવાલો ઉઠાવી પુરવઠા અધિકારીનુ રાજીનામું લેવા માંગ કરવામા આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨